# ''પરિશ્રમની કેડીએ''



**છોટુભાઇ જી. પરમાર**

4BGP2

4BGP2

# ''પરિશ્રમની કેડીએ''


: લેખક :

છોટુભાઈ જી. પરમાર

(ડિસ્ટ્રીબ્યુશન પ્રમોટર)

ગુ. ટ્રા. એન્ડ બુક સોસાયટી



: પ્રકાશક અને પ્રાપ્તિસ્થાન :

ગુજરાત ટ્રાક્ટ એન્ડ બુક સોસાયટી

સાહિત્ય સેવા સદન

એલિસબ્રિજ

અમદાવાદ-૩૮૦ ૦૦૬

: પ્રથમ આવૃત્તિ :

ફેબ્રુઆરી ૨૮-૧૯૯૭

નકલ ૧૦૦૦

કિંમત રૂપિયા - ૧૫

: મુદ્રક :

ફોટ્રોનિક્સ

નવરંગપુરા, અમદાવાદ-૬.



GUJARATI CHRISTIAN FELLOWSHIP
OF PHILADELPHIA
425 CENTRAL AVE.
CHELTENHAM, PA 19012-2103

# અર્પણ

છોટુભાઇ જી. પરમાર (ડીસ્ટ્રીબ્યુશન પ્રમોટર)નુ "**પરિશ્રમની કેડીએ**" પુસ્તક પ્રકાશન માટે **"એક અનામી કુટુંબ"** (U.S.A.) તરફથી આખા પુસ્તકનુ પૂરો ખર્ચ પ્રેમભેટ તરીકે ૨૮મે-૧૯૯૬ મા આપવામા આવ્યો છે. આથી આ પ્રભુપ્રેમી કુટુંબનો અમે હાર્દિક આભાર માનવામા આવે છે. અને આ પુસ્તકનુ ભાવભીનુ અર્પણ આ પ્રભુપ્રેમી કુટુંબને કરવામા આવે છે.

# અનુક્રમણિકા


| | પાન નંબર |
|---|---|
| લેખકના બે બોલ | ૧ |
| ડિસ્ટ્રીબ્યુશન પ્રમોટર તરીકે ટ્રા. એન્ડ બુક સોસાયટીમાં નિમણૂક | ૩ |
| પ્રસ્તાવના (આવકાર) | ૪ |
| જીવનનો યાદગાર પ્રસંગ | ૫ |
| અદ્‌ભુત બચાવ | ૬ |
| કબૂલાત | ૬ |
| ઠોકર | ૮ |
| અર્પણ | ૯ |
| આજ્ઞાધીનતા | ૧૧ |
| પસંદગી | ૧૨ |
| મુક્તિ | ૧૪ |
| ખ્રિસ્તના હાથ | ૧૫ |
| આપો ને તમને અપાશે | ૧૭ |
| ના કહો, નાશથી બચો, નવજીવન પામો. | ૧૮ |
| હર્ષિત હૃદયો | ૧૯ |
| લાલસા | ૨૧ |
| વધસ્તંભનું મૂલ્ય | ૨૩ |
| કોને અફસોસ ? | ૨૪ |
| દારૂના બંધાણીને (અમારે પણ કંઈક કહેવું છે.) | ૨૬ |

| | |
|---|---|
| વૃધ્ધો માટે (અમારે પણ કંઈક કહેવું છે) | ૨૭ |
| બે પ્રકારની ચાલ | ૨૮ |
| ૪૦ વર્ષની આશીર્વાદિત જીવન-ગાથા (સંક્ષિપ્તમાં) | ૨૯ |
| જીવનનો યાદગાર પ્રસંગ -(૧) | ૩૩ |
| જીવનનો યાદગાર પ્રસંગ (૨) | ૩૪ |
| જીવનનો યાદગાર પ્રસંગ (૩) | ૩૫ |
| અજોડ જુવાન | ૩૬ |
| લગ્ન ઈશ્વરની મહાન ભેટ | ૩૮ |
| ૪૦ ના આંકડાના પરિપક્વતા કરાર અને આશીર્વાદ | ૩૯ |
| નવા વર્ષનો સંકલ્પ | ૪૨ |
| V.E.R.C. દ્વારા પ્રકાશિત સાક્ષી | ૪૩ |
| હે માણસ, ઊઠ | ૪૫ |
| યાદગીરી | ૪૮ |
| ઈશ્વરનો ભય | ૪૯ |
| યહોવા-યિરેહ | ૫૦ |
| સૌથી વધુ ગ્રાહક બનાવવા બદલ - ''અભિનંદન'' | ૫૨ |
| અગત્યના બનાવો | ૫૩ |
| નિવૃત્તિ | ૫૪ |
| ખાલી કબર | ૫૫ |

# લેખકના બે બોલ

**હું કોણ ?**

કે અતિ પવિત્ર, ન્યાયી અને ઉધ્ધારક પ્રભુ ઈસુ ખ્રિસ્તના જીવન વિશે અને માનવી જીવનમાં તેમનો અતૂટ પ્રેમ તે વિશે લખું! પણ હૃદયમાં પવિત્ર આત્મા દ્વારા પ્રેરણા જાગી. અને ગુ.ટ્રા. એન્ડ બુક સોસા. દ્વારા પ્રસિધ્ધ થતા ખ્રિસ્તીબંધુ નાં માનનીય તંત્રી શ્રીમતી જયવંતીબહેન જે.ચૌહાન સાથેની સંગત અને પ્રાર્થના મારફતે ખ્રિસ્તીબંધુમાં આર્ટિકલ લખવા માટે પ્રેરણા અને ઉત્તેજન પૂરાં પાડ્યાં એટલું જ નહિ પ્રથમ આર્ટિકલ 'અર્પણ' એપ્રિલ ૧૯૮૬ ખ્રિસ્તીબંધુમાં જે ત્રુટીઓ હતી તે તેમણે સુધારીને પ્રસિધ્ધ કર્યો. જેનો સારો આવકાર અને અભિનંદન, તંત્રી, સ્ટાફ, અને શુભેચ્છક મિત્રો તરફથી મળ્યાં. હૃદય આનંદથી ઊભરાઇ ગયું. જેની શરૂઆત સારી તેનો અંત પણ સારો. એમ ત્યાર પછી ઉત્તરોત્તર તંત્રીની સહાય અને મિત્રોની શુભેચ્છાથી આજદિન સુધી છપાતા રહ્યા. તેનો અમુક સંગ્રહ થતાં પુસ્તકના રૂપમાં પ્રસિધ્ધ કરવાનો વિચાર પણ પવિત્ર આત્માએ આપ્યો. હું લાભ્યો. તેનો લાભ બીજાઓને પણ મળે એ શુભ આશયથી પ્રાર્થના, પરિશ્રમ અને રાતદિવસની મહેનતનું ફળ પુસ્તક સ્વરૂપે બહાર પાડવામાં ત્રિએક ઈશ્વરે પુષ્કળ કૃપા આપી. તેમના નામને જ માન, મહિમા અને ગૌરવ હો.

હાલના ખ્રિસ્તીબંધુના તંત્રી માનનીય શ્રી. આલ્બર્ટ ભાભોરની દોરવણી, સૂચનો અને માર્ગદર્શન, ખૂબ અસરકારક રહ્યાં છે. મિત્ર તરીકે પણ પૂરો પ્રેમ અને સહકાર આપ્યો અને અમુક આર્ટિકલ તેઓશ્રીએ પણ પ્રસિધ્ધ કર્યા તેથી તેમનો પણ ઋણી છું.

જેમ આમોસ પ્રબોધક કહે છે હું પ્રબોધક નહોતો તેમ હું પ્રબોધકનો દીકરો પણ નહોતો, પણ હું તો ગોવાળિયો તથા ગુલ્લર વૃક્ષોનો સોરનાર હતો. એ જ રીતે હું પણ એક ખેતમજૂર - ખેતરમાં કામ કરનાર તથા ઈંટો પાડનાર તથા પકવનાર હતો. ત્યાંથી ઈશ્વરે મને બોલાવી લીધો. અને કહ્યું કે હું ટ્રાક્ટ એન્ડ બુક સોસાયટીમાં સાહિત્ય દ્વારા સુવાર્તા પ્રચારના કાર્ય માટે તને પસંદ કરું છું. અને મેં તે સેવા તેની અજાયબ જેવી કૃપામાં સ્વીકારી અને આજ સુધી પ્રભુ મારા 'યહોવા-યિરેહ' રહ્યા છે. તેમને લાખો-લાખ ધન્યવાદ.

આ પુસ્તકનું નામ 'પરિશ્રમની કેડીએ' રાખવામાં આવ્યું છે. કારણ કે જીવનના કપરા સંજોગો,સંઘર્ષ અને પુષ્કળ પરિશ્રમ કરીને અને સોળ વર્ષની સાહિત્યની

સેવામાં પણ ચઢાવ-ઉતાર અને સારા નરસા પ્રસંગોમાંથી, અકસ્માતોમાંથી પ્રભુએ બચાવ્યો, ઘડતર કર્યું અને મારા જેવા નકામા પાત્રને પ્રભુએ તેની દ્રાક્ષાવાડીમાં વિશ્વાસુ ગણીને આજ સુધી ટકાવી રાખ્યો. તેમની પ્રતીતિ સાથે અને ખાસ કરીને પરિશ્રમનો કોઇ વિકલ્પ નથી. વિપત્તિમાં પણ પ્રભુ કદી મૂકી દેતા નથી, એવો અજાયબ અનુભવ અને ખાતરી થતાં આ પુસ્તક લખવાની ખરી સહાય અને પ્રેરણા પવિત્ર આત્માથી જ છે.

પુસ્તક પ્રસિધ્ધ થાય માટે યોગ્ય દોરવણી, માર્ગદર્શન આપનાર.માનનીય રેવ. જયાનંદ. આઇ. ચૌહાન સાહેબ, માનનીય પ્રિન્સિ. શ્રી ભગવતપ્રસાદ આર. ચૌહાણ સાહેબ તથા સુરેન્દ્રભાઈ ડી. આસ્થાવાદી સાહેબનો ખૂબ આભારી છું. વળી પ્રસ્તાવના લેખકનો ઋણી છું. આ સાથે પુસ્તક પ્રકાશન માટે ગુ. ટ્રાક્ટ એન્ડ બુક સોસાયટીએ જે મંજૂરી આપી તેથી સેક્રેટરી તથા કાર્યવાહક સમિતિનો તથા સ્ટાફના સર્વ ભાઈબહેનોનો આભાર માનું છું.

"પરિશ્રમની કેડીએ" પુસ્તક પ્રકાશન માટે તમામ ખર્ચ **"એક અનામી કુટુંબ" (U.S.A)** તરફથી મળ્યો છે તેમનો હું ખૂબ આભારી છું.

મારા જીવન ઘડતરમાં કુંટુંબ, મંડળી, ઈ.યુ. ઈ.જી.એફ. મારા ખાસ મિત્ર જયંતિ પરમારનો ફાળો અમુલ્ય છે તેમનો આભારી છું. સાથે ટ્રાક્ટ સોસાયટીમાં ડીસ્ટ્રીબ્યુશન પ્રમોટર તરીકેની સેવામાં સામેલ થવામાં બાઈબલ સોસાયટી ઓફ ઈન્ડિયાના સેક્રેટરી રેવ. નિકોલસ જી. પરમાર સાહેબનો પણ આ સમયે આભારી છું.

આ પુસ્તક ગુજરાતની તમામ ખ્રિસ્તી મંડળીના ભાઈબહેનોને અર્પણ કરતાં ધન્યતાની લાગણી અનુભવું છું.

# ડિસ્ટ્રીબ્યુશન પ્રમોટરની નિમણૂક



ફોટામાં દર્શાવેલ જુવાન શ્રી છોટુભાઇ જી. પરમાર, મેથોડિસ્ટ ચર્ચ મહુધા, જિલ્લો ખેડાના સક્રિય સભાસદ છે. ટ્રાકટ સોસાયટીની કાર્યવાહક સમિતિએ તેઓને તા. ૭-૮-૮૦ થી ડિસ્ટ્રીબ્યુશન પ્રમોટર તરીકેની નિમણૂક આપી છે. આથી ગુજરાતી ખ્રિસ્તી સમાજને વિનંતી કરીએ છીએ કે તેઓના કામમાં સાથ સહકાર આપી ઉત્તેજન આપશો. ટ્રા. સો. દ્વારા પ્રકાશિત પુસ્તકોનું વેચાણ તેઓ ગામેગામ ફરીને ટ્રા. સો. એ ઠરાવેલ કિંમતે જ કરશે. અને તે ઉપરાંત આપણાં સામયિકો ખ્રિસ્તીબંધુ, ઉપલી મેડી, તથા બાલવાડીનાં વાર્ષિક લવાજમ પણ પહોંચ આપી ઉઘરાવશે.

હેમિલ્ટન સત્વેદી.

સેક્રેટરી, ટ્રા.સો.

તા. ૧/૯/૧૯૮૦

# આવકાર

ગુજરાત ટ્રાકટ એન્ડ બુક સોસાયટીના ડિસ્ટ્રિબ્યૂશન પ્રમોટરશ્રી છોટુભાઇને હું ઘણાં વર્ષોથી ઓળખું છું. ટ્રાકટ સોસાયટીમાં શ્રી છોટુભાઇ જોડાયા તે પછી પુસ્તકોના પ્રદર્શન અને વિતરણમાં એક મોટી કાયાપલટ થઇ છે અને થોડાં વર્ષોમાં પુસ્તકોનું વિક્રમજનક પ્રકાશન થઇ રહ્યું છે.

પુસ્તકોનું વિતરણ કરનાર અને વેચનાર પોતે જ લેખક બને તે તો સોનામાં સુગંધ ભળે તેવું કહેવાય ! તેથી પુસ્તક લેખનના આ ક્ષેત્રમાં નવોદિત લેખક શ્રી છોટુભાઇ પરમારને આવકારતાં સ્વાભાવિક રીતે જ મને આનંદ થાય છે. **''પરિશ્રમની કેડીએ''** પુસ્તકમાં થી છોટુભાઇએ પોતાના લેખો ઉપરાંત થોડાંક આત્મકથાત્મક સ્વરૂપનાં લખાણો પણ પ્રકાશિત કર્યાં છે, જેના ઉપરથી લેખકનું નિર્દોષ છતાં મુશ્કેલ બાળપણ, અભ્યાસનિષ્ઠા, માબાપ પ્રત્યેનો સ્નેહભાવ, પત્ની મિલ્કાહ સાથે સુમધુર લગ્નસંબંધ અને તેના ફળ-સ્વરૂપ અર્પણ ને આશિષનાં દાન, સાહિત્ય પ્રત્યેની અભિરુચિ અને પરિણામે ગુજરાત ટ્રાકટ એન્ડ બુક સોસાયટીમાં ડિસ્ટ્રિબ્યૂશન પ્રમોટર તરીકેની સેવા સ્વીકારવી અને કઠોર પરિશ્રમથી દિપાવવી- આ બધાનું રમણીય ચિત્ર સાંપડે છે. શ્રી છોટુભાઇ અને ટ્રાકટ સોસાયટી એકમેકમાં કેવી રીતે ઓતપ્રોત થઇ ગયાં તેની પણ મધુર ઝાંખી પ્રાપ્ત થાય છે.

શ્રી છોટુભાઇના લેખોમાં વૈવિધ્ય છે, જેમાંથી તેમનો ઊંડો બાઇબલ અભ્યાસ પણ દેખાય છે. વિવિધ વિષયો ઉપર શ્રી છોટુભાઇએ કલમ ચલાવી છે અને ખ્રિસ્તી સમાજને જરૂર લાગી ત્યાં થોડીક ચેતવણી પણ નમ્રતા પૂર્વક ઉચ્ચારી છે.

અનેક લેખોમાં શ્રી છોટુભાઇએ મનનપ્રેરિત થોડું ઊંડાણ અને થોડો વિસ્તાર ઉમેર્યા હોત તો આપણને વધારે આનંદ થાત, તેમ છતાં જેવું છે તેવું આ સહૃદયી લખાણ ગમી જાય તેવું છે. લેખકના આ પ્રથમ પ્રયત્નને બિરદાવતાં આનંદ થાય છે અને શ્રી છોટુભાઇ લેખક તરીકે જરૂર આગળ વધશે અને વધુ સત્વશીલ પ્રકાશનો આપશે તેવી શુભેચ્છા અસ્થાને નહિ ગણાય. મધુર સંબંધો ધરાવતા શ્રી છોટુભાઇને 'ઓર આગે બઢો'ની મિત્રપ્રેમથી શુભેચ્છા.

**ભગવતપ્રસાદ ચૌહાણ.**

# જીવનનો યાદગાર પ્રસંગ

૧ લી સપ્ટે. ૧૯૮૩ મારો **નવા જીવનનો દિવસ** ગણી શકાય. હું ક્વીનમાં નડિયાદથી અમદાવાદ ઈ.સ.૧૯૮૦ **થી** અપડાઉન કરતો હતો. ઉપરોક્ત દિવસે ક્વીનમાં અમદાવાદ સ્ટેશને ઊતરી ત્રીજા નંબરના પ્લેટફોર્મ પરથી ગાડીના પાટા ક્રોસ કરી બહાર નીકળવા જતો હતો. અચાનક શું થયું ખબર નહિ. પરંતુ ગાડીના પાટા વચ્ચે હું પટકાઇ પડયો, મારી ડાબી આંખમાં મેટલ પેસી ગયો. આજુબાજુના ચ્હાની લારીવાળા, તથા બીજા ભાઈઓ દોડી આવ્યા. મને એકદમ ઊંચકીને પ્લેટફોર્મ પર લઇ ગયા. આંખના ઉપરના ભાગમાં પથ્થર પેસી જવાથી લોહી વહી જતું હતું ત્યાં એ ભાઈઓએ ચ્હાની ભૂકી લગાવી. લોહી નીકળતું હતું તે બંધ થયું. પછી તેઓએ મને બહાર લાવી રીક્ષામાં બેસાડયો અને મને રવાના કર્યો. હું સીધો ટ્રાક્ટ સોસાયટીના મકાને પહોંચ્યો. ઑફિસમાં કામ કરતા શ્રી વિનોદભાઈનાં પત્ની વી.એસ હોસ્પિટલમાં નર્સ તરીકે સેવા આપે છે. તેઓ મને હૉસ્પીટલમાં લઇ ગયાં અને ઈમરજન્સી સારવાર અપાવી. જો કે આંખ ઉપર ચાર ટાંકા આવ્યા, પણ પ્રભુની સ્તુતિ થાઓ કે મારી આંખ બચી ગઇ હતી. સાંજે હું નડીઆદ આવ્યો. તે દિવસોમાં રાતે ડગ્લાસની મિટીંગ ચાલતી હતી. મને આવી સ્થિતિમાં જોઇ નડીઆદ અને મહુધાના સભામાં ભાગ લેવા આવેલાં બધાંને ખૂબ દુઃખ થયું. ઘણાં બધાં લોકો જ્યારે હું ૧૧ વાગે સભા પૂરી થયા પછી મહુધા પાછો ગયો ત્યારે મારી ખબર જોવા માટે આવેલાં. આખું ઘર ભરાઇ ગયું હતું. મને પ્રભુ પિતાએ મોટા અકસ્માતથી બચાવ્યો હતો. એજ મારા માટે મોટો આશીર્વાદ હતો. ત્યાર પછી વધુ અસરકારક અને સારી રીતે પ્રભુની સેવા કરવાનો મેં દઢ નિર્ણય કર્યો. પ્રભુ આજ સુધી તેમની સેવામાં મને વાપરી રહ્યા છે.

"પ્રભુની સ્તુતિ થાઓ"

## અદ્દભુત બચાવ

"જો કે મરણછાયાની ખીણમાં થઈને હું ચાલું તોયે હું કંઈપણ ભૂંડાઈથી બીશ નહિ. કેમકે તું મારી સાથે છે" - ગીત ૨૩:૪.

ખરેખર હું ઈશ્વર પિતાનો આભાર માનું છું કે તા. ૫-૧૧-૭૬ ના રોજ તેમણે મને મારાં પાપોની માફી આપી નવું જીવન આપ્યું. અને તેમનો બાળક બનાવ્યો. ત્યાર પછી અત્યાર સુધીના સમયોમાં હું ઘણી બધી વખત પ્રભુ પ્રત્યે અવિશ્વાસુ માલૂમ પડયો છું પણ મારા પ્રભુ મને વિશ્વાસુ જ રહ્યા છે તેમના નામની સ્તુતિ હો.

તા. ૨૬-૬-૮૫ થી ત્રણ દિવસ માટે મહુધામાં વી.બી.એસ. ભરવામાં આવ્યું હતું. આ દિવસો દરમ્યાન દરરોજ રાત્રે બાળકોને સ્લાઇડ દ્વારા શિક્ષણ આપવામાં આવતું હતું. તેમાં હું પ્રોજેક્ટર પાસે બેસી સ્લાઇડોનું સંચાલન કરતો હતો. અચાનક એક બાળક ત્યાંથી પસાર થયું અને તેની ઠેસથી પ્રોજેક્ટર સાથેનો ઈલેક્ટ્રિક કરંટનો વાયર છૂટો પડી ગયો. અંધારું છવાઇ ગયું. પરિણામે છૂટા પડેલો વાયર ચાલુ કરંટ સાથેની પીન મારા હાથમાં પકડાઈ ગઈ. હું ભયંકર રીતે તેનો ભોગ બન્યો. નીચે ત્રણ વખત પટકાઇ ગયો. પણ પ્રભુએ તેના દૂતો દ્વારા મારો બચાવ કર્યો અને ભયંકર ઈલેક્ટ્રિકલ શૉકથી મારો બચાવ કર્યો. મને થોડા સમય માટે લાગ્યું કે હું આ જગતમાં નથી, પણ પ્રભુએ ફરી એકવાર તેમના મહિમા માટે મને નવું જીવન આપ્યું છે. તેમના નામની સ્તુતિ થાઓ.

## કબૂલાત

"જે માણસ પોતાના ઉલ્લંઘનો છુપાવે છે તેની આબાદી થશે નહિ. પણ જે કોઇ તેમને કબૂલ કરીને તેનો ત્યાગ કરે છે તેઓ પર દયા કરવામાં આવશે." નીતિવચનો ૨૮:૧૩.

સામાન્ય રીતે માણસ જ્યારે કોઇ પણ ભૂલ કરે, અથવા પાપ-કે ઉલ્લંઘન કરે છે. ત્યારે તેનું ભાન થતાં તે જ ઘડીએ લજ્જા વગરના હૃદયથી છુપાવવાનો પ્રયત્ન કરે છે. પણ તે જાણતો નથી કે મારો અંતકાળ પાસે આવી રહ્યો છે. અને એમ આદમે એદનવાડીમાં આજ્ઞાનું ઉલ્લંઘન કર્યું અને જે ફળ ખાવાની મના ઈશ્વરે કરી હતી તે જ ફળ તોડીને ખાધું. અને તેઓની આંખો ઊઘડી ગઈ અને પોતાની જાતને શરમથી છુપાવવા પાંદડાનાં વસ્ત્રો બનાવી ભૂલ કબૂલ કરવાને

બદલે છુપાવવાનો પ્રયત્ન કર્યો. સર્વવ્યાપી ઈશ્વરે તેમને એદનવાડીમાંથી સદાને માટે બહાર હાંકી કાઢયાં. એ જ રીતે બાર શિષ્યોમાંના શિષ્ય યહુદાએ ફક્ત રૂપિયા ત્રીસમાં મુક્તિદાતા પ્રભુ ઈસુને વેચી દેવાનું પાપ કર્યું. અને ઈશ્વરની આગળ પોતાની ભૂલ કબૂલ કરી લેવાને બદલે મંદિરમાં રૂપિયા ફેંકી દઇને તે નીકળ્યો. અને ગળે ફાંસો ખાઇ અને સદાને માટે મૃત્યુના અંધકારમાં ધકેલાઇ ગયો. બાઇબલ સ્પષ્ટ કહે છે, જે માણસ પોતાના ઉલ્લંઘનો છુપાવે છે તેની આબાદી થશે નહિ. પણ જે કોઇ તેને કબૂલ કરીને તેનો ત્યાગ કરે છે તેઓ પર દયા કરવામાં આવશે.

સંત લુકની સુવાર્તાના પંદરમાં અધ્યાયમાં ઉડાઉ દીકરાની વાત આવે છે દીકરાએ પિતાની બધી મિલકત બદફેલીમાં ઉડાવી દીધી, પણ જ્યારે તેણે કબૂલ કર્યું કે બાપા, મેં આકાશ સામે તથા તમારી સામે પાપ કર્યું છે. ત્યારે તેના પિતાએ ઘરમાંથી હડસેલી નહિ કાઢતાં દબદબા સહિત ઘરમાં સ્થાન અને માન આપ્યું. પ્રભુને માટે મરવા પણ તૈયાર થયેલો પિતર ત્રણવાર પ્રભુ ઈસુનો નકાર કરે છે. પછી ઈસુએ પિતર તરફ જોયું ત્યારે જે વાત ઈસુએ પિતરને કહી હતી તે તેને યાદ આવી અને બહાર જઇને તે પુષ્કળ રડયો.

ઉત્થાન પામેલા પ્રભુ ઈસુએ પિતરને દર્શન આપી પોતાના ક્ષમાવાન પ્રેમની ખાતરી કરાવી. અગાઉ પ્રભુ ઈસુએ તેને કહ્યું હતું. પિતર હું આ પત્થર ઉપર મારી મંડળી બાંધીશ. પચાસમાના દિવસે પવિત્ર આત્માથી ભરપૂર થઇને પિતરે આપેલા સંદેશા દ્વારા ત્રણ હજાર માણસો મંડળીમાં ઉમેરાયાં. આજે એ જ ઈસુ તમારા ઉપર દયા કરવા તત્પર છે. ૧લો યોહાન ૧:૯ પ્રમાણે, "જો આપણે આપણાં પાપ કબૂલ કરીએ છીએ તો આપણાં પાપ માફ કરવાને તે વિશ્વાસુ તથા ન્યાયી છે." તો વહાલાંઓ આ ચાલ્યાં જતાં વર્ષોમાં આપણે આપણાં ઉલ્લંઘનો અને પાપો પ્રભુ ઈસુ આગળ કબૂલ કરીએ તે જ ક્ષણે આપણો પ્રભુ આપણને ક્ષમા આપવા તૈયાર છે. તો હિંમતથી આપણે કૃપાસન પાસે વધસ્તંભ આગળ નમી જઇને સર્વ અન્યાય, ઉલ્લંઘનો કબૂલ કરીને આપણા પ્રભુને મહિમા નહિ આપીએ?

# ઠોકર

ઠોકરો આવવાની અગત્ય તો છે પણ જે માણસથી ઠોકર આવે છે તેને અફસોસ છે. માટે જો તારો હાથ અથવા તારો પગ તને ઠોકર ખવડાવે તો તેને કાપી નાખ અને તારી પાસેથી ફેંકી દે. તારા બે હાથ અથવા બે પગ છતાં તું અનંત અગ્નિમાં નંખાય એ કરતાં લંગડો અથવા ઠૂંઠો થઈને જીવનમાં પેસવું એ તારે માટે સારું છે.

માનવી જીવનમાં ઠોકરો આવવાનાં ઘણાં કારણો હોય છે. અને એ ઠોકરો અનેક રીતે, વિવિધ પ્રકારે આવે છે.અમુક વખતે માણસના જીવનમાં ઠોકરો આકસ્મિક રીતે આવતી હોય છે. અથવા તો કોઈક સમયે માણસ ઈરાદાપૂર્વક જાણીબૂઝીને ઠોકરોનો ભોગ બનતો હોય છે. જેના કારણે તેનું પરિણામ મનુષ્યને ઓછાવત્તા પ્રમાણમાં ભોગવવાનું હોય છે. અમુક વખતે માણસના જીવનમાં જે ઠોકર આવે છે તેના પરિણામની અસરો બહુ થોડા સમયમાં ભુલાઈ જતી હોય છે. જ્યારે બીજી એક એવી ઠોકર છે કે જેનું પરિણામ ભયંકર હોય છે અને પેઢીઓ સુધી તેને સહન કરવું પડતું હોય છે. તેનું લાંછન અને તેની અસરો લાંબા સમય સુધી નષ્ટ થતી નથી. માટે જ બાઈબલમાં લખવામાં આવ્યું છે, "જેનું ઉલ્લંઘન ઢંકાઈ ગયું છે અને જેનું પાપ માફ થયું છે. તે માણસને ધન્ય છે. "માનવી જીવનમાં જે ઠોકરો આવે છે, તે તેના શરીરના અંગો મારફતે પણ આવે છે. હું એવી ઠોકર વિશે લખું છું કે જે "વ્યભિચારની ઠોકર" છે. આજે જગતમાં આવી ઠોકરોનું પ્રમાણ ખૂબ વધતું જાય છે. બાઈબલ તો સ્પષ્ટ કહે છે. વ્યભિચારથી નાસો ૧ કોરંથી ૬ : ૧૮.

સામસુનના જીવનમાં પણ એક સમયે આવી જ ઠોકર તેની આંખ મારફત આવી. તેણે ગાઝામાં એક સ્ત્રીને જોઈ. તેના પર તે મોહિત થયો અને તેનું નૈતિક અધઃપતન થયું. સામસુન મહાન શક્તિશાળી હોવા છતાં તેના માથા ઉપરથી નાઝીરીપણાની લટો કાપી નાંખવામાં આવી અને આંખો ફોડી નાંખવામાં આવી. તેના દુશ્મનોએ તેને ઘંટીએ દળવા માટે બેસાડયો! કેવી ભયંકર વ્યભિચારની છે ઠોકર અને તેનાં પરિણામ !

ઈઝરાયલનો મહાન રાજા દાવિદ, જેણે શક્તિશાળી રાક્ષસ જેવા ગોલ્યાથને વશ કર્યો અને પ્રભુના સામર્થ્યથી તેને મારી નાંખ્યો. પણ જ્યારે તે ધાબા ઉપર નવરો ફરતો હતો ત્યારે એક સ્ત્રી ઉપર તેણે કુદષ્ટિ કરી, અને તેની સાથે

વ્યભિચાર કર્યો. પરિણામે તેના આખા કુટુંબ ઉપર શાપ આવ્યો. આ પણ કેવી ભયંકર વ્યભિચારની ઠોકર અને પરિણામ!

આ વીસમી સદીનાં ઘણાં નાદાન જુવાનોનાં લગ્નજીવન સુખદાયક અને બાળકોનાં કૃપાદાનો ભર્યાં હોવા છતાં પણ ઘણાં સ્ત્રીપુરુષોના જીવનમાં આવી ઠોકરો આવતી હોવાથી તેમનો માળો વિખેરાઇ જાય છે. અને જીવન સાગર સૂકો બની જાય છે. અને પરિણામે ઇશ્વરની પ્રતિમા પ્રમાણે બનાવેલા મંદિરનો નાશ કરી આખરે બળદ કસાઇવાડે જાય છે. જેમ બેડી ઘલાવીને મૂર્ખ સજા ભોગવવા જાય છે તેમ તે તરત તેની પાછળ જાય છે આખરે તેનું કલેજું તીરથી વીંધાય છે. જેમ કોઇ પક્ષી પોતાનો જીવ જશે એમ જાણ્યા વગર જાળમાં ધસી જાય છે. તેમ જ તેનું થાય છે. પરિણામે તેમનાં જીવનનો અંજામ ભયંકર આવે છે. માટે જ બાઇબલમાં લખ્યું છે કે "મારા દીકરા સાંભળ, અને મારા મુખનાં વચનો પર લક્ષ રાખ. તારું હૃદય તેના માર્ગ તરફ વળવા ન દે. તેના રસ્તાઓમાં ભટકીને જતો નહિ." અને જો આજનાં જુવાન દીકરા-દીકરીઓ અને સ્ત્રી-પુરુષો આ બાબતોમાંથી પાછાં ફરે અને પ્રભુને જીવન સોંપી તેની સેવામાં જોડાઇને પોતે પ્રભુનો પ્રેમરસ ચાખે અને નાશમાં જતા લોકોને માટે નમૂનારૂપ જીવન જીવે તો કેવું સારું !

પ્રિય મિત્રો, શું તમે આમ કરવા તૈયાર છો? તો આવો! અને આવી ઠોકરોથી નાસી જઇને વધસ્તંભ આગળ નમી જાવ ! પ્રભુ તમારી રાહ જુએ છે. અને તમને સર્વ પ્રકારની ઠોકરોથી બચાવીને તમને આશીર્વાદ આપવા માગે છે. પ્રભુ તમારો ઉપયોગ છેલ્લા સમયમાં કરવા માગે છે. શું આમ કરવા માટે તૈયાર છો ખરા?

## અર્પણ

"તમે તમારાં શરીરોનું જીવતું, પવિત્ર તથા ઇશ્વરને પસંદ પડે એવું અર્પણ કરો. એ તમારી બુધ્ધિપૂર્વકની સેવા છે."

આપણે જોઇએ તો ઉત્પત્તિના સમયથી જ જ્યારે ઇશ્વરે મનુષ્યને આશીર્વાદો આપ્યા છે ત્યારે એના બદલામાં કંઇ અર્પણ તે ઇશ્વર પાસે લાવ્યો છે. સૌ પ્રથમ આદમના દીકરાઓ કાઇન અને હાબેલ યહોવા માટે અર્પણ લાવે છે. કાઇન યહોવાને માટે સારુ ભૂમિના ફળમાંથી કંઈ અર્પણ લાવ્યો અને હાબેલ ઘેટાં પાળક હોવાથી તેની પાસે ઇશ્વરે તેને આપેલું જે પશુધન હતું તેમાંથી હૃષ્ટપુષ્ટ ઘેટાંબકરાંમાંથી પ્રથમ જન્મેલામાંથી લાવ્યો અને લખવામાં આવ્યું છે કે યહોવાએ કાઇનને તથા તેના અર્પણને માન્ય કર્યાં નહિ. આજે આપણામાં પણ આવા

કેટલાક માણસો છે જે પ્રભુને નકામું અર્પણ આપવાનું પસંદ કરે છે. પરિણામે તેઓ ઈશ્વરના આશીર્વાદોથી વંચિત રહી જાય છે આપણા માટે પ્રભુને અર્પણ કરવાની ત્રણ બાબતો છે.

(૧) સમય (૨) નાણાં (૩) જીવન. જેમ વિશ્વાસ, આશા, તથા પ્રીતિ એ ત્રણે ટકી રહે છે. પણ તેઓમાં પ્રીતિ શ્રેષ્ઠ છે તેમ પ્રભુએ આપણને જે સમય, નાણાં અને જીવન આપેલાં છે. તેમાં સૌથી શ્રેષ્ઠ "જીવન" જ છે. જો એ જીવન આપણે પ્રભુને સોંપીએ તો જ સાચું અર્પણ કર્યું કહી શકાય. માથ્થી ૬:૩૩ પ્રમાણે પણ તમે પહેલાં તેના રાજ્યને તથા તેના ન્યાયીપણાને શોધો એટલે એ બધાં વાનાં પણ તમને આપશે. જ્યારે આપણા જીવનનું અર્પણ પ્રભુને કરીએ છીએ ત્યારે આપણે જે માગીએ કે કલ્પીએ તે કરતાં વિશેષ પ્રભુ આપણા માટે કરે છે.

**(૧) સમયઃ-** ઘણી વખત આપણે પ્રભુ માટે સમયનું અર્પણ કરતાં નથી. ફક્ત માર્થાની માફક કુટુંબ, નોકરી અને દુન્યવી બાબતોમાં રચ્યાં પચ્યાં રહી ખોટી ચિંતાઓનો બોજ લઈને જગતમાં ફર્યા કરીએ છીએ. પણ મરિયમની માફક પ્રભુના ચરણોમાં બેસી સમયનું અર્પણ કરી સારો ભાગ પસંદ કરવાની જરૂર છે. અને પ્રભુ પાસે કંઇ શીખવાની જરૂર છે. માટે આપણા સમયનું અર્પણ અગત્યનું છે.

**(૨) નાણાંઃ-** ઘણી વખતે આપણે આપણાં પૂરતાં નાણાં પ્રભુને આપતાં નથી. માલાખી ૩:૧૦ પ્રમાણે દશાંશો ભર્યાપૂર્યા ભંડારમાં લાવી નાણાંનું અર્પણ કરતાં શીખવું જોઈએ. અને જો પ્રભુને ન આપતાં અન્ય રીતે વેડફી નાંખીએ તો આશીર્વાદ ગુમાવી દઈએ છીએ. માટે આપણાં નાણાંનું અર્પણ કરતાં શીખવું જરૂરી છે.

**(૩) જીવનઃ-** સૌથી મહત્વની અને અગત્યની બાબત આપણું જીવન છે. આ એક જ જીવન છે. તે પ્રભુને માટે અર્પણ કરવાની જરૂર છે. જૂના કરારમાં ઈબ્રાહીમને જે દીકરો આપ્યો હતો તે તેના ઘડપણનો એકનો એક દીકરો પણ જ્યારે પ્રભુએ માંગ્યો ત્યારે ઈબ્રાહીમે પ્રભુથી પાછો રાખ્યો નહિ.' એથી વિશેષ આપણા પિતાએ પણ તેમના એકના એક દીકરા પ્રભુ ઈસુ ખ્રિસ્તને આપણ સર્વને માટે અર્પણ તરીકે આપી દીધો અને એજ ઈશ્વર આજે તમારી અને મારી પાસે અર્પણ માંગે છે. શું વહાલાંઓ, આપણે આ પ્રમાણે આપણાં શરીરોનું જીવતું પવિત્ર અને દેવને પસંદ પડે તેવું અર્પણ કરવા તૈયાર છીએ ખરાં ?

# આજ્ઞાધીનતા

**વિશ્વાસથી અબ્રાહમ જે સ્થળ પોતાને વારસામાં મળવાનું હતું ત્યાં જવાનું તેડું મળ્યાથી આજ્ઞાધીન થયેલ. એટલે પોતે ક્યાં જાય છે એ ન જાણ્યા છતાં તે ચાલી નીકળ્યો. હિબ્રુ ૧૧:૮**

અબ્રાહમ ઈશ્વરને આજ્ઞાધીન થતાં પહેલાં તેમનામાં સંપૂર્ણ વિશ્વાસ મૂકે છે. અબ્રાહમ જાણતો હતો કે જે શહેરનો પાયો છે અને જેનો યોજનાર તથા બાંધનાર ઈશ્વર છે તેની આશા તે રાખતો હતો. તેથી તેણે કબૂલ કર્યું કે અમે પૃથ્વી પર પરદેશી તથા પ્રવાસી છીએ, અને તેને લીધે જ યહોવા દેવ જ્યારે જે સ્થળ વિશે અબ્રાહમને આજ્ઞા કરે છે ત્યાં જવા તૈયાર થાય છે અને એમ પ્રભુને આધીન થાય છે.

ન્યાયાધીશોના પુસ્તકના છઠ્ઠા અધ્યાયમાં ગીદિયોન સંબંધી આપવામાં આવ્યું છે. ઈશ્વર ગીદિયોનને પસંદ કરે છે અને દૂત દ્વારા દર્શન આપીને તેને જણાવવામાં આવે છે કે પરાક્રમી, શૂરવીર, યહોવા તારી સાથે છે. તું તારા આ બળમાં ચાલ્યો જા. અને મિદ્યાનીઓના હાથમાંથી ઈઝરાયલને બચાવ. શરૂઆતમાં ગીદિયોન પોતાની ઉણપો વિશે દલીલો કરે છે. પણ એ બધું વાસ્તવિક હોવા છતાં જ્યારે એ ઈશ્વરપિતાની આજ્ઞાને આધીન થાય છે, ત્યારે તેના દ્વારા ઈઝરાયલ પુત્રોને મહાન વિજય અપાવવામાં આવે છે.

અબ્રાહમ વિશ્વાસથી ઈશ્વરની આજ્ઞાને આધીન થયો, પણ ગીદિયોન તેના અવિશ્વાસની ઉપરવટ થઈને પણ ઈશ્વરની ઈચ્છાને આધીન થયો. વહાલાઓ, આપણને અબ્રાહમ જેટલો વિશ્વાસ ન હોય પણ ગીદિયોનની જેમ અવિશ્વાસ સાથે પણ તેની ઈચ્છાને આધીન થઈએ તો પ્રભુ આપણને આશીર્વાદ આપીને તેમની સેવા માટે ઉત્તમ તકો પૂરી પાડે છે. આપણા પૂર્વજ અબ્રાહમ ફક્ત આધીન થયા. તો શું આ બધું જાણ્યાં છતાં પણ આપણે ઈશ્વરની ઈચ્છાને આધીન નહિ થઈએ શું?

આ જગત એક દ્રાક્ષાવાડી જેવું છે. માથ્થી ૨૧:૨૮ થી ૩૦ માં એક માણસે તેના બે દીકરાને પોતાની દ્રાક્ષાવાડીમાં જઈને કામ કરવાની આજ્ઞા આપી. તે વિશે વાંચીએ છીએ. પહેલાએ ના પાડી છતાં પણ જઈને કામ કર્યું. જ્યારે બીજાએ હા પાડયા છતાં પણ કામ કરવા ગયો નહિ. પ્રથમ દીકરો ના કહીને પણ બાપની આજ્ઞાને આધીન થયો અને સોંપેલું કામ કર્યું. એ જ પ્રમાણે માથ્થી ૨૮:૧૮ થી ૨૦ માં આપણા તારનારે પ્રત્યેક વ્યક્તિને આજ્ઞા આપી છે કે "તમે

જઇને સર્વ દેશનાઓને શિષ્ય કરો. બાપ તથા દીકરા તથા પવિત્ર આત્માને નામે તેઓને બાપ્તિસ્મા આપતા જાઓ.મેં તમને જે જે આજ્ઞાઓ આપી તે સર્વ પાળવાનું તેઓને શીખવતા જાઓ, અને, જુઓ જગતના અંત સુધી હું તમારી સાથે છું". યશાયા ૬:૮ માં પ્રભુ યહોવા કહે છે હું કોને મોકલું? અમારે સારુ કોણ જશે? શું આપણે હૃદયથી કહી શકીએ કે પ્રભુ હું આ રહ્યો/ આ રહી મને મોકલ? તો શું વહાલાંઓ, આપણે આપણા પ્રભુની આજ્ઞાને આધીન થવા તૈયાર છીએ ખરા?....

## પસંદગી

"મેં આજે તારી આગળ જીવન તથા મરણ, આશીર્વાદ તથા શાપ મૂક્યાં છે. માટે જીવન પસંદ કર, કે તું તથા તારાં સંતાન જીવતાં રહે. યહોવા તારા ઈશ્વર પર પ્રેમ રાખવાનું, તેની વાણી સાંભળવાનું ને તેને વળગી રહેવાનું પસંદ કર, કેમ કે, તે તારું જીવન તથા તારા આયુષ્યની વૃધ્ધિ છે." (પુનર્નિયમ ૩૦:૧૯, ૨૦)

પ્રત્યેક માણસના જીવનમાં પસંદગી કરવાની અનેક તકો આવે છે. તેમાં બે પ્રકારની પસંદગી કરવાની હોય છે. આધ્યાત્મિક અને ભૌતિક. એમાં સૌથી વિશેષ ભૌતિક રીતે પસંદગી કરવામાં માણસ કાબેલ હોય છે. પણ આધ્યાત્મિક પસંદગી કરવામાં ઘણી વખત પીછેહઠ કરે છે. પરિણામે જેમ ઇઝરાયલ પ્રજાએ અરણ્યમાં ઘણી જ દુર્વાસના કરી અને રાહમાં ઈશ્વરની પરીક્ષા કરી અને ઈશ્વરે તેઓની માગણી પ્રમાણે તેમને આપ્યું, પણ તેઓને આધ્યાત્મિક નુકસાન થયું. એજ રીતે માણસોમાં જ્યારથી સમજણ આવે ત્યારથી અભ્યાસ, કપડાં, નોકરી આભૂષણો ઇત્યાદિ બાબતોમાં ખૂબ ચકાસણી કરીને પસંદગી કરે છે. પરંતુ અગત્યની બે બાબતો વિશે પસંદગી કરવામાં માણસ ઘણી વખત નિષ્ફળ જતો હોય છે. જેના કારણે આખી જિંદગી અને ત્યાર પછી અનંતકાળ માટે, દુ:ખી હાલતમાં સબડયા કરે છે. મારી દૃષ્ટિમાં બે મુખ્ય પસંદગી માણસે ખૂબજ ધીરજ અને પ્રભુની દોરવણીમાં કરવી જોઇએ એમ હું માનું છું તેમાં (૧) જીવન (૨) લગ્ન.

**જીવન:-** ઘણા માણસો એમ માને છે કે પૃથ્વી પર જન્મ ધારણ કરવાથી માણસ જીવન પ્રાપ્ત કરે છે એ ખોટી માન્યતા છે. તેથી જ પ્રભુએ પુનર્નિયમમાં એવું જીવન પસંદ કરવાનું કહે છે કે તું તથા તારાં સંતાન જીવતાં રહે અને તેમને અનંતકાળનું સુખ પ્રાપ્ત થાય. જે જીવન ઈશ્વરે માણસને આપ્યું છે. તે વિષે

દાવિદ ભક્ત કહે છે તેમ અમારી વયના દિવસો સિત્તેર વર્ષ જેટલા છે, અથવા બળને કારણે તેઓ એંસી વર્ષ થાય તો પણ તેઓનો ગર્વ શ્રમ તથા દુઃખ માત્ર છે. માટે પ્રભુ યહોવા સદાકાળનું જીવન પસંદ કરવા આહવાન આપે છે. યોહાન ૩ માં નિકોદેમસ રાત્રે પ્રભુ ઇસુની પાસે આવે છે અને કહે છે. અનંત જીવન પામવા હું શું કરું? પ્રભુ ઇસુએ તેને કહ્યું કે "હું તને ખચીત કહું છું કે જો કોઇ માણસ નવો જન્મ પામ્યું ન હોય તો તે ઇશ્વરનું રાજ્ય જોઇ શકતું નથી, જે દેહથી જન્મેલું છે તે દેહ છે જે આત્માથી જન્મેલું છે તે આત્મા છે". એ જ રીતે માર્ક ૧૦:૧૭ થી ૨૨ માં જુવાન માણસ ઇસુને પૂછે છે કે "ઉત્તમ ઉપદેશક, અનંતજીવનનો વારસો પામવા હું શું કરું" ? આ જુવાન માણસ ધનવાન હતો, નિયમ શાસ્ત્રનું પાલન કરનાર હતો, છતાં ભૌતિક વાનાંઓને પ્રાધાન્ય આપવાથી સાચા જીવનની પસંદગી કરવામાં નિષ્ફળ જાય છે. ઇસુ કહે છે. માર્ગ, સત્ય તથા જીવન હું છું. માટે જીવન પસંદ કર.

બીજી પસંદગી "લગ્ન" એ માણસને માટે અગત્યની છે. આ પસંદગી કરવામાં માણસ ઘણી વખત નિષ્ફળ જાય છે. અને પૃથ્વી પરના આખા જીવન દરમ્યાન ઉતાવળથી લગ્ન કરી આખી જિંદગીભર પસ્તાયા કરે છે. ઘણી વખત માણસોનો લગ્ન કરવાનો સમય જતો રહે છે. ત્યાં સુધી પસંદગી કરવામાં બેદરકાર રહે છે. કાં તો આંધળા વિશ્વાસમાં જાણે કે પ્રભુનું પરીક્ષણ કરતાં હોય તેમ ઇશ્વરની ઇચ્છા કહીને પોતાની ઇચ્છાથી અયોગ્ય પાત્ર પસંદ કરી પાછળથી ઇશ્વરના નામને કલંકરૂપ બનતા હોય છે. અને એમ સ્વેચ્છાથી અને ઉતાવળથી કરેલી પસંદગીમાં નિષ્ફળ જતાં બીજાઓને ઠોકરરૂપ બનતા હોય છે. પોતે વિશ્વાસનો ડોળ કરી અયોગ્ય પસંદગી કરી અવિશ્વાસી કરતાં બદતર જીવન જીવે છે.

# મુક્તિ

કારણ કે સૃષ્ટિ પોતાની ઈચ્છાથી નહિ પણ સ્વાધીન કરનારની ઈચ્છાથી વ્યર્થપણાને સ્વાધીન થઈ. પણ તે એવી આશાથી સ્વાધીન થઈ કે સૃષ્ટિ પોતે પણ નાશના દાસત્વમાંથી મુક્ત થઈને ઈશ્વરના મહિમાની સાથે રહેલી મુક્તિ પામે.
રોમન ૮:૨૦,૨૧.

કેમ કે નિયમશાત્ર પ્રગટ થયા પહેલાં પણ પાપ જગતમાં હતું ખરું. તેથી આદમથી મોસે સુધી મરણે રાજ કર્યું. અને આપણે પાપની ગુલામગીરીમાંથી મુક્તિ પામી શક્યાં નહિ. પાઉલ કહે છે કે," હું કેવો દુર્ભાગી માણસ છું મને આ મરણના શરીરથી કોણ મુક્ત કરશે?" વળી પાઉલ કહે છે કે તેમઃ "કેમ કે આપણે હજી નિર્બળ હતા એટલામાં જ યોગ્ય સમયે અધર્મીઓને સારું ખ્રિસ્ત મરણ પામ્યો અને આપણે જ્યારે પાપના દાસત્વમાં હતા ત્યારે ખ્રિસ્ત આપણે સારૂ મરણ પામ્યા અને આપણને મુક્ત કર્યા. તેથી જો આપણે તેના મરણની સમાનતામાં તેની સાથે જોડાયા તો તેના પુનરુત્થાનથી સમાનતામાં પણ આપણે એ જાણીએ છીએ કે આપણું જૂનું માણસપણું તેની સાથે વધસ્તંભે જડાયું. પાપનું શરીર નિરર્થક થાય એટલે કે હવે પછી આપણે પાપની ગુલામગીરીમાં રહીએ નહિ કેમ કે, જે જુએ છે તે ન્યાયી ઠરીને પાપથી મુક્ત થયો છે.

જ્યારે ઈઝરાયલ પ્રજા મિસર દેશમાં ફારુનના હાથમાં ગુલામી ભોગવી રહી હતી ત્યારે તેઓના પક્ષમાં રહીને મોસે મારફતે બહુ અજાયબ રીતે ફારુનના દશ દશ અનર્થોમાંથી બહાર કાઢી સમુદ્ર આગળ યહોવા દેવે ઈસ્ત્રાએલીઓને મિસરીઓના હાથમાંથી બચાવ્યા અને એ રીતે મિસરની ગુલામીમાંથી મુક્ત કર્યા. એ જ રીતે આપણે જાણીએ છીએ તેમ આજથી બે હજાર વર્ષ પૂર્વે એક ગુરુવારની રાત્રિએ અંધારી કોટડી પાસે ઈસુ આવીને એક વ્યક્તિને સંબોધીને કહે છે કે હું તારા માટે આવતી કાલે વધસ્તંભનું મરણ સહન કરીને તને સદાને માટે મુક્ત કરું. જે આ શબ્દો સાંભળે છે તે માણસ કોઈ કાળે પણ આ સજામાંથી મુક્ત થઈ શકે એવો માણસ ન હતો. કારણ કે તે ભયંકર ખૂની અને લૂંટારો હતો તે પણ જાણતો હતો કે મારે મારા ગુનાની શિક્ષા ભોગવવાની છે. તે રાત્રે કોટડીમાં આંસુ સારતો હતો. ત્યાં જ ઈસુ તેને મુક્તિ આપવા દોડી જાય છે હર્ષઘેલો ખૂની માણસ આનંદ વિભોર બની જાણે સ્વપ્ન જોતો હોય તેમ ચોકીદારો આવીને તેને બહાર કાઢી લઈ જાય છે. અને સવારે ખબર પડે છે કે મુક્તિ આપનાર તે તો બીજા કોઈ નહિ પણ નિર્દોષ ઈસુ નાઝારી હતા, જે જગતના

મુક્તિદાતા જ હતા.

વહાલાઓ એ જ રીતે આપણને આપણાં ભયંકર પાપોમાંથી મુક્ત કરવા ખુદ પ્રભુ ઈસુ ખ્રિસ્ત પૃથ્વી પર આવ્યા, વધસ્તંભનું દુઃખ સહન કર્યું અને મરણ પામી આપણને મુક્તિ આપવા તૈયાર છે. તેના નામ ઉપર વિશ્વાસ કરવાથી મુક્તિ અને જીવન મળે છે, તો આજે પોતે પણ નાશના દાસત્વમાંથી મુક્ત થઇને ઈશ્વરનાં છોકરાંના મહિમાની સાથે રહેલી મુક્તિ પામીએ. મુક્તિદાતા ઈસુ આ પ્રમાણે કરવાને સર્વને તેની કૃપા આપે.

## ખ્રિસ્તના હાથ

પુનરુત્થાન પછી તે જ દિવસે એટલે અઠવાડિયાના પહેલે દિવસે સાંજ પડયે શિષ્યો જ્યાં એકઠા થયા હતા ત્યાંનાં બારણાં યહૂદીઓના ભયથી બંધ કરવામાં આવ્યાં હતાં. ત્યારે ઈસુ આવ્યા અને તેઓની વચમાં ઊભા રહીને તેઓને કહે છે કે, "તમને શાંતિ થાઓ". એમ કહીને તેમણે પોતાના હાથ તથા કૂખ તેઓને દેખાડયાં. માટે શિષ્યો પ્રભુને જોઇને હર્ષ પામ્યા. પણ ઈસુ આવ્યા ત્યારે થોમા બારમાંનો એક જે દીદીમસ કહેવાતો હતો તે તેઓની સાથે નહોતો. તેથી બીજા શિષ્યોએ તેને કહ્યું કે અમે પ્રભુને જોયા છે. પણ તેણે કહ્યું, તેમના હાથમાં ખીલાઓના વેહ જોયા વિના, મારી આંગળી ખીલાઓના વેહમાં મૂક્યા વિના તથા તેમની કૂંખમાં મારો હાથ ઘાલ્યા વિના હું વિશ્વાસ કરવાનો જ નથી. આઠ દહાડા પછી ફરીથી શિષ્યો ઘરમાં હતા. થોમા પણ તેઓની સાથે હતો. પછી ઈસુ થોમાને કહે છે. "જો તારી આંગળી અહીં સુધી પહોંચાડીને મારા હાથ જો. અને તારો હાથ લાંબો કરીને મારી કૂંખમાં ઘાલ અને અવિશ્વાસી ન રહે, વિશ્વાસી થા". આજે પણ ઈસુના વિંધાયેલા ચમત્કારિક હાથ અદશ્ય રીતે જરૂરિયાતવાળા માણસોને વિવિધ રીતે મદદરૂપ બને છે તે સંબંધી વિશેષ જાણીએ.

(૧) માર્ક ૬:૩ પ્રમાણે ઈસુ ખ્રિસ્તના હાથ કામ કરનાર હાથ છે. અને વિશ્રામવાર આવ્યો ત્યારે તે સભાસ્થાનમાં બોધ કરવા લાગ્યો અને ઘણાંએ એ સાંભળીને દંગ થઈને કહ્યું કે, "આ સઘળું તેની પાસે ક્યાંથી? અને તેને જે બુધ્ધિ અપાશે તે કેવી છે? અને એના હાથથી આવાં પરાક્રમી કામો ક્યાંથી થાય છે ? શું એ સુતાર નથી? શું એ મરિયમનો દીકરો તથા યોસે તથા યહૂદા તથા સિમોનનો ભાઈ નથી" ?

(૨) માર્ક ૧:૪૧ પ્રમાણે ઈસુ ખ્રિસ્તના હાથ આરોગ્ય પમાડનાર હાથ છે. અને

એક કોઢિયો તેની પાસે આવે છે. તેને વિનંતી કરીને તથા ઘૂંટણ ટેકવીને કહે છે કે જો તારી ઈચ્છા હોય તો તે મને શુદ્ધ કરી શકે છે. અને ઈસુને તેના પર દયા આવી. ને હાથ લાંબો કરીને તેને અડક્યો અને ઈસુ તેને કહે છે કે "મારી ઈચ્છા છે તું શુદ્ધ થા".

(૩) માથ્થી ૧૪:૩૧ પ્રમાણે ઈસુ ખ્રિસ્તના હાથ બચાવનાર હાથ છે. પિતર હોડી પરથી ઊતરીને ઈસુ પાસે જવાને પાણી પર ચાલવા લાગ્યો. પણ પ્રવન દેખીને તે બીધો અને ડૂબવા લાગ્યો. તેથી તેણે બૂમ પાડી કે, "ઓ પ્રભુ મને બચાવ" અને ઈસુએ લાગલો હાથ લાંબો કરીને તેને પકડી લીધો.

(૪) માર્ક ૧૦:૧૬ પ્રમાણે ઈસુ ખ્રિસ્તના હાથ આશીર્વાદ આપનાર હાથ છે. અને તેઓ તેની પાસે બાળકો લાવ્યા કે, તે તેઓને અડકે અને શિષ્યોએ તેઓને ધમકાવ્યાં. પણ ઈસુ તે જોઇને નાખુશ થયો. ને તેણે તેઓને કહ્યું કે બાળકોને મારી પાસે આવવા દો. તેઓને વારો મા, કેમ કે આકાશનું રાજ્ય એવાંઓનું છે. હું તમને ખચીત કહું છું કે જે કોઇ બાળકની માફક ઈશ્વરનું રાજ્ય સ્વીકારશે નહિ, તે એમાં પ્રવેશ કરશે જ નહિ.ને તેણે તેઓને હાથમાં લીધાં તે તેઓ પર હાથ મૂકીને તેઓને આશીર્વાદ દીધો.

(૫) યોહાન ૧૦:૨૮ પ્રમાણે ઈસુ ખ્રિસ્તના હાથ રક્ષણ કરનાર હાથ છે. મારાં ઘેટાં મારો સાદ સાંભળે છે, વળી હું તેઓને ઓળખું છું અને તેઓ મારી પાછળ ચાલે છે. હું તેઓને અનંતજીવન આપું છું. અને કદી તેઓનો નાશ થશે નહિ, "અને મારા હાથમાંથી કોઇ તેઓને છીનવી લેવા સમર્થ નથી".

(૬) માથ્થી ૩:૧૨ પ્રમાણે ઈસુ ખ્રિસ્તના હાથ ન્યાય કરનારા હાથ છે. "પસ્તાવાને સારુ હું પાણીએ તમારું બાપ્તિસ્મા કરું છું ખરો, પણ જે મારી પાછળ આવનાર છે તે મારા કરતાં સમર્થ છે. તેનાં ચંપલ ઊંચકવા પણ હું યોગ્ય નથી. તે તમારું બાપ્તિસ્મા પવિત્ર આત્માએ તથા અગ્નિએ કરશે. તેનું સૂપડું તેના હાથમાં છે ને તે પોતાના ઘઉં ભંડારમાં ભરશે પણ ભૂસું તે બાળી નાંખશે".

(૭) પ્રકટીકરણ ૩:૨૦ પ્રમાણે ઈસુ ખ્રિસ્તના હાથ હૃદયનાં બારણાં ખટખટાવનાર હાથ છે. "હું જેટલા પર પ્રેમ રાખું છું તે સર્વને ઠપકો આપું છું તથા શિક્ષા કરું છું. માટે ઉત્સાહી થા અને પસ્તાવો કર.જુઓ હું બારણા આગળ ઊભો રહીને ઠોકું છું. જો કોઈ મારી વાણી સાંભળીને બારણું ઉઘાડશે તો હું તેની સાથે માંહે આવીને જમીશ ને તે મારી સાથે જમશે".

# આપો ને તમને અપાશે

બાઈબલ આપણને જણાવે છે કે, લેવા કરતાં આપવામાં વધારે ધન્યતા છે. પ્રભુ ઈસુ ખ્રિસ્ત પોતે ધનવાન હોવા છતાં આપણા માટે દરિદ્રી બન્યો. એ માટે કે તેમની દરિદ્રતામાં આપણે ધનવાન બનીએ. પ્રેરિતોનાં કૃત્યોના ૩જા અધ્યાયમાં પ્રાર્થનાની વેળાએ પિતર અને યોહાન મંદિરમાં જતા હતા. એક જન્મથી લંગડો માણસ મંદિરને દરવાજે નિત્ય બેસતો હતો. પિતર તથા યોહાનને જોઈને મને કંઈક મળશે એ આશાથી તેણે તેઓની પાસે માગ્યું. પણ પિતરે તેને કહ્યું. "સોનું રૂપું તો મારી પાસે નથી પણ ઈસુ ખ્રિસ્ત નાઝારીના નામથી ચાલતો થા". અને તે લંગડો માણસ કૂદીને ઊભો થયો અને નાચતો કૂદતો તથા ઈશ્વરની સ્તુતિ કરતો તેઓની સાથે મંદિરમાં ગયો.

વહાલાંઓ, આપણે શું આપી શકીએ? તો જુઓ, આપણે આપણાં નાણાં, સમય, જીવન સર્વસ્વ પ્રભુને આપી શકીએ છીએ. અને તે પણ મુક્તેચ્છાએ.

**નાણાં :-** માલાખી - ૩:૧૦ પ્રમાણે દશાંશો આપવાની બાબત. - પ્રભુનો એક સેવક તેની આવકનાં ૩૫ ટકા પ્રભુને આપે છે. કોલગેટના માલિક તેની આવકના જૂજ ટકા જ પોતાના નિભાવ માટે રાખે છે. અને બાકી બધું પ્રભુને આપે છે. તેમ છતાં કહે છે. મારી પાસે તે બધો ખર્ચ કાઢતાં વધે છે. જેમ વિધવાએ પોતાની દમડી આપી દીધી. અને પ્રભુએ કહ્યું, "બધાં કરતાં તેણે વધારે આપ્યું છે. કારણ કે બીજાઓએ તેમની કમાણીમાંથી થોડુંક જ આપ્યું છે. જ્યારે આ બાઈએ તેની બધી પૂંજી આપી દીધી છે".

**સમય :-** પ્રભુએ આપણને જે સમય આપ્યો છે તેનો ખૂબ થોડો ભાગ પ્રભુ માટે આપી શકીએ છીએ. ઘણાં બધાંનો પ્રશ્ન છે કે સમય નથી. સાચી વાત એ છે કે ભૌતિક બાબતોને પ્રાધાન્ય આપવાથી આપણે ખૂબ ઓછો સમય પ્રભુ માટે ફાળવીએ છીએ દા.ત. ટી.વી., સૌંદર્ય પ્રસાધનો વિગેરે. પરિણામે પ્રાર્થના, સંગત, સુવાર્તાપ્રચાર આ બધામાં સમય આપવો મુશ્કેલ લાગે છે. એટલે જ બાઈબલ કહે છે, "સમયનો સદ્‌ઉપયોગ કરો કેમ કે દહાડા ભૂંડા છે". જુવાન દીકરા દીકરીઓ તેના વચન પ્રમાણે તેને વિષે સાવધ રહેવામાં પ્રભુને સમય આપે તો કેવું સારૂં !

**જીવનઃ-** રોમન ૧૨:૧,૨ માં પ્રભુ આપણને જણાવે છે "તમે તમારાં શરીરોનું પવિત્ર તથા ઈશ્વરને પસંદ પડે એવું અર્પણ કરો". આપણને જીવન મળે અને તે પુષ્કળ મળે માટે પ્રભુ ઈસુ પૃથ્વી પર આવ્યા. આપણે આપણું જીવન પ્રભુને સોંપીએ.

## ના કહો, નાશથી બચો, નવજીવન પામો

ત્રિએક ઈશ્વર પિતાએ મનુષ્ય જીવનને સૌથી શ્રેષ્ઠ બનાવ્યું છે. ઉત્પત્તિ ૧:૨૭ પ્રમાણે પોતાના સ્વરૂપ પ્રમાણે ઉત્પન્ન કરીને પૃથ્વીને ભરપૂર કરો. અને તેને વશ કરવાનો મહાન આશીર્વાદ આપ્યો. સાથે એદનબાગમાં એક જ આ ભલુભૂંડું જાણવાનાં વૃક્ષનું ફળ ખાવાની મના હતી. પરંતુ ૧લો યોહાન ૨:૧૬ પ્રમાણે દૈહિક વાસના, આંખોની લાલસા તથા જીવનનો અહંકાર તે પિતાથી નથી પણ જગતથી છે તેને ખાળી શક્યા નહીં. ના કહી શક્યાં નહિ. પરિણામે ઈશ્વર સાથેનું પવિત્ર, આનંદિત અને અનંતકાળનું આશીવાર્દિત જીવન પળવારમાં શાપરૂપ બન્યું. જીવનમાં ના કહેવામાં કશું જ ગુમાવતાં નથી. બલ્કે વિશેષ અદ્દભુત શાંતિ, માન, આશીર્વાદ પ્રાપ્ત કરી શકીએ છીએ તેના થોડા સત્ય વાસ્તવિક દાખલાઓ બાઈબલમાં મળે છે તે જોઈએ.

**યોસેફઃ-** ઉત્પત્તિ ૩૯:૭ અને ત્યાર પછી એમ થયું કે તેના ધણીની સ્ત્રીએ યોસેફ પર કુદૃષ્ટિ કરી અને તેને કહ્યું મારી સાથે સૂ. પણ તેને ના કહી. અને તેના શેઠની સ્ત્રીને તેણે કહ્યું "જો ઘરમાં મારા હવાલામાં શું છે તે મારો શેઠ જાણતો નથી. ને તેનું જે સર્વ છે તે તેણે મારા હાથમાં સોપ્યું છે. આ ઘરમાં મારા કરતાં કોઈ મોટો નથી. અને તેણે તારા વિના બીજું કંઇ જ મારાથી પાછું રાખ્યું નથી. તું તેની સ્ત્રી છે. માટે એવું કુકર્મ કરીને હું ઈશ્વરનો અપરાધી કેમ થાઉ"?

**મોશેઃ -** હિબ્રૂ. ૧૧:૨૪ પ્રમાણે મોશેએ મોટો થયા પછી ફારુનની દીકરીનો પુત્ર ગણાવા ના પાડી. પાપનું ક્ષણિક સુખ ભોગવવા કરતાં ઈશ્વરના લોકોની સાથે દુઃખ ભોગવવાનું તેણે વિશેષ પસંદ કર્યું. મિસરમાંના દ્રવ્યભંડાર કરતાં ખ્રિસ્તની સાથે નિંદા સહન કરવી એ સંપત્તિ અધિક છે એમ તેણે માન્યું.

**દાનિયેલ :-** દાનિયેલ ૧:૮ પ્રમાણે રાજાના ખાણાથી જ દ્રાક્ષારસ તે પીએ છે તેથી પોતાની જાતને વટાળવા દાનિયેલે ના પાડી. તેમજ ૩:૧૮ પ્રમાણે શાદ્રાખ, મેશાખ અને અબેદનગોએ નબુખાદનેસ્સાર રાજાએ ઊભી કરેલી સોનાની મૂર્તિને પૂજવાની ના પાડી. અને તેઓનાં નામ જીવનના પુસ્તકમાં પણ સાક્ષી પૂરે છે.

સાથે સાથે જેઓના જીવનમાં ના પાડવાની તકો ઊભી થઈ હોવા છતાં હા પાડી જેથી તેમનાં જીવનો સદાને માટે શાપરૂપ બન્યાં છે તેવાં જીવનો પણ જોઈએ.

**આદમહવા :-** ઈશ્વરે ભલુભૂંડુ જાણવાના વૃક્ષનું ફળ ખાવાની મના કરવા છતાં ખાધું. પરિણામે તેઓને એદનવાડીમાંથી બહાર કાઢી મૂકવામાં આવ્યાં અને

આશીર્વાદિત જીવન સદાને માટે માટે શાપરૂપ બન્યું.

**દાવિદ રાજા :-** ઇશ્વરનો મનપસંદ સેવક હતો પણ તેણે ઉરિયા હિત્તીની સ્ત્રી સાથે કુકર્મ કર્યું. જીવનનું મૂલ્ય ધૂળ સમાન બની ગયું.

**યહૂદા :-** પિતરે ના પાડી પણ પસ્તાવા સારું પ્રભુની વાત સ્વીકારી ખૂબ રડયો પ્રભુને આધીન થયો. જ્યારે તેનો સાથી શિષ્ય યહૂદાએ માત્ર ચાંદીના ત્રીસ રૂપિયામાં તારનારને વેચી દેવામાં હા પાડી. યુક્તિ રચી. પરિણામે માથ્થી ૨૭:૫ પ્રમાણે મંદિરમાં રૂપિયા ફેંકી દઈને તેણે જઈને ગળે ફાંસો ખાધો. જીવન સદાને માટે અંધકારમય બન્યું.તેનામાં શેતાન પેઠો. તે વિનાશનો દીકરો કહેવાયો.

**પ્રભુ ઈસુ ખ્રિસ્તઃ-** અને છેલ્લે પુનરુત્થાન પામેલો આપણો મુક્તિદાતા અને જગતનો તારનાર અને ન્યાયાધીશ ઈસુ ખ્રિસ્તે શેતાનની ત્રણ મોટી લોભાવનારી બાબતો માથ્થી ૪:૧ થી ૧૧ મુજબ ના પાડી. નિષ્કલંક નિષ્પાપ રહી અદભુત વિજય હાંસલ કરી શેતાનને મોટો પરાજય આપ્યો. શું આપણે પ્રભુથી દૂર લઈ જનાર વસ્તુ માટે ના પાડી શકીએ ખરા?

## હર્ષિત હૃદયો

**માગીઓનો આનંદ :-** પૂર્વના માગીઓ યહૂદિયાના બેથલેહેમમાં સમસ્ત જગતના તારણહાર ઈસુનાં દર્શન અને ભજન માટે માત્ર પૂર્વ દિશામાં તારાને જોઈને વિશ્વાસથી તેમનો અંગત તારનાર બનાવી તેનાં દર્શન માટે ચાલી નીકળ્યા. તેમનાં હૃદયોમાં એ અત્યાનંદ હતો. આ વિશે તેમને કદી સુવાર્તા મળી ન હતી. માત્ર તારાનો પ્રકાશ તેમના માટે એક મહાન નિશાની હતી. એ તારામાં એમના જીવનના ઉધ્ધારનો સંદેશો અને સુવાર્તા તેઓ પામી ચૂક્યા હતા. પવિત્ર આત્મા દ્વારા સર્વ રહસ્યો તેમના હૃદયમાં સોંસરાં ઊતરી ગયાં હતાં. એટલે જ કોઈ પણ પ્રકારની આશંકા વગર તારનારનાં દર્શન માટે હર્ષઘેલા બનીને યરુશાલેમમાં આવીને હેરોદ રાજાને પૂછે છે. આ સાંભળી ખુદ હેરોદ રાજા અને તેની સાથે આખું યરુશાલેમ પણ ગભરાય છે.

મુખ્ય યાજકોને તથા શાસ્ત્રીઓને એકઠા કરી ખ્રિસ્તનો જન્મ ક્યાં થવો જોઈએ તેને વિશે પૂછપરછ કરે છે. તેઓએ શાસ્ત્રો તપાસી પ્રબોધકની ભવિષ્યવાણીના આધારે "યહૂદિયાના બેથલેહેમમાંથી એક અધિપતિ નીકળશે. જે આખી ઇઝરાયલી પ્રજાનો અધિપતિ - પાળક થશે". એવી ખાતરી અને સત્ય પ્રગટ કરે છે. આ સાંભળી હેરોદ તેની મેલી મુરાદને લીધે માગીઓને ઇસુનાં દર્શન કરી પાછા વળતાં તેને ખબર આપવા જણાવે છે. પણ દૂતો દ્વારા માગીઓને ચેતવણી મળી કે, "તમારે બેથલેહેમ પાછા જવું નહિ". હરખાતાં હૃદયો સાથે માગીઓએ ગભાણે જન્મેલા ઈસુના દર્શન કર્યાં અને સાથે લાવેલાં સોનું, લોબાન, બોળનું કિંમતી નજરાણું ઇસુને ચરણે ધર્યું. અને બીજે માર્ગે પોતાના વતનમાં પાછા ગયા. (માથ્થી ૨:૧૦)

**ભરવાડોનો આનંદ :-** ભરવાડો રાત્રે ખેતરમાં પોતાનાં ઘેટાંને સાચવતા હતા ત્યારે પ્રભુના દૂતે મોટા આનંદની સુવાર્તા આ અજ્ઞાન પ્રજાને જણાવી. પરંતુ આ પ્રજાએ હૃદયના આનંદ સાથે આ સુવાર્તા સાંભળી વિશ્વાસ કર્યો. શરૂઆતમાં અચાનક દૂતના ગૌરવભર્યા પ્રકાશને કારણે તેઓ ભય પામ્યા, પરંતુ દૂતે તેઓને કહ્યું, "બીહો મા કેમ કે હું મોટા આનંદની સુવાર્તા તમને કહું છું જે સર્વ લોકોને માટે થશે. કેમ કે આજે દાવિદના શહેરમાં તમારે સારૂ એક તારનાર એટલે ખ્રિસ્ત પ્રભુ જનમ્યા છે".

(લૂક ૨:૧૧) હૃદયના અત્યાનંદ સાથે તેઓ ઇસુનાં દર્શન કરવા ગયા અને ગભાણમાં તેઓએ મરિયમને, યોસેફને અને બાળ ઇસુને દીઠાં અને જેવું સાંભળ્યું હતું તેવું જોયું. તેને લીધે તેઓ ઇશ્વરનો મહિમા તથા સ્તુતિ કરતા પાછા ગયા.

**આપણા માટે આનંદ:-** જે વધામણીની વાત લાવે છે, જે શાંતિની વાત સંભળાવે છે, જે કલ્યાણની વધામણી લાવે છે, તે સિયોનને કહે છે કે તારો ઇશ્વર રાજ કરે છે તેના પગ પર્વતો પર

કેવા શોભાયમાન છે! દીનોને વધામણી કહેવા સારુ, ભગ્ન હૃદયોવાળાને સાજા કરવા સારુ, બંદીવાનોને છુટકારો તથા કેદીઓને કેદખાનામાંથી છોડાવવા, પ્રભુનો દિવસ પ્રસિધ્ધ કરવા અને ખિન્ન આત્માને સ્તુતિપ્રિય વસ્ત્રો આપવા ખુદ પ્રભુએ તારનાર તરીકે, સ્વર્ગનો વૈભવ છોડી પૃથ્વી પર માનવના ઉધ્ધાર માટે નમ્ર ગભાણમાં પોતાનું સ્થાન સિધ્ધ કર્યું. આવા આનંદી નાતાલના પર્વ ટાણે શું માગીઓનાં, ભરવાડોનાં સ્વાર્પણ સાથે આપણાં જીવનોમાં પ્રભુને આનંદમય બનાવી શકીશું?

## લાલસા

"કેમ કે જગતમાં જે સર્વ છે. એટલે દૈહિક વાસના તથા આંખોની લાલસા તથા જીવનનો અહંકાર તે પિતાથી નથી, પણ જગતથી છે. જગત તથા તેની લાલસા જતાં રહે છે. જે ઈશ્વરની ઈચ્છા પૂર્ણ કરે છે તે સદા રહે છે". ૧લો યોહાન ૨:૧૬.

સૃષ્ટિના આરંભથી જ કોઈપણ વસ્તુની લાલસાનો અતિરેક હંમેશાં પ્રાણઘાતક પૂરવાર થયો છે. તેથી યોહાન કહે છે કે જગત તથા તેની લાલસા જતાં રહે છે પણ ઈશ્વરની ઈચ્છા પૂર્ણ કરનાર સદા રહે છે.

લાલસા અગત્યનો નાશ કરે છે. યહોવા દેવે મનુષ્ય જાતને નાશને માટે નહિ પણ સદાકાળને માટે ઉત્પન્ન કરી અને એદન વાડીમાં સઘળી સુવિધાઓ તેને માટે ઉપલબ્ધ હતી. પણ એક જ શરત ભલુંભુડું જાણવાની વૃક્ષનું ફળ ખાવાની મના કરી. પણ આંખોની લાલસા નાશકારક હોઈ જે ફળ ખાવાની મના કરી તે જ તોડીને ખાધું. અને સાર્વકાળિક આત્માનો નાશ પસંદ કર્યો. તેમને કહ્યું હતું કે, "તમે ખાશો તે દિવસે મરશો જ મરશો". પરિણામે ભરપૂર આનંદિત જીવનનો નાશ નિર્મિત થયો.

લાલસા છેતરપિંડી ઉત્પન્ન કરાવે છે. હવે યહોવા દેવે બનાવેલા ખેતરનાં સર્વ જાનવરો કરતાં સર્પ ધૂર્ત હતો અને તેણે સ્ત્રીને કહ્યું જે ફળ તમને ખાવાની મના કરી છે તે ખાશો તો તમે નહિ જ મરશો. બલકે તમે દેવના જેવાં ભલુંભૂડું જાણનારાં થશો. તેથી જે ફળ ખાવાને અને જોવામાં સુંદર અને જ્ઞાન આપવાને ઈચ્છવાજોગ એવું એ વૃક્ષ છે તેનું ફળ ખાવાથી તમે ઈશ્વરના જેવાં ભલુંભૂડું

જાણનારાં થશો. આ વાતથી સ્ત્રી છેતરાઇ. તેણે ફળ તોડીને ખાધું. અને પોતાના પતિ આદમને પણ આપ્યું અને તેઓ સર્પ દ્વારા મોટી છેતરપિંડીનો ભોગ બન્યાં.

**લાલસા વેર ઉત્પન્ન કરાવે છે.** :- આદમ અને ઈશ્વર પિતાની સાથેના પવિત્ર સંબંધમાં વેર ઉત્પન્ન થાય છે. "અને તારી ને સ્ત્રીની વચ્ચે તથા તારાં સંતાનોની તથા તેના સંતાનોની વચ્ચે હું વેર કરાવીશ. તે તારું માથું છૂંદશે તું તેની એડી છૂંદશે". અને યહોવા ઈશ્વરે જે ત્રણ અગત્યના શાપ આપ્યા. તેમાં માણસ ને સાપ વચ્ચે જે વેર ઉત્પન્ન થયું છે. તે આપણે જાણીએ છીએ. તે આજે પણ ચાલુ જ છે. આગળ જતાં વેર મનુષ્યના જીવનમાં પગ પેસારો કરે છે. કાઇન અને હાબેલના જીવનમાં વેર ઉત્પન્ન થાય છે. પરિણામે કાઇન હાબેલનું ખૂન કરે છે.

લાલસા ઉન્માદી બનાવે છે. - એક ધનવાન માણસની ભોંયમાંથી ઘણી ઊપજ થઇ તેણે મનમાં વિચાર કર્યો હું શું કરું? મારી ઊપજ ભરી મૂકવાને મારી પાસે જગા નથી. હું આમ કરીશ મારી વખારોને પાડી નાંખીશ, ને તેને મોટી બંધાવીશ અને ત્યાં મારું અનાજ તથા મારી માલ-મિલકત ભરીશ અને મારા જીવને કહીશ કે ઓ જીવ ઘણાં વરસને માટે ઘણી માલ-મિલકત તારે માટે રાખી મૂકેલ છે. આરામ લે. ખા. પી. આનંદ કર. પણ ઈશ્વરે તેને કહ્યું ઓ મૂર્ખ આજે રાત્રે તારો જીવ તારી પાસેથી માગી લેવામાં આવે છે. ત્યારે જે વસ્તુઓ તેં સિધ્ધ કરી છે તે કોની થશે?.

લાલસા દેહનો નાશ કરાવે છે. - પણ અનાન્યા નામે એક માણસ તથા તેની સ્ત્રી સાફિરાએ પોતાની મિલકત વેચી. તેની સ્ત્રીની સંમતિથી તેણે તેના મૂલ્યમાંથી થોડું પોતાની પાસે રાખ્યું અને તેણે કેટલો એક ભાગ લાવીને પ્રેરિતોના પગ આગળ મૂક્યો. પણ પિતરે તેને કહ્યું કે ઓ અનાન્યા, પવિત્ર આત્માને જૂઠું કહેવાને તથા ભોંયના મૂલ્યમાંથી થોડું તારી પાસે રાખવાનું શેતાને તારા મનમાં કેમ ભર્યું છે?. તે ભોંય તારી પાસે હતી ત્યારે શું તે તારી નહોતી? અને તેને વેચ્યા પછી પણ શું તેનું મૂલ્ય તારે સ્વાધીન નહોતું? આવો વિચાર તેં તારા પોતાના મનમાં કેમ આવવા દીધો? અને આપણે જાણીએ છીએ તેમ અનાન્યા અને સાફિરાના બન્નેનાં શરીરનો નાશ થાય છે અને જુવાનો જઇને તેમને દાટે છે.

લાલસા અધઃપતન લાવે છે. :- ઈસ્ત્રાએલનો મહાન રાજા દાવિદ બળવાન તથા પરાક્રમી, દશ સહસ્ત્રોને હરાવનાર છતાં પોતાના મહેલના ધાબા ઉપરથી ઉરિયા હિત્તિની સ્ત્રીને જોઇને તેના ઉપર મોહિત થયો અને તેને પોતાની સ્ત્રી બનાવી. આંખોની લાલસાથી અઘટિત કૃત્ય કર્યું. દેહની લાલસા તેમાં તે અંધ

બન્યો. તેનો સઘળો વૈભવ નાશ પામ્યો. એ જ રીતે સામસુન જે જન્મથી નાઝીરી કહેવાતો તેના માથા ઉપર કદી અસ્ત્રો ફેરવ્યો નહોતો તેના જેવો બળવાન કોઈ હતો નહિ. એક સમયે સિંહ જેવા બળવાન પ્રાણીનો સંહાર કરનાર,પોતાના બળથી એકી સાથે ત્રણસો માણસોનો સંહાર કરનાર. તેની દેહની લાલસા, દલીલાહ સાથેનો તેનો અઘટિત સંબંધ તેની સઘળી સારી બાબતોનો અંત કેવો ખતરનાક! તેની બંન્ને આંખો ફોડીને દુશ્મનો તેને ક્રૂર રીતે મારી નાંખે છે. તેથી દાવિદ ગીતકર્તા કહે છે. તેની તરફ જુઓ પ્રકાશ પામો એટલે તમારાં મુખ કદી ઝંખવાણાં પડશે નહીં.

## વધસ્તંભનું મૂલ્ય

આજકાલ ખ્રિસ્તી જીવનોમાંથી, ખ્રિસ્તી કુટુંબોમાંથી અને મંડળીઓમાંથી ખ્રિસ્તના વધસ્તંભનુ મૂલ્ય ઘટતું જાય છે.

પ્રેરિત પાઉલને મન વધસ્તંભનું મૂલ્યઃ કેમ કે નાશ પામનારાઓને તો વધસ્તંભની વાત મૂર્ખતા જેવી લાગે છે. પણ અમો તારણ પામનારાઓને તો તે દેવનું સામર્થ્ય છે. પ્રે. પાઉલ પોતાની સાક્ષી આપતાં લખે છે. ઈસુ ખ્રિસ્ત કે જે વધસ્તંભે જડાયેલો તે સિવાય બીજું કંઇ ના જાણું. પાઉલ અગાઉના તેના જીવનમાં પોતાનું મૂલ્ય ખૂબ સમજતો હતો પણ હવે દમસ્કના રસ્તાના રોમાંચક બનાવ પછી તે પોતાની જાત કરતાં ખ્રિસ્તના વધસ્તંભનું મૂલ્ય બીજાઓને સમજાવે છે.

**યહૂદાને મન ખ્રિસ્તના વધસ્તંભનું મૂલ્ય :-** યહૂદાએ તે સમયના માત્ર ત્રીસ સિક્કામાં જ પ્રભુને પરસ્વાધીન કરી પકડાવી દીધો. એને જગતના ઉધ્ધારનારનું મૂલ્ય માત્ર ત્રીસ રૂપિયા. કેટલુ કરુણાજનક! આજે આપણે ઘણી વખતે યહૂદા કરતાં પણ ઓછી કિમત વધસ્તંભની આંકીએ છીએ તે આપણે કબૂલ કરવું જ રહ્યું.

**વધસ્તંભ પરના ચોરને મન વધસ્તંભનું મૂલ્ય :-** કાલવરીની ટેકરી પર ત્રણ એક સરખા દેખાતા વધસ્તંભ જોઈએ છીએ પરંતુ તેમાં દરેકમાં અલગતા જોવા મળે છે.

-પ્રથમ વધસ્તંભ નિંદા અને બંડખોર વધસ્તંભ છે. બીજો ઉધ્ધારનો વધસ્તંભ અને ત્રીજો નમ્ર અને પસ્તાવાનો વધસ્તંભ. પ્રથમ બંડખોર વિચારવાળા ચોરનો વધસ્તંભ નિંદાથી ભરપૂર છે. તેને મન ખ્રિસ્તના વધસ્તંભનું મૂલ્ય કંઇ જ નથી. છેલ્લી ઘડીઓ સુધી બંડખોર રહે છે. આજે આપણે આવા જ બંડખોર નથી શું? જ્યારે બીજો ચોર જે વધસ્તંભ ઉપર છેલ્લો શ્વાસ લઇ રહ્યો છે. તેને મન તેની

સાથે વગર કારણે લટકાવેલા ખ્રિસ્તને અને તેના વધસ્તંભનું મૂલ્ય અદભુત અને અનોખું આંકે છે. તે સમય પારખી જાય છે. અને જ્યારે બંન્ને ચોર- એકબીજા સાથે વાત કરે છે. તે વાત બીજો ચોર પામી જાય છે અને તેને ઠપકો આપે છે અને કહે છે, આપણે વાજબી શિક્ષા ભોગવીએ છીએ પણ આ માણસે કંઇ જ પાપ ખરાબ કર્યું નથી. તે પ્રભુ તરફ ફરીને કહે છે. હે ઈસુ તું તારા રાજ્યમાં આવે ત્યારે મને સંભારજે. અને તેણે તેને કહ્યું કે. "આજ તું મારી સાથે પારાદૈશમાં હોઇશ." શું વહાલાઓ આપણે પ્રથમ ચોરની હરોળમાં છીએ કે બીજા ચોરની? પ્રભુના સેવકોએ ખ્રિસ્તના વધસ્તંભનું મૂલ્ય ઊંચું આક્યું છે. આ ગુડફ્રાઈડે અને ઇસ્ટર પર્વ આપણે આનંદભેર ઊજવીએ, એ સમયે, આપણા ઉધ્ધારનારના વધસ્તંભનું મૂલ્ય સમજવા આપણે પ્રભુને પ્રાર્થીએ.

## કોને અફસોસ ?

**(૧) સુવાર્તા પ્રચાર નહિ કરનારને અફસોસ :-**

પૃથ્વી ઉપર વસતી પ્રત્યેક ખ્રિસ્તી વ્યક્તિની સુવાર્તાપ્રચાર કરવાની નૈતિક ફરજ છે. અનિવાર્ય બાબત છે. માર્ક ૧૬:૧૫ માં જણાવ્યા પ્રમાણે તેણે તેઓને કહ્યું કે, આખા જગતમાં જઈને આખી સૃષ્ટિને સુવાર્તા પ્રચાર કરો. એટલે જ પ્રેરિત પાઉલ ૧લો, કોરંથી ૯:૧૬ માં જણાવે છે કે જો હું સુવાર્તા પ્રગટ કરું તો તેમાં મારે અભિમાન રાખવાનું કંઇ કારણ નથી. કેમ કે એમ કરવું મારી ફરજ છે. અને જો હું સુવાર્તા પ્રગટ ન કરું તો મને અફસોસ છે.

**(૨) બીજાઓને માફ નહિ કરનારને અફસોસ :-**

પિતરે ઈસુની પાસે આવીને કહ્યું પ્રભુ મારો ભાઇ મારી વિરૂધ્ધ કેટલીવાર અપરાધ કરે ને હું તેને માફ કરું ? ઈસુએ કહ્યું સિત્તેરગણી સાતવાર. ઘણી વખત આપણને માફી પામવી ગમે છે. પણ માફી આપવી ગમતું નથી. પણ એક શેઠને તેના ચાકર પાસે દશ હજાર તાલંતનું લેણુ હતું તેના શેઠે તેને તથા તેની સ્ત્રીને બધું વેચી દેવું વાળી આપવાની આજ્ઞા કરી પણ ચાકરે તેને પગે પડી વિનંતી કરી. શેઠ દયા રાખો, હું તમારું બધું દેવું વાળી આપીશ. ત્યારે તે ચાકરના શેઠને દયા આવી અને તેને છોડી દીધો. તેનું બધું દેવું માફ કર્યું. પરંતુ તેજ ચાકરનો સાથી ચાકર જે તેની પાસે માત્ર સો દિનારનો દેવાદાર હતો તેણે તેને દીઠો અને તેનો ટોટો પકડી દેવું વાળવા જણાવ્યું. પેલા સાથી ચાકરે તેને વિનંતી કરી. પણ તેણે તેનું માન્યું નહિ. પણ દેવું ન વાળે ત્યાં સુધી તેને કેદખાનામાં નાંખ્યો. જ્યારે આ વાતની શેઠને ખબર

પડી ત્યારે તેણે તેને બોલાવી કહ્યું, અરે દુષ્ટ ચાકર તેં મને માત્ર વિનંતી કરી અને તારું બધું દેવું માફ કર્યું. જેમ મેં તારા પર દયા કરી તેમ તારે તારા સાથી ચાકર પર દયા કરવી ઘટારત નહોતી શું? શેઠે ગુસ્સે થઇને ચાકરને પોતાનું દેવું વાળે ત્યાં લગી પીડા આપનારાઓને સોંપ્યો. માથ્થી ૧૮:૨૧ થી ૩૫.

**(૩) બીજાઓને દોષિત ઠરાવનારાઓને અફસોસઃ-**

તમે કોઇને દોષિત ન ઠરાવો. એ માટે કે તમને કોઇ દોષિત ન ઠરાવે. કેમ કે જેમ તમે બીજાને દોષિત ઠરાવશો તેમ તેઓ તમને પણ દોષિત ઠરાવશે. માથ્થી ૭:૧,૨ - જ્યારે શાસ્ત્રીઓ અને ફરોશીઓ વ્યભિચારમાં પકડાયેલી એક સ્ત્રીને પ્રભુ પાસે પકડી લાવે છે અને તેઓ તેને કહે છે કે, ગુરુ આ સ્ત્રી વ્યભિચાર કરતાં પકડાઇ છે. હવે મોશેના નિયમશાસ્ત્ર પ્રમાણે એવીઓને પત્થરે મારવી. તો તું તેને વિશે શું કહે છે? પણ ઇસુએ નીચા વળી ભોંય પર આંગળીએ લખ્યું અને તેઓને પૂછ્યા કર્યું કે તમારામાંનો જે કોઇ પાપ વગરનો હોય તે પહેલાં તેના પર પત્થર નાંખે. એ સાંભળી ઘરડાથી માંડી એક પછી એક બધા નીકળી ગયા. કોઇ ત્યાં ઊભું રહ્યું નહિ. સિવાય કે પેલી સ્ત્રી અને પ્રભુ ઇસુ. પછી ઇસુએ તેને પૂછયું, શું કોઇએ તને દોષિત ઠરાવી નથી? તે સ્ત્રીએ કહ્યું ના. તો ઇસુએ કહ્યું, હું પણ તને દોષિત ઠરાવતો નથી. ચાલી જા, હવેથી પાપ કરતી ના. યોહાન ૮:૧૧

**(૪) બીજાઓને ન્યાય કરનારને અફસોસઃ-**

જગતનો ન્યાયાધીશ કેવળ પ્રભુ ઇસુ ખ્રિસ્ત જ છે. સદોમ-ગમોરાહનો બુમાટો મોટો છે. ને તેઓનાં પાપ અઘોર છે. હવે હું નીચે ઊતરીશ અને તેઓનો ન્યાય કરીશ. એવું યહોવા ઇબ્રાહીમને જણાવે છે. પણ ઇબ્રાહીમે કહ્યું શું તું દુષ્ટોની સાથે ન્યાયીઓનો પણ નાશ કરશે? કદાચ તે નગરમાં પચાસ ન્યાયી હોય તો શું તું તેનો નાશ કરશે ? તુ તેમાંના પચાસ ન્યાયીને લીધે તે જગા નહીં બચાવે.? અને ઈશ્વરે ઈબ્રાહિમને કહ્યું જો સદોમ નગરમાં પચાસ ન્યાયી જડે તો તેઓને સારું હું એ આખી જગાને બચાવીશ. એમ કરતાં દશ ન્યાયી મળે ત્યાં લગી ઈશ્વરે સદોમ નગરનો નાશ નહિં કરવા ઈબ્રાહિમને વચન આપ્યું પણ અફસોસની વાત એ હતી કે એક પણ ન્યાયી ન મળવાથી ઈશ્વરે સદોમનો નાશ કર્યો. માત્ર લોત અને તેની બે દીકરીઓ સિવાય આખા સદોમનો નાશ થયો. આમ ન્યાય કરવાની વાત ઈબ્રાહિમે ઈશ્વરના હાથમાં મૂકી. કેવળ ઈશ્વર એકલાજ ન્યાયાધીશ છે.

# અમારે પણ કંઈક કહેવું છે.

"હે તૃષિતજનો, તમે સર્વ પાણીની પાસે આવો... આવીને નાણાં વિના તથા મૂલ્ય વિના દ્રાક્ષારસ તથા દૂધ વેચાતાં લો. જેથી તૃપ્તિ થતી નથી તેને માટે તમારી કમાઇ શા સારુ ખર્ચી નાંખો છો" ? યશાયા ૫૫:૧,૨.

દારૂના બંધાણી માટે જેમ પ્રીતિ પાપના પૂંજને ઢાંકે છે તેમ તેને માટે પ્રેમ દાખવવો, કરવો અતિ જરૂરી બાબત છે. કુટુંબ અને મંડળીની પ્રવૃત્તિ, સમાજની સંગતમાં જકડી રાખવો.

દારૂની લતવાળા માટે પ્રાર્થના ખૂબ જરૂરી છે. બાઇબલમનન સારાં પુસ્તકોનું વાંચન કરાવવા આગ્રહ રાખવો. વ્યક્તિની ઉપેક્ષા નહિ કરતાં વિશ્વાસ કેળવવો, કુટુંબના નાના મોટા પ્રસંગોમાં તેનું સ્વમાન ન ઘવાય તેની કાળજી રાખવી. કુટુંબ અને મંડળી તેમ જ સમાજમાં નાની મોટી જવાબદારી સોંપવી. મંડળી દ્વારા પ્રભુના ભય સંબંધીનું વ્યક્તિગત શિક્ષણ આપવું.

દારૂ પીનાર વ્યક્તિ માટે ખોટા અભિપ્રાયો ન બાંધવા, તેને ઉતારી ન પાડવો, ખોટી વાતો વહેતી ન કરવી. પણ વિશ્વાસ અને ધીરજ રાખી સારા માણસોએ, આગેવાનોએ, પાળકોએ, તથા કુટુંબે તેની સાથેના સારા સંબંધો વિકસાવવા.

દારૂના વ્યસનથી થતા લાભ, ગેરલાભ સમજાવવા. જેવા કે આર્થિક, શારીરિક સામાજિક અને આધ્યાત્મિક બાબતોની વિગતવાર સમજ આપવી.

પાળક સાહેબોએ અને આગેવાનોએ સંયુક્ત રીતે નાના મોટા પાયા ઉપર દારૂના બંધાણીને ઉપયોગી શિક્ષણ આપી શકાય માટે સેમિનારો, રિટ્રીટનું આયોજન કરવું.

**(અ) દારૂ પીવાથી થતું નુકસાનઃ-**

(૧) શરીર, મન, આત્માનો નાશ કરે છે. (૨) શરીરના કિંમતી અંગો જેવાં કે કલેજું, યકૃત, ફેફસાં, આંતરડાં નાશ પામે છે. (૩) અકાળે ઘડપણ અને છેવટે મૃત્યુ આવે છે. (૪) આશાસ્પદ યુવતીના જીવનમાં વિધવાપણું લાવે છે. (૫) સમય નાણાં અને શક્તિનો નાશ થાય છે. (૬) ઇશ્વર તરફથી મળેલાં છોકરાંઓનું ભાવિ અંધકારમય બની જાય છે. (૭) વૃધ્ધાવસ્થાની આરે ઊભેલાં માબાપનાં સ્વપ્નો રોળાઇ જાય છે. (૮) કુટુંબ, મંડળી અને સમાજમાં માનહાનિ તથા ધિક્કાર ઉત્પન્ન થાય છે. (૯) બાળકોનો વિકાસ રૂંધાઇ જાય છે. સારાં સગાં સ્નેહીઓ મળતાં નથી. (૧૦) અસાધ્ય રોગના ભોગ બને છે. આ સાથે આર્થિક રીતે નાણાંકીય નુકસાનની ગણતરી જોઇએ.

ધારો કે દારૂ પિનાર માણસ ૧ દિવસના રૂ. પાંચ પીવા પાછળ ખર્ચે તો ૩૦ દિવસના રૂ. ૧૫૦ થાય એક વર્ષના રૂ. ૧૮૦૦ થાય. માનો કે ૨૦ વર્ષ પછી પીવાની શરૂઆત કરે અને ૬૦ વર્ષ સુધી ચાલુ રહે તો ૧૮૦૦ x ૪૦ વર્ષ = રૂ.૭૨,૦૦૦ ફક્ત દારૂ પાછળ થાય.

**દારૂ ન પીવાથી થતા લાભ :-**

(૧) કુટુંબ, મંડળી અને સમાજમાં પ્રતિષ્ઠા વધે. માનવંતો માણસ ગણાય. (૨) ઈશ્વરે આપેલાં બાળકોને માટે ઉત્તમ શિક્ષણ આપી શકાય. (૩) ઉંમરલાયક બાળકોનાં લગ્નના પ્રસંગોમાં નાણાં ખૂબ ઉપયોગમાં લઈ શકાય. (૪) જીવનમાં આવતી ગંભીર માંદગી, સમસ્યાઓમાં ઉપરોક્ત નાણાંનો સદ્‌ઉપયોગ થઈ શકે. (૫) જરૂરિયાતવાળાને મદદ કરી શકાય. ઈશ્વરના કાર્યમાં બચેલાં નાણાં આપી શકાય.

## અમારે પણ કંઈક કહેવું છે.

વૃધ્ધો આજની પેઢી માટે ખૂબજ આશીવાર્દિત છે તે બાબત નિર્વિવાદ છે. વૃધ્ધો આપણને આપણાં કૌટુંબિક જીવનમાં તથા દૈનિક વ્યવહારમાં તેમજ જીવનના શુભ-અશુભ પ્રસંગો જેવા કે જન્મ, લગ્ન, મરણ, ઈત્યાદિ સમયે, પ્રસંગે તેમનું વ્યવહારુ શિક્ષણ, સૂચનો, માર્ગદર્શન, અનુભવ અતિ મૂલ્યવાન હોય છે. કેમ કે તેઓ આ બધા અનુભવોમાંથી ભૂતકાળમાં પસાર થઈ ઘડાયાં હોય છે. જેથી કરીને વર્તમાન સમયમાં તેઓનું શિક્ષણ આપણને કોઈ વાર મૂર્ખતારૂપ લાગે પણ તે ખૂબજ ઉપયોગી છે તે આજની પેઢીને સ્વીકારવું રહ્યું. પવિત્ર શાસ્ત્ર કહે છે. મારા વહાલા દીકરા, તારાં માબાપની શિખામણ તુચ્છ ન ગણ. વળી વધ્ધાવસ્થામાં તેઓની જરૂરિયાતો ખૂબ જ પ્રેમથી ઋણ સમજીને પૂરી પાડો.

તેઓ તમારી પાસે માગે તે કરતાં જેમ તમારે બધી બાબતોની અનિવાર્યતા હોય છે તેમ તેમને કપડાં, ખોરાક, દવા, લાગણી, પ્રેમ, સહાનુભૂતિ પૂરાં પાડવાં એ આપણી નૈતિક ફરજ છે. તેમને જીવનના છેલ્લા શ્વાસ સુધી આત્મસંતોષ આપો. જેમ તમે તમારાં પેટના ફરજંદને સર્વ સારાં વાનાં આપી જાણો છો તેમ તમે તેમને આપો. વળી, પેટે પાટા બાંધીને લાંઘણો વેઠીને, દુઃખ સહન કરીને તમને આજે સારી સ્થિતિમાં મૂકી દીધાં છે. ઘણાં માબાપોને દૂધ, દવા બીજી વસ્તુઓને જરૂર હોય ત્યારે અને પાણી માટે પણ બીજા ઉપર આધાર રાખવો પડે તે કેટલું દુઃખદ છે. તેઓની સલાહની ઉપેક્ષા ન કરો. વળી, અયોગ્ય શબ્દો

વાપરી તેઓને દુ:ખી ન કરો. અને ઘણાં કુટુંબોનાં માબાપને વૃધ્ધાશ્રમનો આશરો લેવો પડે ત્યાં સુધી તેઓને દુ:ખી કે હેરાનગતિ કરીને બીજાના સહારે છોડશો નહિ. મરણ પર્યંત આપણાં માબાપો આપણાં કુટુંબો સાથે રહીને શાંતિથી પ્રભુમાં ઊંઘી જાય તેવું સૌને વિચારવા પ્રભુપિતા પુષ્કળ કૃપા આપો.

## બે પ્રકારની ચાલ

ખ્રિસ્તી જીવનમાં બે પ્રકારની ચાલ છે. આત્મિક ચાલ અને દૈહિક અથવા સાંસારિક ચાલ. મોટા ભાગના માણસો બંને પ્રકારની ચાલમાં ચાલવાનું પસંદ કરે છે. પાઉલ પ્રેરિત ગલાતી ૫:૨૫ માં સ્પષ્ટ જણાવે છે કે આત્માથી ચાલો. પણ આપણે દૂધ અને દહીંમાં પગ રાખીને ચાલીએ છીએ. એવો દાવો કરીએ પણ વાસ્તવમાં એ ઢોંગ અને છેતરપિંડી બની જાય છે.

**ઈશ્વરથી આગળ ચાલશો નહિ :-**

ઘણી વખત ખ્રિસ્તી વિશ્વાસમાં ખાસ કરીને નવા જન્મના અનુભવ પછી તેના આવેગમાં કંઈક કરી છૂટવાની, કરી બતાવવાની બાબતમાં ખૂબ જ આત્મિક છીએ એવી ઘેલછામાં ઈશ્વરની આગળ નીકળી જવાનો પ્રયત્ન કરીએ છીએ. જેની કૃપાથી તારણ મળ્યું છે તેને ભૂલી જઈને આપણો માન, મોભો, ઈત્યાદિ બાબતોમાં છવાઈ જઈને અને લોકોમાં માનપાત્ર ગણાવા ઈશ્વરથી આગળ નીકળી જવા પ્રયત્ન કરીએ છીએ. પરિણામે કોઈક સમય એવો આવે છે કે જેમાં થાકી જઈને પડી જઈએ છીએ અને એવા પડીએ છીએ કે કદી ઊભા થઈ શકતા નથી અને ખ્રિસ્તની સંઘાતે ચાલી શકતા નથી. આ મોટું જોખમ છે.

**ખ્રિસ્ત પાછળ ધીમી ગતિથી ચાલશો નહિ :-**

ખ્રિસ્તી વિશ્વાસમાં આવ્યા પછી આપણે કદી ખ્રિસ્ત પાછળ ધીમી ગતિથી ચાલવાનું નથી. તેમ કરવાથી યશાયા ૪૦:૩૦ પ્રમાણે ઘણી વખત નિર્ગત થઈ જઈએ છીએ, થાકી જઈએ છીએ, અને ત્યાં જ બેસી જઈએ છીએ. પરિણામે જે મંજિલ સુધી ઈશ્વરની સંઘાતે ચાલીને પહોંચવાનું છે, તેમાં નિષ્ફળ જઈએ છીએ.

**કોણ ચાલી શકે? :-**

પ્રત્યેક વ્યક્તિ ઈશ્વર ઉપર વિશ્વાસ કરી તારણનો અનુભવ પામી ખ્રિસ્તની સંઘાતે ચાલી શકે છે. પાઉલ પ્રેરિત કહે છે તેમ ફક્ત આત્મિક માણસ જ ઈશ્વરની સંઘાતે ચાલી શકે છે. નહિ કે દૈહિક ! કેમ કે સાંસારિક માણસ સાંસારિક બાબતો પર મન લગાડે છે. જ્યારે આધ્યાત્મિક માણસ આધ્યાત્મિક બાબતો પર મન લગાડે છે. બાઈબલ કહે છે જ્યાં તમારું દ્રવ્ય હશે ત્યાં જ તમારું ચિત્ત રહેશે.

અને જગતની લાલસારુપ બાબતો સાંસારિક માણસને ખ્રિસ્ત સંઘાતે ચાલવામાં અવરોધરૂપ છે. તેથી આત્મિક માણસ ઈશ્વરને વધારે પ્રસન્ન કરી ચાલી શકે છે. માર્ક ૧૦ મા અધ્યાયમાં જે જુવાન ખ્રિસ્તની સંઘાતે ચાલવા તેની પાસે આવે છે તેને પ્રભુ કહે છે. તારું જે છે તે વેચીને દરિદ્રીને આપી દે. અને મારી પાછળ આવ. પણ તે જુવાન ઉદાસ થઈને ચાલ્યો ગયો કેમ કે તેની સંપત્તિ ઘણી હતી.

**કેવી રીતે ચાલવું જોઈએ :-**

આત્માથી ચાલો ગલાતી ૫:૨૫ પ્રમાણે પાઉલ જેઓ આત્મિક છે તેઓ ચાલી શકે એવું જણાવે છે. કેમ કે આત્મિક મન જીવન તથા શાંતિ છે. અને જેમનામાં દેવનો આત્મા વસે છે તેઓ આત્મિક છે. વળી ઉત્પત્તિ ૫:૫ માં પ્રભુના સેવક હનોખનું જીવન ઉત્તમ ઉદાહરણ પૂરું પાડે છે. મથુશેલાહના જન્મ પછી હનોખનો નવો જન્મ થયો એવું કહી શકાય. અને ત્યાર પછી તે એક બે દિવસ, મહિના, વર્ષ નહિ પણ ત્રણસો વરસ દેવની સંઘાતે ચાલ્યો. કદાચ આપણને પ્રશ્ન થાય કે હનોખનો સમય અત્યાર કરતાં ઘણો સારો હશે. ના એવું નથી. ઉલટાનું તે સમયના લોકોમાં એટલી બધી અનૈતિકતા, ભોગવિલાસ, મોજશોખ, વ્યભિચાર, ભૂંડાઇ હતાં. તેઓના હૃદયના વિચારની હરેક કલ્પના નિરંતર ભૂંડી હતી. તેના પરિણામે ઈશ્વરને પૃથ્વી પર માણસને ઉત્પન્ન કર્યાનો પશ્ચાતાપ તથા હૃદયમાં ખેદ થયો. છતાં પણ આવા ભયંકર સમયમાં હનોખ ઈશ્વરની સંઘાતે ચાલ્યો અને ઈશ્વરે તેને ઉપર લઇ લીધો. કેટલો અદ્‌ભુત માણસ અને આપણા માટે કેટલી પડકારરૂપ બાબત ! આવો, પ્રભુની આગળ નમ્રપણે પાપકબૂલાત **કરી, પ્રભુને જીવન સમર્પણ કરી ઈશ્વરની સંઘાતે ચાલીએ.**

## ચાળીસ વર્ષની આશીર્વાદિત જીવનગાથા

**(સંક્ષિપ્તમાં)**

**જન્મ :-**

મારો જન્મ તા. ૨૮ નવેમ્બર ૧૯૫૫, ના રોજ ખેડા જિલ્લામાં નડીઆદ તાલુકાના મહુધા ગામે ગરીબ કુટુંબમાં થયો હતો. મારાં માતા પિતા ખૂબ જ ગરીબ અને અભણ હતાં. લગ્ન જીવન પછી ઘણા લાંબા સમયે કુટુંબમાં મારો જન્મ થતાં આનંદ થયો હતો. નાનપણથી મારાં દાદીમા સ્વ. શ્યામબાની છત્રછાયા નીચે ઉછેર થયો. મારા માટે તેમણે વેઠેલું દુઃખ ખૂબ જ આશીર્વાદિત નીવડયું એમાં બે મત નથી. મારા પિતાનો સ્વભાવ ખૂબ ગુસ્સાવાળો. સહેજમાં ગુસ્સે થઇ જતાં. શિક્ષણના અભાવે સામાજિક ધાર્મિક વિચારોની ખૂબ જ ઉણપ છતાં

મારા જન્મ પછી એમાં થોડે ઘણે અંશે સુધારો થતો ગયો. મારી સમજણ આવ્યા પછી મારી માતા સ્વ.નાથીબાઈને રાહત થવા લાગી હતી. તેના દુઃખમાં હું સહભાગી થતો. કુટુંબમાં ગરીબાઇના કારણે સાત વર્ષની નાની ઉંમરથી જ મહેનત મજૂરી કરવાની ફરજ અનિવાર્ય બની હતી. મારાં માતાપિતાએ ઈંટો પાડવાના ધંધામાં તેમ જ ખેતમજૂર તરીકે આખી જિંદગી પસાર કરી. આ બધામાં હું પણ બાકાત રહી શક્યો નહોતો.

**અભ્યાસ અને સેવા :-**

ધોરણ ૧ થી ૪ મિશન સ્કુલ મહુધામાં શિક્ષણ મેળવ્યું ધોરણ. ૪ થી ૭ પ્રાથમિક શાળા મહુધામાં શિક્ષણ મેળવ્યું. ૮ થી ૧૧ માધ્યમિક શાળામાં શિક્ષણ પૂરું કર્યું. નાણાંની તંગીને કારણે અપૂરતાં કપડાં, ખોરાક, અને પુસ્તકોને કારણે અને ઘરનો બધો આધાર મજૂરી મળે તો જ નિર્વાહ ચાલી શકે એવા સંજોગોમાં ધો. ૭ માં બે વખત અને એસ.એસ.સીમાં બે વર્ષ નાપાસ થયા પછી ૧૯૭૮ માં મેં એસ.એસ.સી પાસ કર્યું. આગળ ભણી શકાય એવી કુટુંબની વ્યવસ્થા જ નહોતી. ધોરણ ૫ થી ૧૧ સુધી કુટુંબ સાથે મજૂરી કરવાની અને સાથે સાથે અભ્યાસ કરવાની બેવડી જવાબદારી સ્વીકારવી પડે. ઈંટો પાડવાના ધંધામાં રાત્રે બે કે ત્રણ વાગે ઊઠવાનું અને મા-બાપને મદદરૂપ થવાનું અને સવારે ૯-૦૦ વાગ્યા સુધી મજૂરી કરી ૧૦ વાગે તૈયાર થઇ મહેમદાવાદથી મહુધા બસમાં અપ-ડાઉન કરી ભણવા માટે આવ-જા કરવું પડતું હતું. અભ્યાસમાં પૂરતો સમય મળે નહિ. સ્કૂલમાં જે શીખવવામાં આવતું તેનાથી જ વાર્ષિક પરીક્ષા આપવાની રહેતી. પુષ્કળ નાણાંની તંગીમાં વર્ષ આખર સુધી પુસ્તકો પણ પૂરતા પ્રમાણમાં મળી રહેતાં નહોતાં. વર્ષમાં બે જોડ કપડાંથી ચલાવવું પડતું. ૧ જોડ સ્કૂલનું યુનિફોર્મ અને બીજી એક જોડ જે ક્રિસમસ વખતે સીવડાવ્યાં હોય. એમ આખા વર્ષ દરમ્યાન બે જોડ કપડાંથી ચલાવવું પડતું. એમ માંડ માંડ એસ.એસ.સી સુધી ભણીને આગળ ભણવા ઉપર પૂર્ણવિરામ મૂકવું પડ્યું. નોકરી તો મળવાની વાત ક્યાંથી? એથી કરીને ૧૯૭૬ થી ૧૯૮૦ સુધી ઈંટો પાડવાનો સખત પરિશ્રમવાળો ધંધો સ્વીકાર્યો. જેમ બાઇબલમાં મિસરદેશમાં ગુલામીમાં ઈંટો પાડવાના ધંધા વિશે લખવામાં આવ્યું છે. તેમ ગરીબાઇની ગુલામીમાંથી છટકવા ઈંટો પાડવાનો ધંધો કર્યા વગર છૂટકો નહોતો. સખત મજૂરી કરી જીવનનાં ૨૪ વર્ષ પસાર થઇ ચૂક્યાં હતાં. કોઇ આશાનું કિરણ દેખાતું નહોતું. મકાન પણ મારી ૨૪ વર્ષની ઉંમર સુધી મારા પિતા બનાવી કે તૈયાર લઇ શક્યા નહોતા. હું જ્યારે ૨૪ વર્ષનો થયો ત્યાં સુધી ભાડાનાં મકાનમાં રહ્યાં. મારી દાદીનું મકાન હતું તેમાં મારા સૌથી નાના કાકા રહેતા.

આ બધામાં એક આશાનુ કિરણ પ્રભુ ઈસુખ્રિસ્ત જ હતા. એક દિવસ એવો

આવ્યો કે તા. ૫ નવે. ૧૯૭૬ મહેમદાવાદ ઈવેન્જલિકલ યુનિયન ઓફ ઈન્ડિયાના ગોસ્પલ કેમ્પમાં ભાગ લેવાની તક મળી. પ્રભુએ મારા જીવન સાથે માર્ક: ૧૦:૧૭ થી ૨૨ જુવાન માણસના દ્વારા વાત કરી. હું પણ જુવાન હતો. મેં મારું જીવન તપાસ્યું. પ્રભુને તે રાત્રે પસ્તાવાનાં આંસુ સાથે જીવન સોંપ્યું. અને નવા જીવનનો સંચાર થયો. શરૂઆતમાં મુશ્કેલીઓ પડી પણ પ્રભુએ કૃપા આપી. જીવનની કરવટો બદલાવા માંડી. ધાર્મિક પુસ્તકો વાંચવાનો રસ કેળવાયો એવામાં ખ્રિસ્તીબંધુ જે એલિસબ્રીજથી પ્રસિધ્ધ થાય છે. તેનો ગ્રાહક બન્યો. સૌ પ્રથમવાર લેખો, જાહેરાત, અવનવી બાબતો જાણવા મળી. ૧૯૮૦ ના જૂન માસમાં ખ્રિસ્તીબંધુમાં ડિસ્ટ્રીબ્યુટર પ્રમોટરની જગ્યા માટે જાહેરાત આપવામાં આવી તે મારા વાંચવામાં આવી. મેં વિશ્વાસ અને પ્રાર્થના સાથે અરજી કરી. એ પહેલાં પ્રભુના આત્માએ ૧૯૭૬ થી ૧૯૮૦ સુધી વિવિધ રીતે ઘડવાની કામગીરી શરૂ કરી. પ્રભુને જીવન સોંપ્યા પછી મહુધા મેથડિસ્ટ ચર્ચમાં સૌ પ્રથમવાર નાની ઉંમરે ૨૪ વર્ષની ઉંમરે કારભારી બન્યો. જવાબદારી મળવાથી પ્રભુમાં વધુ દૃઢ બન્યો. દર રવિવારે અચૂક હાજર રહેવાનું પ્રભુ સાથે નક્કી કર્યું અને પાળ્યું. બે વર્ષ પછી મંડળીમાં ટ્રેઝરર તરીકે જવાબદારી સોંપવામાં આવી. મારા જીવન ઘડતરમાં ઈશ્વર પિતા, કુટુંબનો, મિત્રોનો મંડળીના ભાઇ-બહેનોનો સહકાર ખૂબજ મળવા લાગ્યો.

પ્રભુએ માન-સ્થાન આપ્યાં. ચાર વર્ષમાં અજાયબ સેવા આપી મહેનત સાથે આ કાર્ય કર્યું. સને. જૂન ૧૯૮૦ માં ખ્રિસ્તીબંધુમાં જાહેરાતનાં આધારે ૪ ઓગષ્ટ ૧૯૮૦ ના રોજ ખ્રિસ્તી સાહિત્ય સેવા સદનમાં ઇન્ટરવ્યુ કોલ આવ્યો. હું સવારે ૧૦ વાગે પૂરી તૈયારી અને પ્રાર્થના સાથે પ્રથમવાર અમદાવાદમાં ગયો. પ્રભુના સેવકો ત્યારે ત્યાં ટ્રાક્ટ સોસાયટીમાં કાર્યવાહક સમિતિમાં જેઓ સેવા આપતા હતા તેમની સાથે પ્રથમ મુલાકાત થઇ. દરેક આગેવાન સાહેબોએ મારી પૂરી ચકાસણી કરી લગભગ દોઢથી બે કલાક મારો સમય લીધો. પ્રભુએ દરેક રીતે વાતચીતમાં પૂરતી મોકળાશ અને કૃપા આપ્યાં અને પ્રભુ કૃપાથી તેની દ્રાક્ષવાડીમાં મજૂર તરીકે મારી પસંદગી કરવામાં આવી. મને ૭ ઓગષ્ટ ૧૯૮૦ થી ડિસ્ટ્રી. પ્રમોટર તરીકે મારી સેવા શરૂ કરવાનો લેખિત ઓર્ડર મળ્યો. હું ખુશખુશાલ થઇ ગયો. હજારો નિરાશામાં એક અમર આશા છુપાયેલી છે, એ જ રીતે મારા માટે આશાનું કિરણ પ્રગટ્યું. ઘરે આવ્યો. આખા કુટુંબ અને મંડળીમાં આનંદ આનંદ થઇ ગયો. કારણ કે મને નોકરી મળી હતી. એ ધન્યદિવસ મારાથી કેમ ભૂલાય ? મેં તન, મન, ધનથી સેવા શરૂ કરી પુસ્તકોનું વેચાણ કરી. નાણાંનો દર મહિને રિપોર્ટ આપવાનો, નાણાં જમા કરવાનાં, દર મહિને રૂપિયા પાંચસોનું વેચાણ તો આપવાનું જ. એવું મારા આર્ડરમાં લેખિત હતું. પણ

પ્રભુએ કૃપા આપી. પ્રથમ માસે રૂપિયા સાતસોનું વેચાણ થઇ શક્યું. પ્રથમ પગારના દિવસે ઘરે મિટિંગ રાખવામાં આવી. ટ્રા. સો. સ્ટાફ સેક્રેટરી સ્વ. સત્વેદી સાહેબ, રેવ. જયાનંદ ચૌહાન સાહેબ, રેવ.ફીલીપ મેકવાન વિગેરેએ હાજર રહી સભાને ખૂબ જ આશીર્વાદિત બનાવી. સેક્રેટરી સ્વ. હેમિલ્ટન સત્વેદી સાહેબના ઉદ્દગારો આ હતા. નાઝરેથમાંથી સારું શું નીકળી શકે? એમ- મહુધામાંથી શું સારું નીકળી શકે? પણ અમે પ્રભુપિતાનો આભાર માનીએ છીએ કે અમારે એક એવા વિશ્વાસુ માણસની જરૂર હતી. જે પ્રભુનાં વચનો દરેક જગ્યાએ આખા ગુજરાતમાં પહોંચાડે અને આ જુવાન શ્રી છોટુભાઇને પ્રભુએ પૂરા પાડયા તેથી પ્રભુની સ્તુતિ કરતાં તેમના જીવન માટે અમે આનંદ અનુભવીએ છીએ. અને પ્રભુને ઓળખનાર વ્યક્તિ પૂરી પાડી છે અને અમારો વિશ્વાસ અને પ્રાર્થના છે કે આજે મહુધામાંથી સારૂ પાત્ર નીકળ્યું છે તે રાત્રે મારા કુટુંબમાં અને મંડળીમાં મહાઆનંદનો દિવસ હતો.

લગ્ન :-

૧૯૮૦ માં ટ્રા.સો. માં મને નોકરી મળી છે એવું લોકોની જાણમાં આવવાથી કુટુંબીજનો અને સગાં સ્નેહીઓ લગ્ન માટે વાતો લાવવા લાગ્યાં. પણ મારે લગ્ન માટે ઉતાવળ કરવાની જરૂર નહોતી. કારણ કે એક તો પોતાનું ઘર ન હતું. અને સાથે નાણાં ભીડ હતી. સાથે સેવામાં યોગ્ય પાત્રની મારે જરૂર હતી. બે ત્રણ વર્ષ સુધી લગ્ન માટે કોઇ વિચાર નહોતો. પરંતુ હું ઘરમાં મોટો હોવાથી અને કુટુંબમાં બીજાં ભાઇ બહેનોનાં લગ્ન કરવાનાં હોઇ મારા ઉપર દબાણ થતું. મારા લગ્ન માટે ઘણી બધી વ્યક્તિઓએ હમદર્દી બતાવી. ઘણી વાતો જોઇ. અનુકૂળ યોગ્ય સમયે પ્રભુના સેવક રેવ.એસ.યુ. પરમાર સાહેબ મારફતે એક પાત્ર માટે મને કહેવામાં આવ્યું ૧૯૮૪ ના એપ્રિલ માસમાં પામસન્ડેના દિવસે મુલાકાત ગોઠવવામાં આવી. બન્ને પાત્રો અને કુટુંબો માટે આ વાત યહોવાથી નીકળી છે. એવો અહેસાસ થતાં વાત નક્કી થઇ. પ્રભુના સેવકની મદદથી યોગ્ય એવી સહાયકારી પ્રભુએ પૂરી પાડી. એનો મને તે દિવસે અત્યાનંદ હતો. પ્રથમવાર એકબીજાને મળવા છતાં સંપૂર્ણ આનંદ અને આશીર્વાદ મુલાકાત સાથે પ્રભુની સ્તુતિ સાથે સગાઇનું કામકાજ પૂરું કરી ઘરે આવ્યા. લગ્નની તારીખ પણ નક્કી કરવામાં આવી. ૨૮ મે ૧૯૮૪ સી.એન.આઇ. ચર્ચ કેરીપુરમાં પ્રભુની હાજરીમાં સેવકો અને સગાં સ્નેહીઓની સાક્ષીમાં લગ્ન કરવામાં આવ્યું. જેમ બાઇબલમાં લખવામાં આવ્યું છે કે ત્રેવડી દોરીથી બાંધેલી દોરી તૂટતી નથી એમ ત્રિએક ઇશ્વર પિતાની હાજરીમાં ખૂબ આનંદ ઉલ્લાસ અને ધામધૂમથી લગ્ન થયાં. પ્રભુએ મને સહાયકારી પૂરી પાડી તેનો અત્યાનંદ તે દિવસે હતો. પ્રભુએ મિલ્કાહ નામની સ્ત્રી આપી જેનો અર્થ સારી

સલાહકાર થાય છે. ખરેખર તે એ જ છે આજે બાર વર્ષના લગ્નજીવન પછી અમારો ઘરસંસાર પ્રભુએ ખૂબજ આશીર્વાદ આપીને સફળ બનાવ્યો છે.

જ્યારે લગ્ન કર્યું ત્યારે મારી પત્ની પ્રભુને ઓળખતા ન હતાં. પણ પ્રભુકૃપાથી તેણે પણ લગ્ન પછી થોડા સમયમાં જ પ્રભુનો અંગત તારનાર તરીકે સ્વીકાર કર્યો મને ખૂબ જ વિશ્વાસુ અને પ્રેમાળ પત્ની પ્રભુએ પૂરી પાડી તેનો મને આજે પણ આનંદ છે. અમારા બાર વર્ષના લગ્ન જીવનમાં પ્રભુએ બે પુત્રોનાં કૃપાદાનો આપ્યાં છે. સાથે મારા પત્ની લગ્ન સમયે માત્ર એસ.એસ.સી. પાસ હતાં, પણ પ્રભુ કૃપાથી લગ્ન પછી પી.ટી.સી. થઇ શક્યાં. અને આજે આઠ વર્ષથી નોકરી કરે છે. પ્રભુએ અમને આત્મિક, આર્થિક સામાજિક, કૌટુંબિક, રીતે ખૂબજ આશીર્વાદિત કર્યાં છે. બાર વર્ષના ટૂંકા ગાળામાં પ્રભુએ નડિયાદમાં સ્થાયી કર્યાં, પોતાનું મકાન આપ્યું એમાં પણ પ્રભુની કૃપા જ જોઇ શકાય છે. ઇશ્વરપિતાના મારા એકાકીપણાથી કુટુંબવાળા બનાવવામાં અને અનેકવિધ આશીર્વાદોથી ભરપૂર કરવામાં જે અમૂલ્ય ફાળો આપ્યો છે તેનું વર્ણન કરવા મારી પાસે શબ્દો નથી. જેમ ગીતકર્તા કહે છે. અરે હજારો જીભોથી સ્તુતિ ખ્રિસ્તની ગાઉં.

છેલ્લે નડિયાદમાં હાલમાં મેથડિસ્ટ ચર્ચમાં કારભારી તરીકેની સેવા, નડિયાદ બ્રાન્ચ બાઇબલ સોસાયટી ઓફ ઇન્ડિયામાં ખજાનચી તરીકેની સેવા, નડિયાદ ઇ.જી.એફ.માં ખજાનચી તરીકે સેવા સાથે ટ્રાક્ટ સોસાયટીમાં ડિસ્ટ્રીબ્યુટર પ્રમોટર તરીકેની ૧૬ વર્ષની આશીર્વાદિત સેવાઓ માટે પણ મારી જાતને ધન્ય ગણું છું. મારા જેવા નબળા પાત્રનો પ્રભુ આટલો ઉપયોગ કરે એ મારી કલ્પના બહારની વાત છે. છતાં કરે છે તે સત્ય છે. આમીન.

## જીવનનો યાદગાર પ્રસંગ - ૧

જ્યારે હું ધોરણ પાંચમા અભ્યાસ કરતો હતો ત્યારે મારા પિતાજી લાંબી માંદગીમાં સપડાયા. લગભગ એક મહિનો કશું કામકાજ કરી શક્યા નહિ. જેના કારણે ઘરમાં ખૂબ તંગી પડતી, દેવું પણ મારા બાપુજીને ખૂબ થઇ ગયું. દવાનો ખર્ચ અને દરરોજ ઘરખર્ચના નાણાં ક્યાંથી લાવવાં? ઇંટો પાડવાનો ધંધો, મજૂરી કરે તોજ પૈસા મળે. જેટલું કામ કરો તેટલાં નાણાં મળે. આવા સમયે હું મારાં મા અને દાદીમા સાથે રહી અભ્યાસ કરતો. પ્રથમ દર અઠવાડિયે મારા બાપુજી મારા અને દાદીમાના ખર્ચ પેટે અમુક પૈસા મોકલતા. બે ત્રણ અઠવાડિયાં થયાં છતાં નાણાં નહિ મોકલતા અને તેમની માંદગીના સમાચાર મળ્યા કે એક મહિનાથી કામકાજ થતું નથી દવાખાનાનો - ખર્ચ છે એવા સમયે હું સ્કૂલમાંથી ઊઠી ગયો અને ઘરના કામકાજમાં મદદરૂપ થવા નક્કી કર્યું. જેના પરિણામે હું ધોરણ

પાંચમાની વાર્ષિક પરીક્ષા પહેલાં માર્ચ મહિનામાં દાદીમા ખેતરમાં કામકાજ કરવા જાય ત્યારે અન્ય જગ્યાએ કામકાજ કરી થોડા પૈસા ભેગા કરી ઘરમાં મદદ રૂપે આપવા પ્રયત્ન કર્યો. પરંતુ સ્કૂલમાંથી ખબર આવી કે તમારો દીકરો ત્રણ અઠવાડિયાંથી સ્કૂલમાં આવતો નથી. સત્વરે મળી જાવ. નહિ તો નામ કાઢી નાંખવામાં આવશે. એટલે મારાં દાદીમા આ સાંભળી ખૂબ ગુસ્સે થયાં. અને એ જ દિવસે તેઓ પણ ખેતરમાંથી કામ ઉપરથી આવ્યાં હતાં હું પણ બપોરે જમવાના સમયે ઘેર આવ્યો હતો આવતાંની સાથે મારા ઉપર ગુસ્સે ભરાયેલાં દાદીમાએ મને ઘરમાં પૂરીને ખૂબ માર માર્યો અને કહ્યું કે, "તારા બાપે તો આખી જિંદગી મજૂરી કરી છે તારે પણ મજૂરી કરવાની છે? તારે ગમે તે ભોગે ભણીને ઘરને ઊંચું લાવવાનું છે". તે દિવસે ફળિયાનાં એક બહેને મને માંડ મારા દાદીમા પાસેથી છોડાવ્યો. પણ એ દાદીમાનો ચમત્કાર મારા જીવનમાં નવો વળાંક લાવ્યો. તેઓ મારા ઉપર ખૂબ પ્રેમ કરતાં. મારા માટે તેઓએ પણ ઘણી મહેનત કરી જીવનઘડતરમાં અગત્યનો ફાળો ભજવ્યો છે તેમનો હું પણ ઋણી છું. આજે તેઓ પ્રભુ પાસે છે. છતાં તેમનો આશીર્વાદ મને મળ્યા છે.

## જીવનના યાદગાર પ્રસંગો - ૨

અગાઉ જણાવ્યું તેમ ઘરની પરિસ્થિતિ કંગાળ હતી. અને જ્યારે હું ધોરણ ૭ પાસ કરીને આઠમા ધોરણમાં હાઈસ્કૂલમાં પ્રવેશ મેળવવાનો હતો. ત્યારે હાઈસ્કૂલનું શિક્ષણ નાણાં વગર મારાથી લઈ શકાય તેમ ન હતું. પુસ્તકોનો ખર્ચ, યુનિફોર્મનો ખર્ચ, દાખલ ફી આ માટે રૂપિયા ઓછામાં ઓછા ત્રણસો ચારસોની જરૂર હતી. આ માટે હું મારા નજીકના સગાને ત્યાં મારા વતનથી બાર કિલોમીટર ચાલીને પૈસા માટે ગયો મને જોઇને તેઓ ખુશ થયા. કેમ ભયલા અત્યારે બપોરના સમયે એકલો આવ્યો? કદિ નહિ ને ? મે કહ્યું, "કામ હોય તો જ આવું ને" ? તેઓ કહે, "ભાઇ એવું તે શું કામ છે" ? મારી ઉપરની હકીકત જણાવી મારે હવે ધોરણ સાત પાસ કરી હાઈસ્કૂલમાં ભણવા જવું છે. પણ મારાં માબાપ પાસે પૈસા નથી. થોડા સમય માટે ઉછીના આપો તો સારું. જેથી સમય મળે પાછા આપી જઈશું. મારી બધી વાત શાંતિથી તેમણે સાંભળી. પછી જમવાનો તો સમય હતો તેમણે જણાવ્યું "સારુ ભાઇ, હમણાં જમવાનો વખત થયો છે. પહેલાં ખાઇ લે, પછી વાત". મને એમ કે ખાધા પછી જરૂર આપશે. એવા વિશ્વાસે હું જમવા બેઠો. જમ્યા પછી તેઓ કહે "ભાઇ, હું એક જગ્યાએ જઇ આવું જો આપે તો લેતો આવું" એમ કહી બજારમાં ગયા.

થોડા સમય પછી તેઓ પાછા આવ્યા અને મરક - મરક હસતા હસતા કહેવા લાગ્યા "ભાઇ, માફ કરજે. પૈસા બને તેમ નથી". એમની પરિસ્થિતિ સારી હતી. ઘરમાં પૈસા હોવા છતાં ખોટો ડોળ કરી પાછા આવ્યા. અને પછી પૈસાની હમણાં સગવડ નથી એમ જણાવી ના પાડી. મને તો કાપો તો લોહી ના નીકળે એવી પરિસ્થિતિ ત્યાં જ થઇ. મારા હૃદયમાં દુ:ખ થયું. ત્યાં જ રડવું આવી ગયું. મારાથી ન રહેવાયું. ઊઠીને પાછો ઘરે આવ્યો. ઘરે જણાવ્યું હવે શું થાય? મારા માતાનાં સોનાનાં ફૂલ હતાં તે બીજા દિવસે વેચીને એમાંથી રૂ. ૩૦૦ આવ્યા. તેમાંથી પુસ્તકો, કપડાં વગેરે લાવી એડમિશન લીધું. અને હાઇસ્કૂલનું શિક્ષણ શરૂ કર્યું. ત્યાં પેલી પંક્તિ મને યાદ આવી.... વિપત્ત પડે ના વલખીયે, વલખે વિપત ના જાય. વિપતે ઉદ્યમ કીજીએ ઉદ્યમ વિપત્તને ખાય. ત્યારથી મનમાં ગાંઠ વાળી કે ભણતર સાથે સખત મહેનત કરી જીવનને સફળ કરી બતાવવું સખત પરિશ્રમનો કોઇ વિકલ્પ નથી. એ જ ધ્યેય આજે ચાલીસ વર્ષે પણ જારી રાખ્યો છે. તેથી સુખી છું.

## જીવનનો યાદગાર બનાવ - (૩) અકસ્માત

૬ઠ્ઠી ડિસેમ્બર ૧૯૮૮ સાંજના સમયે એક કામ માટે હું અને મારા મિત્ર ભાઇલાલભાઇ બજારમાં ગયા હતા. પાછાં વળતાં મિશન રોડ ઉપર ચર્ચની પાસેથી વાતો કરતાં કરતાં પસાર થતા હતા અને અમારી સાઇડ પર હતા. પાછળથી કોઇ સ્કૂટરચાલકે આવી પૂરજોસમાં ટક્કર મારી. હું રસ્તા પર જ ચીસ પાડતાં નીચે પટકાઇ પડયો. સાથે ચાલતા ભાઇલાલભાઇ કંઇ સમજે એ પહેલાં હું ખૂબ ભયંકર રીતે અકસ્માતનો ભોગ બન્યો હતો. મને તેઓએ તાત્કાલિક મિશન હોસ્પીટલમાં દાખલ કર્યો. ડોકટરે ભાઇલાલભાઇને કહ્યું કે કેસ ગંભીર છે. મોટા દવાખાને લઇ જવા પડશે તેઓ પણ ગભરાઇ ગયા. તાત્કાલિક મારા ખાસ મિત્ર જયંતીભાઇને બોલાવ્યા. બન્ને જણા તાત્કાલિક સિવિલ હોસ્પીટલમાં લઇ ગયા. ત્યાં શ્રી બંસીભાઇ બારોટ મારફતે ઇમરજન્સી સારવાર અપાવી મને ત્યાં કોઇ જાતની ખબર ન હતી. મને લાગતું હતું કે જીવનનો છેલ્લો દિવસ છે. પણ પ્રભુએ મારાં બે નાનાં બાળકો તથા પત્નીને લીધે તેમજ ચર્ચના સાહેબો, મિત્રો, વિશ્વાસી ભાઇ બહેનોની પ્રાર્થનાને, પરિણામે પ્રત્યુત્તર આપ્યો. મોટા ભયંકર અકસ્માતથી બચાવ્યો. ત્યારે પણ મેં પ્રભુનો ખૂબ આભાર માન્યો. મને જીવતદાન મળ્યું. અને પ્રભુકૃપાથી તેની સેવામાં લાગુ છું - પ્રભુના નામની સ્તુતિ હો.

# અજોડ જુવાન

તને જુવાન જાણીને કોઇ તારો તુચ્છકાર ન કરે. પણ વચનમાં, વર્તનમાં, પ્રીતિમાં, વિશ્વાસમાં, અને પવિત્રતામાં તું વિશ્વાસીઓને નમૂના રૂપ થા.

**(૧) વચનમાં :-**

જુવાન માણસ પોતાનો જીવનક્રમ શાથી શુધ્ધ કરી શકે? તારાં વચન પ્રમાણે તેને વિષે સાવધ રહેવાથી. ગીત. ૧૧૯:૯. ઉપરોક્ત વચન યોસેફના જીવનમાં તે મિસર દેશમાં જ્યારે પોટીફારનાં ઘરમાં એક ગુલામ તરીકે જે કામ અથવા સેવા કરી રહ્યો હતો તે સમયે આવ્યું. પ્રભુનું વચન હંમેશાં તેના હૃદયમાં હતું. તેના વિશે તે સાવધ હતો. અને ત્યાં લખવામાં આવ્યું છે કે ઉત્પત્તિ ૩૯:૨ અને યહોવા તેની સાથે હતો. તે ભાગ્યવાન હતો.

**(૨) વર્તન :-**

યોસેફના સમગ્ર જીવનમાં સુખ અને દુઃખ, સંકટ અને મુશ્કેલીઓના સમય માં પણ તેનું વર્તન એકધાર્યું જ રહ્યું હતું. તેમાં કોઇ પણ પ્રકારનો ચઢાવ ઉતાર જોતા નથી. તેના ભાઇઓએ તેને ખાડામાં નાખી દીધો ત્યાર પછી તે રાજાના મહેલમાં, જેલમાં અને પોટીફરના ઘરમાં ઘણી બાબતોનો સામનો તેણે કરવો પડયો. ઘણું બધું સહન કરવું પડયું. છતાં તેનું વર્તન લેશ માત્ર બદલાતું નથી. જ્યારે તેને મિસરમાં પોટીફારના ઘરનો તથા રાજ્યની સર્વ માલમિલકતનો કારભારી ઠરાવ્યો અને જ્યારે દુકાળ પડ્યો ત્યારે સર્વને તેના દ્વારા ખોરાક પૂરો પાડવામાં આવ્યો. તેના ભાઇઓ પણ જ્યારે તેની પાસે આવે છે ત્યારે તેઓ તો તેને ઓળખી શક્યા નહિ. પણ યોસેફ ઓળખવા છતાં તેમના પ્રત્યે બદલાની ભાવના રાખતો નથી. તેના વર્તનમાં કોઇ વિકાર થયેલો આપણે જોતા નથી. ઉપરથી એવું બોલતો આપણે સાંભળીએ છીએ કે તમે તો મારું ભૂંડું કરવા ચાહ્યું પણ ઇશ્વરે મારું ભલું કર્યું છે. બીજો દાખલો પોટીફારની સ્ત્રીના વર્તન સામે તે તેની માગણીને સ્વીકારી આધીન થતો નથી.

**(૩) પ્રીતિમાં :-**

યોસફની પ્રીતિ તેના કુટુંબ માટે અજોડ હતી. તેના ભાઇઓએ તેના પ્રત્યે દુશ્મનાવટ રાખી. અદેખાઇ કરી. ગુલામ તરીકે વેચી દેવા તેઓએ સંકોચ અનુભવ્યા નહિ. પણ જ્યારે યોસેફના હાથમાં સત્તા આવી. ત્યારે તે બદલો લઇ શક્યો હોત. પરંતુ પ્રભુના વચન વિષે તે સાવધ હતો. રોમન ૧૨:૯-૨૧ મુજબ બધા સદ્‌ગુણો તેનામાં જોવા મળે છે. અને તેણે તેના ભાઇઓ સામે સામું વેર નહિ વાળતાં પ્રીતિ કરીને સારાથી ભૂંડાનો પરાજય કર્યો.

(૪) વિશ્વાસમાં :-

યોસેફ પોટીફારના ઘરનાં તેમ જ રાજ્યનાં સર્વ કામમાં વિશ્વાસુ હતો અને યહોવાએ યોસેફને લીધે પોટીફારના ઘરનાંને આશીર્વાદ દીધો. અને ઘરમાં તથા ખેતરમાં જે સર્વ હતું તે પર યહોવાનો આશીર્વાદ હતો. અને પોટીફારે સર્વ યોસેફના હાથમાં સોપ્યું. એટલે સુધી કે તે જે અન્ન ખાતો તે વિના પોતાનું શું છે એ કોઇ પણ તે જાણતો નહોતો. કેટલો મોટો વિશ્વાસુ જુવાન! એટલું જ નહિ પણ પોટીફારની પત્નીએ જ્યારે તેની સાથે અઘટિત કૃત્ય કરવાનું કહ્યું ત્યારે પણ પ્રભુને અને તેના માલિકને વિશ્વાસુ રહ્યો.

(૫) પવિત્રતામાં :-

ઈશ્વર માણસ પાસે હંમેશાં પવિત્રતાની ઝંખના રાખે છે. અને તેના શરીરની પવિત્રતા માગે છે ઉત્પત્તિ. ૩૯:૬ માં લખવામાં આવ્યું છે કે અને યોસેફ સુંદર તથા રૂપાળો હતો. આ સુંદરતા ઉપર પોટીફારની સ્ત્રીએ યોસેફ પર કુદષ્ટિ કરી. અને તેને કહ્યું "મારી સાથે સૂ" પણ યોસેફે જવાબ આપ્યો "આ ઘરમાં મારા કરતાં કોઈ મોટો નથી અને મારા શેઠે તારા વિના બીજું કાંઇ મારાથી પાછું રાખ્યું નથી. કેમ કે તું તેની સ્ત્રી છે. માટે એવું મોટું કુકર્મ કરીને હું ઈશ્વરનો અપરાધી કેમ થાઉં" ? વળી તે યોસેફને રોજ રોજ તેની સાથે સૂવા વિશે કહ્યા કરતી. માની લો કે યોસેફે કદાચ તેની માંગણી સ્વીકારી તેને આધીન થયો હોત તો તેને સંપૂર્ણ સલામતી ખાનગી, સંપૂર્ણ વ્યવસ્થા પૂરી પાડવામાં આવી હતી અત્યારે શાંતિમાં હતો તેના કરતાં વધારે શાંતિમાં રહ્યો હોત કારણ કે પોટીફારની કૃપાદષ્ટિ અને તેની પત્નીની કૃપાદષ્ટિ બન્નેની ભેગી કૃપાદષ્ટિમાં તેને રહેવાનું મળત. પોટીફારની સ્ત્રી તો યોસેફમાં ખોવાઇ ગઇ હતી. તેણે મનથી તો બધું જ ક્યારનું યોસેફના ચરણોમાં તન,મન, અને સર્વસ્વ ન્યોછાવર કરી દીધું હતું. તે તેના પતિને પણ થોડો સમય ભૂલી જઇ યોસેફને જ તેનું સર્વસ્વ મનોમન ગણતી હતી. તેના સ્વપ્નોમાં રાચતી હતી પણ યોસેફની પવિત્રતા કેવી ઉત્તમ પ્રકારની! શું આજના જુવાનો આવી તકો જતી કરે ખરા? સંપૂર્ણ સલામતી સાથેની ! ના, હરગીજ નહીં. પણ યોસેફે તે કર્યું નહિ. તે તેના ક્ષણિક સુખ માટે ઈશ્વરનો અપરાધી બની આપેલા આશીર્વાદો ગુમાવવા માગતો ન હતો. ધન્ય છે તેની પવિત્રતાને!

# લગ્ન-ઇશ્વરની મહાન ભેટ

અને યહોવા દેવે કહ્યું કે....

"માણસ એકલો રહે તે સારું નથી. હું તેને યોગ્ય એવી એક સહાયકારી આપીશ".

ઉત્પત્તિ. ૨:૧૮

સૃષ્ટિના આરંભમાં ત્રિએક ઈશ્વર પિતાએ મનુષ્ય જાતને સર્વોચ્ચ કહી શકાય એવી ભેટ આપી હોય તો તે એ જ છે કે લગ્ન. આ અંક આપના હાથમાં આવશે ત્યારે ઘણાં બધાં લગ્નોત્સુક યુવક-યુવતીઓના લગ્નની તડામાર તૈયારીઓ થઇ રહી હશે. ઘણાંનાં લગ્નો ગોઠવાઇ રહ્યાં હશે. વાટાઘાટો ચાલતી હશે. ઘણાં યુવાનો માટે ઉનાળો-લગ્નની સીઝન હાથમાંથી સરકી ગઇ હોય તેમ લાગતું હશે. પણ આ બધામાં દરેક માટે ઈશ્વર પિતાની ચોક્કસ યોજના હેતુ હોય છે. તેની ઈચ્છાથી જ બધું પાર પડે છે. ઘણાં અધીરા બની જઇને ઉતાવળિયા નિર્ણયો લઇ જિંદગીભર પસ્તાયા કરે છે.

**ધીરજ રાખો :-** લગ્ન માટે ક્યારેય ઉતાવળ કરશો નહિ. ઈશ્વરને તમારી જરૂરિયાતની ખબર છે. યોગ્ય સમયે પાત્ર પૂરું પાડશે. તમારી ઈચ્છા કરતાં વિશેષ સારી સહાયકારી તમને પ્રભુ આપશે જ.

**પ્રાર્થના કરો :-** દરેક પ્રસંગમાં આભારસ્તુતિ સાથે તમારી અરજો ઈશ્વરને જણાવો. તેમાંય ખાસ કરીને લગ્ન માટે.

ઈશ્વરની ઈચ્છા શી છે તે જાણોઃ- ઘણાં યુવક - યુવતીઓ ઈશ્વરની ઈચ્છા અથવા માબાપની આજ્ઞા અનુસાર કરતા નથી. પોતાની બુધ્ધિમતા ઉપર આધાર રાખી અયોગ્ય પસંદગી કરી જાતે મુશ્કેલીઓ ઊભી કરે છે. પ્રશ્નો સર્જાય છે. ઘણી વખત છોકરા - છોકરીઓ લગ્નની ઉંમર કરતાં વહેલાં એકબીજાના પ્રેમમાં પડે છે. અને આખરે તેમાં સમય કરતાં ઘણું બધું આગળ વધી જાય છે. પરિણામે મા બાપને ઘણી વખત ઈચ્છા ના હોવા છતાં ઉતાવળથી બાળકોની હઠીલાઇને માન આપી લગ્નો કરી આપવાં પડે છે. એમાં ઈશ્વરની અને માબાપની લાગણીની પ્રેમની - અવગણના થાય છે. છતાં માબાપ બાળકોની કરેલી ભૂલને કમને બહાલી આપે છે. પોતાની ઈચ્છા નહિ હોવા છતાં બાળકોની ઈચ્છાને - આધીન થવું પડે છે.

પરસ્પર પ્રેમ રાખો :- લગ્ન પછી એકબીજાને પ્રેમ કરો. જેમ ખ્રિસ્તે મંડળી પર પ્રેમ કર્યો તેમ એકબીજાને માન આપો. એકબીજાને વિશ્વાસુ રહો. પ્રભુ તમારાં કુટુંબમાં બાળકો રૂપી ધન આપે તો તેમને પ્રભુના ભયમાં ઉછેરો. મંડળી માટે કુટુંબો માટે, સમાજ માટે, નમૂનારૂપ જીવન જીવો. તમારાં જીવનો થકી બીજાને ઉત્તેજન પમાડો.

યાદ રાખો લગ્ન ઈશ્વરની અમૂલ્ય ભેટ છે.

## ચાળીસના આંકડાની પરિપક્વતા, કરાર અને આશીર્વાદ

**પવિત્ર બાઇબલમાં જે આંકડા બતાવવામાં આવ્યા છે તેનું પ્રત્યેકનું આગવું** અને મહત્ત્વનું સ્થાન છે. જેવા કે એક એટલે ઇશ્વર. બે એટલે ઇશ્વર પિતા અને પુત્ર ઇસુ ખ્રિસ્ત. ત્રણ એટલે ઇશ્વર પિતા, ઈશ્વર-પુત્ર અને પવિત્ર આત્મા. સાત એ સંપૂર્ણતા સૂચવે છે એ જ રીતે ચાળીસના આંકડામાં પરિપક્વતા જોવા મળે છે. સાથે કરાર અને ઇશ્વરીય આશીર્વાદો સમાયેલા છે. તે નીચે મુજબ છે.

**નૂહ :-**

ઉત્પત્તિ.૬ : ૧૩ અને ઇશ્વરે નૂહને કહ્યું કે, "મારી આગળ સર્વ જીવનો આવ્યાં છે. કેમ કે તેઓને લીધે પૃથ્વી જુલમે ભરેલી છે. અને જુઓ, હું તેઓનો પૃથ્વી સુધ્ધાં સંહાર કરીશ. હું પૃથ્વી પર ચાળીસ દહાડા તથા ચાળીસ રાત લગી વરસાદ વરસાવીશ અને જે સર્વ પ્રાણીઓ મેં ઉત્પન્ન કર્યાં છે. તેઓનો નાશ પૃથ્વી પરથી હું કરીશ". અને યહોવાએ જે આજ્ઞા તેને આપી હતી તે પ્રમાણે નૂહે કર્યું અને પૃથ્વી પર જળપ્રલય થયો. નૂહના આયુષ્યના છસોમા વર્ષના બીજા મહિનાને સત્તરમે દહાડે. તે જ દહાડે મોટા જળનિધિના ઝરા ફૂટી નીકળ્યા. ને આકાશનાં દ્વારો ઊઘડી ગયાં. અને ચાળીસ દહાડા તથા ચાળીસ રાત પૃથ્વી પર વરસાદ વરસ્યો. અને પૃથ્વી પર ફરનારા પ્રાણીઓ એટલે પક્ષી તથા ઢોર તથા વનપશુ તથા જીવજંતુ જેઓ પૃથ્વી પર છે તેઓ તથા સર્વ માણસ મરી ગયાં અને નૂહે યહોવાને સારૂ એક વેદી બાંધી ને સર્વ શુધ્ધ પશુઓમાંથી સર્વ શુધ્ધ પક્ષીઓમાંથી કેટલાંએક લઇને વેદી પર હોમ કર્યો અને યહોવાને તેની સુગંધ આવી અને યહોવાહે પોતાના મનમાં કહ્યું કે, "માણસને લીધે. હું પૃથ્વીને ફરી શાપ દઇશ નહિ. અને જેમ મેં સર્વ પ્રાણીઓનો સંહાર કર્યો છે તેમ હું ફરી કદી કરીશ નહી. અને તમારી સાથે હું મારો કરાર સ્થાપન કરું છું કે જળપ્રલયનાં પ્રાણીથી સર્વ પ્રાણીઓનો નાશ ફરી નહિ થશે અને તેના ચિહ્ન રૂપે વાદળમાં હું મારૂં ધનુષ્ય મૂકું છું. તે મારી તથા પૃથ્વીની વચ્ચેના કરારનું ચિહ્ન થશે". અને દેવે નૂહને તથા તેના દીકરાઓને આશીર્વાદ દીધો. ને તેઓને કહ્યું કે સફળ થાઓ ને વધો ને પૃથ્વીને ભરપૂર કરો.

**કાલેબ :-**

યહોશુઆ ૧૪:૭ થી ૧૩ યહોવાના સેવક મોશેએ દેશની બાતમી કાઢવા માટે કાદેશ બોર્નઆથી મને મોકલ્યો ત્યારે હું ચાળીશ વર્ષનો હતો. અને મારા મનમાં જે વાતની ખાતરી થઇ તે પ્રમાણે હું તેની પાસે ખબર લઇને પાછો આવ્યો પણ મારા જે ભાઇઓ મારી સાથે આવ્યા હતા તેઓએ લોકોનાં મન શિથિલ કરી

નાખ્યાં. પણ હું સંપૂર્ણ રીતે મારા દેવ યહોવાની આજ્ઞાનુસાર વર્ત્યો છું. અને મુસાએ તે દહાડે સમ ખાધા કે જે ભૂમિ પર તારો પગ ફર્યો છે તે ખચીત મારું ને તારા વંશજોનું વતન સદાકાળ સુધી થશે કેમ કે તું સંપૂર્ણ રીતે મારા દેવ યહોવાની આજ્ઞાનુસાર વર્ત્યો છે. અને યહોશુઆએ કાલેબને આશીર્વાદ અને હેબ્રોન વતન તરીકે આપ્યું -

**મોશે :-**

નિર્ગ. ૨૪:૧૨ થી ૧૮ અને યહોવાહે મોશેને કહ્યું કે, "તું પર્વત પર મારી પાસે આવ ને ત્યાં ઊભો રહે અને શિલાપાટીઓ તથાં નિયમ તથા જે આજ્ઞા મેં લખી છે તે હું તને આપીશ એ માટે કે તું તે તેઓને શીખવે". અને મોશે ઇશ્વર પાસે પર્વત પર ગયો અને યહોવાનું ગૌરવ સિનાઇ પર્વત પર થંભ્યું. ને છ દહાડા સુધી મેં તેને ઢાંકી રાખ્યો. અને સાતમે દહાડે તેણે મેઘમાંથી હાંક મારીને મોશેને બોલાવ્યો. અને મોશે મેઘ અંદર પેસીને પર્વત પર ચઢ્યો. અને મોશે ચાળીસ દહાડા તથા ચાળીસ રાત પર્વત પર રહ્યો. અને યહોવાએ મોશેને કહ્યું કે, "તું આ વચનો લખ. કેમ કે વચનો પ્રમાણે મેં તારી સાથે તથા ઇઝરાએલ સાથે કરાર કર્યો છે". અને તે ત્યાં યહોવાની સાથે ચાળીશ દહાડા તથા ચાળીસ રાત હતો. તેણે રોટલી ખાધી ન હતી તેમજ પાણી પીધું ન હતું. અને પાટીઓ ઉપર કરારના શબ્દો એટલે દશ આજ્ઞાઓ લખી. અને ઇસ્ત્રાએલપુત્રોએ તેનું કહેવું માન્યું ને જેમ યહોવાએ મોશેને આજ્ઞા આપી હતી. તેમ તેઓએ કર્યું. અને મોશે કે જેને યહોવા મોઢામોઢ ઓળખતો હતો. તેના જેવો પ્રબોધક હજી સુધી ઇઝરાયલમાં થયો નથી. એટલે મિસર દેશમાં ફારુન પર તથા તેના સર્વ ચાકરો પર તથા તેના આખા દેશ પર જે સર્વ ભયંકર કૃત્યો મોશેએ સર્વ ઇઝરાયલ દેખતાં કર્યાં તેમાં તેના જેવો કોઇ થયો નથી.

**યોના :-** યોના ૩ પછી યહોવાનું વચન બીજી વાર યોનાની પાસે આવ્યું. ઊઠ મોટા નગર નિનવેહ જઇને હું જે બોધ ફરમાવું તે બોધ કર એથી યોના ઊઠીને યહોવાનાં વચન પ્રમાણે નિનવે ગયો. નિનવે તો બહુ મોટું શહેર હતું ત્રણ દિવસની મજલ જેટલો તેનો ઘેરાવો હતો. યોનાએ નગરમાં દાખલ થઇને પોકારીને કહ્યું કે, "ચાળીસ દિવસ પછી નિનવેનો નાશ થશે". નિનવેના લોકોએ ઇશ્વરનાં વચન પર વિશ્વાસ કર્યો. પોતાનાં દુષ્ટ આચરણ તજી દીધાં. આથી તેઓ પર જે આપત્તિ આણવાનું ઇશ્વરે કહ્યું હતું તેનો તેને પશ્ચાતાપ થયો. અને તેણે આપત્તિનો અમલ કર્યો નહિ.

**એલિયા :-**

**પહેલો રાજા ૧૯ :** પણ પોતે એક દિવસની મજલ જેટલે દૂર અરણ્યમાં ગયો. ને જઇને એક રોતેમ વૃક્ષ તળે બેઠો. ત્યાં તેણે મોત માંગ્યું. અને યહોવાને

કહ્યું કે, "મારો જીવ લઇ લે કેમ કે હું મારા પિતૃઓ કરતાં સારો નથી". પછી તે રોતેમ વૃક્ષ તળે સૂતો ને ઊંઘી ગયો. અને જુઓ એક દૂતે તેને કહ્યું કે ઊઠીને ખા. તેણે જોયું તો તેના ઓશીકા પાસે અંગારા પર શેકેલી રોટલી તથા પાણીનો ચંબુ હતું. તે ખાઇ પીને ફરીથી સૂતો યહોવાના દૂતે બીજીવાર આવીને તેને અડકીને કહ્યું કે, "ઊઠીને ખા કેમ કે તારે લાંબી મજલ કાપવાની છે". તેણે ઊઠીને ખાધું તથા પીધું ને તે ખોરાકના પ્રતાપથી તે ચાળીસ દિવસ અને ચાળીસ રાત ચાલીને ઇશ્વરના હોરેબે પહોંચ્યો.

**શલોમોન :-**

૨ જો કાળવૃતાંત ૭:૧૧ એ પ્રમાણે શલોમોને ઇશ્વરનું મંદિર તથા રાજાનો મહેલ પૂરા કર્યા અને યહોવાના અંતઃકરણમાં હતું તે તેણે નિર્વિઘ્ને પૂરું કર્યું. યહોવાએ શલોમોનને મહેલમાં રાત્રે દર્શન આપીને કહ્યું કે, "મેં તારી પ્રાર્થના સાંભળી છે ને મેં આ સ્થળને મારા પોતાના માટે યજ્ઞના મંદિરને સારૂ પસંદ કર્યું. તેથી મારું નામ અહીં સદાકાળ રહે માટે મેં આ મંદિરને પસંદ કરીને તેને પવિત્ર કર્યું છે. મારી આંખો તથા મારૂં અંતકરણ અહીં સતત રહેશે. જેમ તારો પિતા દાવિદ ચાલ્યો તેમ જો તું મારી આગળ ચાલશે, ને જે આજ્ઞાઓ મેં તને આપી છે તે સર્વ પ્રમાણે કરશે અને મારા વિધિઓ તથા હુકમો પાળશે તો તારા પિતા દાવિદની સાથે કરેલા કરાર પ્રમાણે ઇસ્ત્રાએલમાં રાજા થવા માટે તારા વંશમાં વારસની ખોટ પડશે નહિ. તે પ્રમાણે હું તારું રાજ્યાસન કાયમ રાખીશ". શલોમોને યરૂશાલેમમાં સર્વ ઈઝરાયલ ઉપર ચાળીસ વર્ષ રાજ્ય કર્યું. પછી તે પોતાના પિતૃઓની સાથે ઊંઘી ગયો. ને તેને તેના પિતાના દાવિદનગરમાં દાટયો. તેની જગ્યાએ તેનો પુત્ર રાહાબ રાજા થયો. ૨જો. કાળ. ૯:૩૦

**પ્રભુ ઇસુ ખ્રિસ્ત :-**

માત્થી ૪:૧ થી ૫ ત્યાર પછી ઇસુનું પરીક્ષણ શેતાનથી થાય એ માટે આત્મા તેને રાનમાં લઇ ગયો. અને ચાળીસ દહાડા સુધી ઉપવાસ કર્યા પછી તેને ભૂખ લાગી. અને જુદાં જુદાં પરીક્ષણો શેતાન મારફતે કરવામાં આવ્યાં. પણ પ્રભુ ઇસુએ તેને કહ્યું, "અરે શેતાન આઘો જા, કેમ કે લખેલું છે કે પ્રભુ તારા દેવનું ભજન કર અને તેની એકલાની જ સેવા કર". ત્યારે શેતાન (ઇસુને) મૂકીને જાય છે. અને જુઓ દૂતોએ તેની પાસે આવીને તેની સેવા કરી. ઇસુએ પોતાના પસંદ કરેલા પ્રેરિતોને પવિત્ર આત્માથી આજ્ઞા આપી અને તેને ઉપર લઇ લેવામાં આવ્યો તે દિવસ સુધી પોતે જે જે કરવા તથા શીખવવા માંડયું તે સઘળી બાબત વિશે ઓ થિઓફીલ મેં પહેલું પુસ્તક લખ્યું છે. કારણ મરણ સહ્યા પછી તેણે પોતે આજીવન થયાની ઘણી સાબિતી આપી. અને ચાળીસ દિવસ દરમ્યાન તે તેઓને

દર્શન દેતો અને દેવના રાજ્ય વિશેની વાતો કહેતો.

પ્રભુ આ ચાળીસના આંકડામાં રહેલી પરિપક્વતા, કરાર અને આશીર્વાદો સમજવામાં પુષ્કળ કૃપા આપે. આમીન.

## નવા વર્ષનો સંકલ્પ

આપણી મધ્યેથી ૧૯૯૬ નું વર્ષ જોતજોતામાં, કહોને આંખના પલકારામાં પસાર થઇ ગયું. ડિસેમ્બરં ૩૧ મીએ વોચનાઇટ સર્વિસની ભક્તિસભામાં આપણે આનંદભેર વિદાય થતા જૂના વર્ષના અંતે આવનાર નવીન વર્ષમાં ભાગ લઇ રાત્રિના બારના ટકોરા પછી સુંદર કેક આરોગી ૧૯૯૭ ના શરૂ થતા વર્ષમાં જાતજાતનાં અરમાનો અને સંકલ્પો સાથે પ્રવેશ કરીશું. સામાજિક અને ભૌતિક સંકલ્પોની હારમાળાના લીસ્ટ સાથે મનમાં યોજનાઓ કરી ચૂકયાં હોઈશું. અને આગામી વર્ષ પુરું થાય તેં પહેલાં બધા મનોરથો, સંકલ્પો પાર પાડવા તન, મન, ધનથી ઓતપ્રોત બની કાર્યશીલ બની ગયા હોઈશું. જેવા કે ઘરમાં દીકરા દીકરીના લગ્નના પ્રસંગો, કોઇને પરદેશ મોકલવા, ઉચ્ચ અભ્યાસ અર્થે અથવા ધનપ્રાપ્તિ માટે, ઉચ્ચ હોદ્દા માટે, સારું મકાન કે જમીન ખરીદવી વગેરે. આ બધું જરૂરી છે ખરું. પણ પ્રભુનું વચન આપણને યાદ દેવડાવે છે કે માણસ મનમાં સંકલ્પ કરે પણ જીભથી ઉત્તર દેવો તે યહોવાના હાથમાં છે.

યાદ રાખીને જે પ્રભુઓના પ્રભુ સ્વર્ગનો વૈભવ, સુખ છોડીને પૃથ્વી પર માનવરૂપે આવી નમ્ર ગભાણમાં જન્મ ધારણ કર્યો. પોતે ઈશ્વરના રૂપમાં છતાં તેણે ઈશ્વર સમાન હોવાનું પકડી રાખવાને ઈચ્છયું નહિ. પણ દાસનું રૂપ ધારણ કર્યું અને આપણા ઉધ્ધારને માટે આ દુનિયામાં આવવાનો સંકલ્પ કર્યો.

નવીન વર્ષમાં ઈશ્વર એક ચેતવણી આપે છે. જુઓ પ્રકટીકરણ ૨૦:૧. જો કોઇ જીવનના પુસ્તકમાં નોંધેલો માલૂમ પડયો નહિ તો તેને અગ્નિની ખાઇમાં નાંખી દેવામાં આવશે. આપણે નવીન વર્ષમાં ઘણા બધા સંકલ્પો કરીએ. તે પહેલાં એક અગત્યનો સંકલ્પ કરીએ કે આપણું નામ જીવનના પુસ્તકમાં હોય જેથી નવા યરુશાલેમના જે લાભો આપણને આપવા ઈશ્વર તૈયાર છે તેના ભાગીદાર બનીએ.

પ્રભુએ કહ્યું - "જુઓ હું સઘળું નવું બનાવું છું. હું આલ્ફા, તથા ઓમેગા, આદિ તથા અંત છું. હું તરસ્યાને જીવનના પાણીના ઝરામાંથી મફત આપીશ. જે જીવે છે. તેને એ સઘળાનો વારસો મળશે. હું તેનો ઈશ્વર થઈશ અને તે મારો પુત્ર થશે". આ છે તેના લાભો. તો આપણે શું સંકલ્પ કરીશું?

બાઇબલમાં જે સંતો સેવકોએ સંકલ્પો કર્યા તેમનાં નામો જીવનના પુસ્તકમાં

છે. જેવા કે મોશેએ સંકલ્પ કર્યો કે મિસરના દ્રવ્યભંડારનો ત્યાગ કરી ખ્રિસ્તની નિંદા સહન કરવામાં અધિક સંપત્તિ છે એમ માની જે ફળ તેને મળવાનું હતું તે તરફ જ તેણે લક્ષ રાખી મિસરનો ત્યાગ કર્યો (હિબ. ૧૧:૨૬)

દાનિયેલે પોતાના મનમાં ઠરાવ કર્યો કે રાજાના ખાણાથી તથા જે દ્રાક્ષારસ તે પીએ છે તેથી હું મારી જાતને વટાળીશ નહિ. આ હતો તેનો સંકલ્પ.

શાદ્રાખ, મેશાખ, અબેદનગોએ મનમાં સંકલ્પ કર્યા. અને નબૂખાદ નેસ્સાર રાજાને સ્પષ્ટ પરખાવી દીધું કે અમારો દેવ જેની અમે ઉપાસના કરીએ છીએ તે અમને બળતા અગ્નિની ભઠ્ઠીમાંથી છોડાવવાને શક્તિમાન છે. અને હે રાજા તે અમને આપના હાથમાંથી છોડાવશે. પણ જો નહિ છોડાવે તો પણ હે રાજા આપે ખચીત જાણવું કે અમે આપના દેવોની ઉપાસના કરીશું નહિ. તેમજ આપે **પ્રતિષ્ઠિત કરેલી સોનાની મૂર્તિને પૂજીશું** નહિ. ૧૯૯૭ ના નવા વર્ષમાં આપણે **પણ આવો સંકલ્પ કરીએ એ જ પ્રાર્થના!**

## V.E.R.C. દ્વારા પ્રસિદ્ધ કરેલી સાક્ષી

(છોટુભાઈ જી. પરમાર ભારે ઉધમી, ઉત્સાહી અને બારે માસ હસમુખા ચહેરા સાથે ફરતા પ્રભુના સેવક છે. ઈશ્વરના કાર્ય માટે તે ખડે પગે તૈયાર રહે છે. ખ્રિસ્તી સામયિકો અને સાહિત્ય મંડળીના એકેએક કુટુંબમાં પહોંચે એ એમનો બોજ છે. ગ્રામ વિસ્તારો માટે પણ એમને ભારે બોજ છે. સુવાર્તા પ્રચાર માટે તે સદા અગ્રસ્થાને હોય છે. વધુ માટે વાંચો તેમની સાક્ષી).

મારું નામ છોટુભાઈ જી. પરમાર છે. વતન મહુધા (તા. નડીઆદ). હાલમાં હું ગુજરાત ટ્રાક્ટ અને બુક સોસાયટીમાં ડિસ્ટ્રીબ્યુશન પ્રમોટર તરીકે સેવા આપું છું મારો બાકીનો સમય મંડળીના કાર્યમાં અને ગ્રામ સુવાર્તા ઝુંબેશના કાર્યમાં આપુ છું. ૫ મી નવેમ્બર ૧૯૭૬ ના રોજ પ્રભુ ઈસુએ મારાં પાપની માફી આપી. અને મને નવા જન્મનો અનુભવ આપ્યો. તેમના ગૌરવી નામની સ્તુતિ હો!

મારો જન્મ એક ગરીબ ખ્રિસ્તી કુટુંબમાં થયો. મારાં માત-પિતા મારા માટે મોટી આશાઓ રાખતા હતાં. ઘરમાં સારુ અને સંસ્કારી વાતાવરણ હતું. હું નાનપણથી જ નિયમિત દેવળમાં જતો અને સન્ડે સ્કૂલની પ્રવૃતિઓમાં પણ ભાગ લેતો. બાહ્ય રીતે હું સારો દેખાતો હોવા છતાં મારું આંતરિક જીવન દુષ્ટતાથી ભરેલું હતું.

મારી સારી કામગીરીને લીધે મંડળીમાં મને કારભારી તથા ખજાનચી જેવી જવાબદારી પણ સોંપવામાં આવી. હું મંડળીમાં પ્રવૃતિશીલ બનવા લાગ્યો. આ

સમયે મહુધામાં એક 'આત્મિક સંગત' પણ ચાલતી હતી. મેં તેમાં ભાગ લેવાનું શરૂ કર્યું. ધાર્મિક બાબતોમાં હું આગળ પડતો હતો પરંતુ આત્મિક જીવન સંબંધી હું અજ્ઞાન હતો.

નવેમ્બર ૧૯૭૬ માં મને ઈવેન્જલિકલ યુનિયનના એક કેમ્પમાં જવા માટે આમંત્રણ મળ્યું. કેમ્પના આત્મિક વાતાવરણથી હું ઘણો પ્રભાવિત થયો. માર્ક ૧૦:૧૭ થી ૨૨ કલમમાં આવતી ધનવાન શ્રીમંત જુવાનની વાત ધ્વારા પ્રભુએ તેમના સેવક મારફતે મારી પરિસ્થિતિનું ભાન કરાવ્યું. મને ખબર પડી કે ફક્ત ધાર્મિક હોવું તે પૂરતું નથી પણ મારે નવાજીવનની પણ જરૂર છે. પ્રભુના સેવકે જ્યારે આમંત્રણ આપ્યું ત્યારે હું આગળ ગયો. ચોધાર આંસુઓ સાથે રડીને મે મારાં પાપ પ્રભુ સમક્ષ કબૂલ કર્યા અને આનંદથી મને ભરી દીધો. પ્રભુનો દીકરો બનીને હું કેમ્પમાંથી ઘેર આવ્યો.

વર્ષો સુધી પ્રભુએ મને સ્થાનિક ઈ. યુ. અને ઈ.જી. એફ માં તથા મંડળીમાં તેમના મહિમાર્થે વાપર્યો. ત્યારબાદ ઈશ્વરે મને નાશ પામતા ગ્રામ વિસ્તારો માટે બોજ આપ્યો અને એજ અરસામાં ગ્રામ સુવાર્તા અને જાગૃતિ ઝુંબેશના કાર્યમાં સામેલ થવા મને આમંત્રણ મળ્યું. મંડળીની આત્મિક જાગૃતિ અને સુવાર્તા પ્રચારના કાર્યમાં આ સંસ્થા ધ્વારા પ્રભુએ મારો ઉપયોગ કર્યો. આ કાર્યમાં વિશ્વાસુપણાથી છેલ્લા ૯ વર્ષથી પ્રભુ મને વાપરી રહ્યા છે. વળી આ સંગત ધ્વારા મને એક આત્મિક હૂંફ અને પ્રોત્સાહન પણ મળ્યું છે. જે માટે હું ઈશ્વર પિતાનો અંતઃકરણપૂર્વક આભાર માનું છું.

નવા જન્મના અનુભવ પછી પ્રભુએ મને વિધવિધ આશીર્વાદો પણ આપ્યા છે. ૭-૮-૮૦ના રોજ મને ગુજરાત ટ્રાક્ટ અને બુક સોસાયટીમાં ડિસ્ટ્રીબ્યુશન પ્રમોટર તરીકે સેવા કરવાની અમૂલ્ય તક સાંપડી છે. આ સેવામાં મને ગુજરાતની મંડળીઓએ ઉષ્માભર્યો સાથ-સહકાર આપ્યો છે જે સર્વેનો આભાર માનવાની તક ઝડપી લઉં છું.

હું મિલ્કાહ સાથે લગ્નગ્રંથિથી જોડાયો છું. 'મિલ્કાહ' એ હેબ્રી ભાષાનો શબ્દ છે. જેનો અર્થ 'સારી સલાહકાર' થાય છે. મિલ્કાહ તેના નામ પ્રમાણે સારી સલાહ આપનાર મારી સહાયકારી છે, જે પ્રભુ ઈસુને પોતાના અંગત તારનાર તરીકે ઓળખે છે.

પ્રભુએ મારા માટે કરેલાં ઉત્તમ કાર્યો માટે હું જીવનપર્યંત તેમનો ૠણી છું.

હવે દેવ કે જેના પર હું આશા રાખુ છું તે મને વિશ્વાસ રાખવામાં અખંડ હર્ષ તથા શાંતિથી ભરપૂર કરે, જેથી પવિત્ર આત્માના સામર્થ્યથી મારી આશા પુષ્કળ થાય. ભાઈઓ, મારા માટે પ્રાર્થનામાં લાગુ રહેશો.

**છોટુભાઈ જી. પરમાર**

**ક્રિશ્ચિયન સ્ટ્રીટ, મહુધા,**
**તા. નડીઆદ (જિ. ખેડા)**

## હે માણસ, ઊઠ

અને દેવે યાકૂબને કહ્યું, "ઊઠ બેથેલમાં જા, ને ત્યાં રહે, અને તું તારા ભાઈ એસાવની આગળથી નાઠો હતો, ત્યારે જે દેવે તને દર્શન આપ્યું હતું તેને સારું ત્યાં તું વેદી બાંધ". ઉત્પતિ. ૩૫:૧

ત્રિએક ઈશ્વરે પોતાના સ્વરૂપ તથા પ્રતિમા પ્રમાણે બનાવેલ માણસને પોતે જે પોઝિશનમાં હોય ત્યાંથી ઊઠવાની આજ્ઞા કરે છે અને મનુષ્ય જ્યારે તેની વાણી સાંભળી પ્રભુ માટે કદમ ભરે છે ત્યારે તેના જીવનની કરવટ બદલી નાંખીને તેને સામાન્ય મનુષ્યમાંથી "અસામાન્ય" માણસ બનાવે છે. તે રંકને રાજા બનાવે છે. એટલું જ નહિ તેની મારફતે અજાયબ કાર્યો કરાવીને તેની કીર્તિ વધારે છે. જે તેમના ચોક્કસ પ્રમાણો પવિત્ર શાસ્ત્રમાં જોવા મળે છે.

**(૧) ઈબ્રાહિમ :** (ઉ. ૨૨:૧ થી ૩) દેવે ઈબ્રાહિમની પરીક્ષા કરીને કહ્યું, ઈબ્રાહિમ તારો એકનો એક દીકરો ઈસ્હાક જેના પર તું પ્રીતિ કરે છે તેને લઈને મોરિયા દેશમાં ચાલ્યો જા, અને ત્યાં જે પર્વતો હું તને બતાવું તેઓમાંના એક પર તું તેનું દહનાપર્ણ કર. અને ઈબ્રાહિમ મોટી સવારે ઉઠ્યો, ને ગધેડા પર જીન બાંધ્યું. ને પોતાના જુવાનોમાંથી બેને તથા પોતાના દીકરા ઈસ્હાકને પોતાની સાથે લીધા. અને તેણે દહનાર્પણને સારુ લાકડાં ચીર્યા ને તે ઊઠ્યો ને દેવે તેને જગ્યા દેખાડી હતી, ત્યાં ગયો. અને ઈબ્રાહિમે ત્યાં વેદી બાંધી, ને પોતાના દીકરા ઈસ્હાકને બાંધીને વેદી પર મૂક્યો. અને દીકરાને મારવા છરો લીધો. અને દૂતે આકાશમાંથી તેને હાંક મારી અને તેને કહ્યુ કે, "તું તારો હાથ તારા છોકરા પર ન નાંખ, હું જાણું છું કે તું દેવથી બીહે છે." અને દેવે તેને કહ્યું "હું તને આશીર્વાદ ઉપર આશીર્વાદ દઈશ. અને આકાશના તારા જેટલાં તારાં સંતાન વધારીશ જ વધારીશ".

**(૨) યાકૂબ :** ઉ. ૩૨:૨૪ યાકૂબના નામનો અર્થ આમ તો ઠગ થાય છે પણ ઉ. ૩૨:૨૪ મુજબ અરુણોદય લગી એક પુરુષે તેની સાથે મલ્લયુદ્ધ કર્યું. અને તેણે જોયું

કે, તે તેને જીત્યો નહિ. ત્યારે તે તેની જાંઘના સાંધાને અડક્યો અને તેની સાથે મલ્લયુદ્ધ કરતાં કરતાં, યાકૂબની જાંઘનો સાંધો મોચાઈ ગયો. અને તે બોલ્યો, અરુણોદય થાય છે, માટે મને જવા દે નહિ તો હું તને જવા દેવાનો નથી. અને તેણે કહ્યું તારું નામ શું છે? તેણે કહ્યું ''યાકૂબ". અને તે બોલ્યો, હવેથી તારું નામ યાકૂબ નહિ પણ ઈસ્રાયેલ કહેવાશે. કેમકે તેં દેવની તથા માણસોની સાથે યુદ્ધ કર્યું છે ને જય પામ્યો છું. અને તેણે તેને આશીર્વાદ દીધો અને યાકૂબે તે જગાનું નામ પનીએલ પાડ્યું.

(૩) યૂના : યહોવાનું એવું વચન અમિત્તાયના દીકરા યૂના પાસે આવ્યું. કે, "ઊઠ મોટાનગર નિનવેહ જા, ને તેની વિરુદ્ધ પોકાર કર કેમકે તેઓની દુષ્ટતા મારી આગળ આવી છે". પણ યૂના યહોવાની હજૂરમાંથી તાર્શીશ નાસી જવાને ઊઠ્યો. તે યાફા ચાલ્યો ગયો. ત્યાં તેનું નૂર આપ્યું ને યહોવાની હજૂરમાંથી તેઓની સાથે તાર્શીશ જવા સારું તેમાં ચઢી બેઠો. પણ યહોવાએ સમુદ્ર પર ભારે વાવાઝોડું મોકલ્યું. ને સમુદ્રમાં મોટું તોફાન થયું અને તેથી વહાણ ભાંગી જશે તેવું લાગવાથી ખલાસીઓ બીધા ને તેઓ પોતપોતાના દેવની પ્રાર્થના કરવા લાગ્યા અને વહાણ હલકું કરવા તેમાંનો માલ સમુદ્રમાં વામી નાંખ્યો. પણ યૂના વહાણના સૌથી અંદરના ભાગમાં ઊતરી જઈને સૂઈ ગયો હતો. તે ભરનિદ્રામાં પડ્યો હતો. માટે-વહાણના નાખુદાએ આવીને તેને કહ્યું કે હે ઊંઘણશી, તું શું ઉંઘ્યા કરે છે ? ઊઠ તારા દેવને વિનંતિ કર એટલે કદાચ એમ બને કે દેવ આપણે વિષે વિચાર કરે ને આપણો નાશ ન થાય. વળી તેઓએ ચિઠ્ઠીઓ નાંખી ને તે ચિઠ્ઠી યૂનાના નામની નીકળી. તેઓએ તેને પૂછ્યું કે, "તું કોણ છે? ક્યાંથી આવે છે? ક્યા દેશનો છે ? કઈ પ્રજાનો છે? તારો દેશ કઈ પ્રજાનો છે" ? તેણે તેઓને કહ્યું, "હું હિબ્રુ છું અને હું સમુદ્ર તથા કોરી ભૂમિના કર્તા સૈન્યોના દેવ યહોવાનો ભક્ત છું". ત્યારે તે માણસો અતિશય ગભરાયા ને તેના કહ્યાથી તે માણસોએ જાણ્યું કે, તે યહોવાની હજૂરમાંથી નાસી જાય છે. અને તેઓએ યૂનાને ઊંચકીને સમુદ્રમાં ફેંકી દીધો અને સમુદ્ર ઊછળતો બંધ પડ્યો. યહોવાએ એક મોટી માછલી યૂનાને ગળી જવા સારુ નિર્માણ કરી હતી અને યૂના ત્રણ દિવસ ને ત્રણ રાત તે માછલીના પેટમાં રહ્યો ને પછી યૂનાએ માછલીના પેટમાં પ્રાર્થના કરી અને માછલીએ યૂનાને કોરી જમીન પર બહાર કાઢી નાખ્યો. અને તેણે કહ્યું કે,"તારણ યહોવાથી છે". અને યૂના ઊઠીને યહોવાના વચન પ્રમાણે નિનવેહ ગયો. એક દિવસની મજલ કરી. તેઓને પોકારીને કહ્યું કે, ચાળીસ દિવસ પછી નિનવેહનો નાશ થશે. લોકોએ દેવના વચન પર વિશ્વાસ કરી પશ્ચાતાપ કર્યો અને એક લાખ વીસ હજાર એવા લોકોનો યહોવાએ બચાવ કર્યો. ''યૂના ઊઠ્યો અને આધીન થયો."

(૪) ફિલિપ : પ્રે.કૃ. ૮:૨૬ થી ૩૨ ''પણ પ્રભુના દૂતે ફીલીપને કહ્યું : "ઊઠ ને યરૂશાલેમથી ગાઝા જવાના માર્ગ સુધી દક્ષિણ તરફ જા. ત્યાં અરણ્ય છે, તે ઊઠીને ગયો. અને જુઓ એક હબસી ખોજો જે હબશીઓની રાણી કંદીકાના હાથ નીચે મોટો અમલદાર તથા તેના સઘળા ભંડારનો કારભારી હતો. તે ભજન કરવા સારૂ યરૂશાલેમ આવ્યો હતો તે પાછો જતાં પોતાના રથમાં બેસીને યશાયા પ્રબોધકનું પુસ્તક વાંચતો હતો તે સાંભળીને પૂછ્યું, તું જે વાંચે છે તે શું તું સમઝે છે? ત્યારે તેણે કહ્યું કે, કોઈના સમજાવ્યા સિવાય હું કેમ કરીને સમજી શકું. ત્યારે તેણે ફીલીપને વિનંતિ કરી કે ઉપર ચઢીને મારી પાસે બેસ. ખોજાએ કહ્યું કે, હું તને વિનંતિ કરું છું. કે, પ્રબોધક કોના વિશે કહે છે તે મને જણાવ. ત્યારે ફીલીપે બોલવાનું શરૂ કર્યું અને શાસ્ત્રની એ વાતથી આરંભ કરીને તેને ઈસુ વિષેની સુવાર્તા પ્રગટ કરી. તેઓ માર્ગે ચાલતા એક જળાશય પાસે આવી પહોંચ્યા ત્યારે ખોજાએ કહ્યું કે, અહીં પાણી છે. મારે બાપ્તિસ્મા પામવાની શી અડચણ છે ? પછી ફીલીપ તથા ખોજો બને પાણીમાં ઊતર્યા. અને તેણે બાપ્તિસ્મા લીધું. તેઓ પાણીમાંથી બહાર નીકળ્યા ત્યારે પ્રભુનો આત્મા ફીલીપને લઈ ગયો. અને ખોજાએ ફરી તેને જોયો નહિં. પરંતુ ખોજો આનંદ કરતો કરતો પોતાને માર્ગે ચાલ્યો ગયો અને કૈસારીયા પહોંચતા સુધી માર્ગમાંના સર્વ શહેરોમાં સુવાર્તા પ્રગટ કરતો કરતો ગયો. ફીલીપ ઉઠીને હબસી ખોજા પાસે ગયો. પ્રભુએ તેનો અજાયબ ઉપયોગ કર્યો. તેના ધ્વારા આફ્રિકા ખંડમાં સુવાર્તાપ્રચાર થયો ત્યાં આજે લોકો મોટા ભાગના ખ્રિસ્તીઓ છે.

(૫) અનાન્યા : પ્રે. કૃ. ૯:૧૦ થી ૧૨ હવે દમસ્કના અનાન્યા નામે એક શિષ્ય હતો તેને પ્રભુએ દર્શન દઈને કહ્યું કે, ઊઠીને પાધરા નામના રસ્તામાં જા ને શાઉલ નામે તાર્શશનો એક માણસ યહુદિયાના ઘરમાં છે તેની ખબર કાઢ. કેમકે જો તે પ્રાર્થના કરે છે. તેણે દર્શનમાં જોયું કે અનાન્યા નામે એક માણસ માંહે આવીને તે દેખતો થાય માટે તે તેના પર હાથ મૂકે છે. પણ અનાન્યાએ પ્રભુને ઉત્તર આપ્યો કે, "પ્રભુ યરુશાલેમમાંના તારા સંતોને એ માણસે કેટલું બધું દુઃખ દીધું છે એ મેં ઘણાંના મોંથી સાંભળ્યું છે અને જેઓ તારે નામે પ્રાર્થના કરે છે તેઓને બાંધીને લઈ જવા સારુ મુખ્ય યાજકો પાસેથી અહીં પણ તેને અધિકાર મળ્યો છે". પણ પ્રભુએ તેને કહ્યું કે, "તું ચાલ્યો જા કેમકે વિદેશીઓ, રાજાઓ, તથા ઈસ્ત્રાએલ પુત્રોની આગળ મારું નામ પ્રગટ કરવા સારું એ મારું પસંદ કરેલુ પાત્ર છે, અને પ્રભુની વાણી સાંભળી અનાન્યા ઊઠીને ગયો અને જે કહેવામાં આવ્યું હતુ તે પ્રમાણે તેણે કર્યુ ને બાપ્તિસ્મા પામ્યો. શાઉલમાંથી પાઉલ બન્યો અને નવા કરારમાં મોટા ભાગના પત્રો મંડળીને સતાવનાર પાઉલે લખ્યા છે. ક્યારે ? અનાન્યા ઊઠીને ગયો અને તેણે પ્રભુને માટે કાર્ય કર્યું ત્યારે.

# યાદગીરી

દુનિયામાં સ્ત્રીઓનું સમર્પણ, સેવા, અને સરભરા અતિ ઉત્તમ રહી છે. સ્ત્રીઓ હંમેશાં જગતની કે બીજા કશાની ચિંતા કે પરવા કર્યા વિના પોતાનું ''તારણ'' સિદ્ધ કરવા પરિસ્થિતિને પારખી લઈ તક ઝડપી લેતી હોય છે. પ્રભુ ઈસુ ખ્રિસ્તના મરણ અગાઉથી તે પુનરૂત્થાન સુધી સ્ત્રીઓને નીડરતા, પ્રેમ, લાગણી અદ્દ્ભૂત અને પરિપૂર્ણ જોવા મળે છે. સ્ત્રીઓનું સ્થાન અતિ અગત્યનું રહ્યું છે જ્યારે જગતની દૃષ્ટીએ સ્ત્રીઓનું સ્થાન નહિવત જોવા મળે છે.

**સ્ત્રી દ્વારા અદ્દ્ભૂત યાદગીરી :** જે ફરોશીના ઘરમાં પ્રભુઈસુને જમવા માટે આમંત્રણ આપવામાં આવ્યું હતું ત્યાં એક પાપી સ્ત્રી હતી. તેણે જાણ્યું કે તે ફરોશી ા ઘરમાં જમવા બેઠો છે તે ત્યાં શોધતી આવી અને નમ્રતાપૂર્વક, પ્રભુની આગળ નહિ પણ પછવાડે ઊભી રહી. પાસ્તાવિક હૃદયે, આંસુ સાથે પોતાનાં પાપોના માટે દયાની યાચના કરતાં પોતાનાં આંસુથી ઈસુના પગ પલાળીને, પોતાના શોભારૂપ વાળથી ઈસુના પગ લૂછીને, તેના પગને ચૂમી. સાથે જે ૩૦૦ દિનારનું અતિમૂલ્યવાન અત્તર તેના માથા ઉપર તથા પગે લગાવીને એનીં અદ્દ્ભૂત સરભરા કરી.

**પાપ માફ થયાની યાદગીરી :** જેનું ઉલ્લંઘન માફ થયું છે તથા જેનું પાપ ઢંકાઈ ગયું છે. તેને ધન્ય છે ગી.શા. ૩૨:૧. આ પાપી સ્ત્રીનું જીવન સિમોન ફરોશી તથા જગતની રીતે ગમે તેવું ભ્રષ્ટ હોય પણ પ્રભુ ઈસુને મન તે કેવું છે તે આ પ્રસંગ ઉપરથી જોઈ શકાય છે. જે ફરોશીએ પ્રભુને નોતર્યા હતા તે વિચાર કરવા લાગ્યો આ માણસ પ્રબોધક હોત તો તે જે સ્ત્રી તેને અડકે છે તે કોણ ને કેવી છે તે તે જાણત. એટલે કે તે પાપી છે. પણ ઈસુએ સિમોનને કહ્યું મારે તને કંઈ કહેવું છે અને ત્યાર પછી લુક ૭ :૪૧ થી ૫૦માં આખા દૃષ્ટાંત દ્વારા સિમોનને બધી વાત સમજાવે છે અને પ્રભુ પોતે તારનાર છે. તે પાપી પર પ્રેમ કરે છે. પાપીઓનો નાશ કરવા નહિ પણ બચાવ કરવા જગતમાં આવ્યા. એટલું જ નહિ પણ કેવળ તેમને જ પાપ માફ કરવાનો અધિકાર છે તે સમજાવે છે અને આ પાપી સ્ત્રીને કહે છે ''તારા વિશ્વાસે તને બચાવી છે શાંતિથી જાં.''

**પ્રભુભોજનની અદ્દ્ભુત યાદગીરી :-**

જગતમાંથી પોતાનું કામ પૂરું કરીને જમણ પરથી ઊઠે છે અને પોતાનાં લૂગડાં ઉતારીને તેણે રૂમાલ લીધો અને તેણે પોતાની કમરે બાંધ્યો અને ત્યાર પછી વાસણમાં પાણી રેડીને શિષ્યોના પગ ધોવા તથા કમરે બાંધેલા રૂમાલથી તે લુછવા લાગ્યો. પછી

એક મોટી મેડી પર તેઓ ગયા, ત્યાં તેણે તેઓને કહ્યું, મરણ સહ્યા પહેલાં આ પાસ્ખા તમારી સાથે ખાવાની મને ઈચ્છા હતી. તેણે પ્યાલો લઈને સ્તુતિ કરીને કહ્યું, આ લો અને માંહોમાંહે વહેંચો. કેમકે હું તમને કહું છું કે, દેવનું રાજ્ય નહિ આવે ત્યાં સુધી હું હવે પછી દ્રાક્ષનો રસ પીનાર નથી. પછી તેણે રોટલી લઈને સ્તુતિ કરીને ભાંગી અને તેઓને આપીને કહ્યું, "આ મારું શરીર છે તે તમારે માટે આપવામાં આવે છે. મારી યાદગીરીમાં આ કરો". તે જ પ્રમાણે તેણે પ્યાલો લઈને કહ્યું, "આ પ્યાલો તમારે સારું વહેવડાવેલા મારા લોહીમાં નવો કરાર છે. જેટલીવાર તમે એમાંનું પીઓ છો તેટલીવાર મારી યાદગીરીને સારુ તે કરો. કેમકે જેટલી વાર તમે આ રોટલી ખાઓ છો અને આ પ્યાલો પીઓ છો તેટલીવાર તમે પ્રભુના આવતાં સુધી તેનું મરણ પ્રગટ કરો છો".

## ઈશ્વરનો ભય

હાલમાં ખ્રિસ્તી જીવનોમાં, ખ્રિસ્તી કુટુંબોમાં અને ખ્રિસ્તી મંડળીમાં યહોવાનો ભય નથી. પ્રભુના સેવક જ્ઞાની સુલેમાને આપણને યહોવાના ભય વિશે. ખૂબ આત્મિક અને વાસ્તવિક સમજ પૂરી પાડે તેવાં અભય વચનો આપ્યાં છે. નીતિ ૯:૧૦ મુજબ યહોવાનો ભય એ જ્ઞાનનો આરંભ છે અને પરમ પવિત્રની ઓળખાણ એજ બુદ્ધિ છે જ્ઞાની સુલેમાને યહોવાના ભય વિષે ઊંડાઈ, ઊંચાઈ, પહોળાઈ વિશે સચોટ જ્ઞાન પૂરું પાડ્યું છે. તે ભોળાને ચતુરાઈ અને યુવાન પુરુષને વિધા તથા વિવેકબુદ્ધિ આપે છે. પ્રામાણિક બનાવે છે. દુરાચારીને સદાચારી બનાવે છે. યહોવાનો ભય એ માણસને સમૃદ્ધ બનાવે છે..

**(૧) યહોવાનો ભય ધનવાન કરે છે.**

૨જો કાળવૃતાંત, ૧:૭ થી ૧૩ મુજબ દેવે સુલેમાનને દર્શન દઈને કહ્યું, 'માગ, હું તને શું આપું-' ત્યારે સુલેમાને દેવને કહ્યું, મારા બાપ દાઉદ ઉપર તેં મોટી કૃપા કરીને તેની જગ્યાએ મને રાજા ઠરાવ્યો છે અને પૃથ્વીની ધૂળની રજ જેટલાં અસંખ્ય લોક પર તેં મને રાજા ઠરાવ્યો છે માટે આ લોકની લગતી સર્વે બાબતોની વ્યવસ્થા હું કરી શકું. માટે મને ડહાપણ તથા વિવેકબુદ્ધિ આપ. કેમકે તારી આ મહાન પ્રજાનો ન્યાય કોણ કરી શકે? દેવે સુલેમાનને કહ્યું કે, તારા અંતઃકરણમાં આ હતું, તે ધન, સંપત્તિ, ગૌરવ કે તારો દ્વેષ કરનારના જીવ માગ્યા નહિ તેમજ દીર્ઘાયુષ્ય માગ્યુ નહિ. પરંતુ મારા લોકો ઉપર મેં તને રાજા ઠરાવ્યો છે. તેઓનો ન્યાય તું કરી શકે માટે તેં પોતાને માટે ડહાપણ તથા વિવેકબુદ્ધિ માગ્યાં છે. તે માટે હું તને માન આપીશ કે જેટલુ તારી અગાઉ થઈ ગયેલા કોઈ રાજાઓને ન હતું ને તારી પાછળના પણ કોઈને મળશે નહિ.

**(૨) યહોવાનો ભય આયુષ્ય વધારે છે :**

દુષ્ટ માણસનાં વર્ષો ટૂંકા કરવામાં આવશે પણ યહોવાનો ભય રાખનારનું આયુષ્ય વધારવામાં આવશે. લુક ૨૩:૩૯ થી ૪૩ મુજબ વધસ્તંભે જડાયેલા ગુનેગારોમાંના એકે તેની નિંદા કરીને કહ્યું કે, શું તું ખ્રિસ્ત નથી? તું પોતાને તથા અમને બચાવ. પરંતુ બીજાએ ઉત્તર આપતાં તેને ધમકાવીને કહ્યું કે, તું તેજ શિક્ષા ભોગવે છે. તે છતાં પણ તું શું "દેવથી પણ બીતો નથી" ? આપણે તો વાજબી રીતે શિક્ષા ભોગવીએ છીએ. અને આપણે આપણાં કામનું યોગ્ય ફળ પામીએ છીએ. પણ એણે કંઈ પણ ખોટું કર્યું નથી. તેણે કહ્યું કે, ''હે ઈસુ તું તારા રાજ્યમાં આવે ત્યારે મને સંભારજે." મરણના કિનારે ઊભેલા ચોર માટે બચાવની કોઈ આશા નહોતી પણ તેનામાં દેવનું ભય હતું. ઈસુએ તરત તેની તરફ ફરીને કહ્યું, હું તને ખચીત કહું છું કે આજ તું મારી સાથે પારાદૈસમાં હોઈશ." દેવનું ભય રાખતા ચોરે અનાદિકાળનું જીવન પ્રાપ્ત કર્યું.

**(૩) યહોવાનો ભય નીરોગી બનાવે છે :**

મનુષ્ય જીવનમાં જે રોગો છે એમાંના ઘણા બધા રોગો જીવલેણ રોગો છે. તેનાથી મનુષ્યના જીવનનો શારીરિક નાશ થાય છે. પણ યહોવાનું ભય રાખનારનાં હાડકાં બળવંત બનાવે છે, શરીરને નીરોગી કરે છે. એથી વિશેષ ''પાપનો વિનાશકારક"રોગ જે આખી પૃથ્વીમાં પ્રસરેલો છે તેમાંથી સદાને માટે નિરોગી જાહેર કરે છે, અને પ્રભુ પિતા સાથે સ્વર્ગીય સ્થાનોમાં પ્રવેશ માટેનું સર્ટિફિકેટ આપવામાં આવે છે. ગીત ૧૦૩ :૩ મુજબ તે તારા સઘળાં પાપ માફ કરે છે, અને તારા સર્વ રોગ મટાડે છે. તે તારો જીવ નાશથી બચાવે છે, અને તને કૃપા તથા રહેમનો મુગટ પહેરાવે છે. ઉત્તમ વસ્તુથી તે તારા મોઢાંને તૃપ્ત કરે છે,અને ગરુડની પેઠે તારી પાંખો પ્રસરવામાં આવે છે. વહાલાંઓ, આપણે યહોવાનો ભય રાખીને તેની ઈચ્છા મુજબ જીવવા નિર્ણય કરીએ !

## યહોવા - યિરેહ

"પણ તમે પહેલાં તેના રાજ્યને તથા તેના ન્યાયીપણાને શોધો એટલે એ બધાં વાનાં પણ તમને અપાશે". માથ્થીઃ ૬:૩૩ ત્રિએક ઈશ્વરપિતા પામર મનુષ્યની આધીનતાને હંમેશાં માન આપે છે. સૃષ્ટિના મંડાણ અગાઉ માણસના જીવન માટે દૈહિક, ભૌતિક, આત્મિક આશીર્વાદોનાં અદભુત આયોજનો પ્રભુની નજરમાં છે. તે હંમેશાં માણસ કલ્પના કરે તે પહેલાં પ્રભુ એ સર્વ વાનાં પૂરાં પાડવા જાગૃત હોય છે. પ્રભુને આધીન થનાર માણસ માટે કોઇ પણ સારું વાનું પ્રભુ પાછું રાખતા નથી. છતાં માણસ ઘણી વખત સમય કરતાં વહેલું એ બધું પ્રાપ્ત કરવા મિથ્યા પ્રયત્નો કરે છે. ગીતશાસ્ત્ર ૧૦૪:૨૩ પ્રમાણે માણસ પોતાનો ધંધો કરવા

બહાર નીકળે છે અને સાંજ સુધી પોતાનો ઉદ્યોગ ચલાવે છે. પોતાની મરજી મુજબનાં આયોજનોમાં ઈશ્વરે તેના અખત્યારમાં રાખી મૂકેલા ઈરાદાઓ પામર મનુષ્ય સમજવામાં નિષ્ફળ જાય છે. એટલે જ માથ્થી ૬:૩૩ ઈશ્વરના રાજ્યને પ્રથમ સ્થાન આપવાથી બીજા આશીર્વાદો આપોઆપ મળે છે તે વચનથી મનુષ્યને સાવચેત કરવામાં આવ્યું છે.

ગીતશાસ્ત્ર ૧૦૪:૧૪ મુજબ "તે ઢોરને સારું ઘાસ તથા માણસના ખપને સારુ શાકભાજી ઉપજાવે છે" એમ ભૂમિમાંથી તે અન્ન નિપજાવે છે. છતાં પણ માત્થી ૬:૨૫ મુજબ વ્યર્થ ચિંતાઓ માણસ કરે છે. પ્રભુ કહે છે ઘણી ચલ્લીઓ કરતાં તમે મૂલ્યવાન છો. ઈશ્વર હંમેશા પામર મનુષ્ય માટે યહોવા યિરેહ બન્યા છે. તે બાઈબલમાં જોવા મળે છે. યહોવા-યિરેહ એટલે પ્રભુ પૂરું પાડશે.

પ્રભુનો સેવક જ્યારે ઈઝરાયલ પ્રજાના છ લાખ પુરુષોના સૈન્યને અને અન્ય ૧૯ લાખ લોકોને લઈને ચાલી નીકળ્યો ત્યારે તેણે કશાની ચિંતા કરી નહિ. નિર્ગ ૧૬:૩૫ મુજબ ઈઝરાયલ પુત્રોએ વસ્તીવાળા દેશમાં પહોંચતા સુધી એટલે કે ચાળીસ વર્ષ લગી માન્ના ખાધું. તેઓ કનાન દેશની સરહદમાં પહોંચ્યા ત્યાં સુધી ઈશ્વરે આકાશમાંથી તેમને સારું માન્નારૂપી ખોરાક પૂરો પાડવાનું ચાલુ રાખ્યું. એટલું જ નહિ પણ તેમના શરીર પરનાં કપડાં તથા પગરખાં ફાટયાં કે તૂટયાં નહિ. આ છે આપણો પૂરું પાડનાર પ્રભુ.

એલિયાહ સ્વભાને આપણા જેવો માણસ હતો પણ જ્યારે તે પ્રાર્થના કરીને માંગે ત્યારે વરસાદ બંધ થઇ જાય અને પ્રાર્થના કરે તો વરસાદ ચાલુ થાય. કાર્મેલ પર્વત પર એક બાજુ ૪૫૦ માણસો સામે એકલા એલિયાહ માટે પ્રભુ પોતે અગ્નિ મોકલે. - એટલું જ નહિ કરિંથના કાગડા દ્વારા તેને ખોરાક પૂરો પાડવામાં આવ્યો. આ છે યહોવા - યિરેહ.

ગાલીલનો સમુદ્ર તિબેરિયસનો કહેવાય છે, તેને પેલેપાર ઇસુ ગયા. લોકોનો મોટો સમુદાય પોતાની પાછળ આવતો જુએ છે અને તેઓના ખાવાને માટે ઇસુ શિષ્યોને પૂછે છે. ઇસુ પોતે શું કરવાના હતા તે પોતે જાણતા હતા. છતાં શિષ્યોને (ફિલિપને) પૂછે છે. તેમને ખાવાને આપણે રોટલી ક્યાંથી લઈએ? પણ તેણે તેને પારખવા સારું એ પૂછ્યું, ત્યાં એક જુવાન હતો તેની પાસે જવની પાંચ રોટલી અને બે માછલી હતી. તેમાંથી આશરે પાંચ હજાર પુરુષો ઉપરાંત સ્ત્રીઓ અને બાળકો હતાં. તેઓને જમાડયાં અને છતાં વધ્યું. એમ પ્રભુએ શિષ્યોને ખાતરી કરાવી કે પોતે યહોવા-યિરેહ છે.

પ્રે.કૃ. ૨૩:૧૬ માં પાઉલના ભાણેજને તેઓના સંતાઇ રહેવા વિશે ખબર આપી અને પ્રભુએ પાઉલના ભાણેજ દ્વારા સંકટ સમયે પ્રભુના સેવકનો અદ્ભૂત બચાવ કર્યો. માણસના ઉપયોગ દ્વારા પ્રભુ સહાય પૂરી પાડે છે. હંમેશાં આપણો પ્રભુ આપણા માટે યહોવા-યિરેહ બને છે.

# અભિનંદન

ખ્રિસ્તીબંધુ તંત્રી, સ્ટાફ, તથા કાર્યવાહક સમિતિ તરફથી સને ૧૯૯૬માં સૌથી વધુ ગ્રાહક બનાવવા બદલ છોટુભાઈને હાર્દિક અભિનંદન



સને ૧૯૯૬ આ વર્ષે સૌથી વધુ ગ્રાહકો બનાવી 'ખ્રિસ્તીબંધુ', 'ઉ.મેડી', 'બાલવાડી'ના ત્રણેય શિલ્ડ જીતી જનાર (શ્રી છોટુભાઈ જી. પરમાર) નડીઆદ

| ૧૯૯૫ = ૧૩૩૧ ગ્રાહક સંખ્યા | | | | |
|---|---|---|---|---|
| | | હાથોહાથ | પોસ્ટ | કુલ |
| ગ્રાહક સંખ્યા | ખ્રિસ્તીબંધુ | ૪૩૫ | ૩૧૦ | ૭૪૫ |
| ૧૯૯૬ | ઉ.મેડી | ૪૫૨ | ૩૯૦ | ૮૪૨ |
| | બાલવાડી | ૧૫૫ | ૧૧૫ | ૨૭૦ |
| | | | | ૧૮૫૭ |

# અગત્યના બનાવો

| | | |
|---|---|---|
| ૨૮/૧૧/૧૯૫૫ | - | જન્મ મહુધા, તા. નડીઆદ જિ. ખેડા. |
| ૨૫/૧૨/૧૯૫૬ | - | બાપ્તિસ્મા મેથોડિસ્ટ ચર્ચ મહુધા. |
| ૧/૬/૧૯૬૨ | - | મિશન સ્કૂલમાં દાખલ. |
| ૧/૧/૧૯૭૦ | - | પૂર્ણ સભાસદ મેથોડિસ્ટ ચર્ચ મહુધા. |
| ૧/૬/૧૯૭૦ | - | એમ. કે. એમ. હાઇસ્કુલમાં મહુધા. |
| ૨૮/૧૦/૧૯૭૧ | - | એસ. સી. સી. પાસ કુટુંબમાં પ્રથમ વ્યક્તિ. |
| ૫/૧૧/૧૯૭૬ | - | તારણની ખાતરી. |
| ૧/૧/૧૯૭૭ | - | કારભારી મેથો. ચર્ચ મહુધા. |
| ૧/૧/૧૯૭૯ | - | ખજાનચી મેથો. ચર્ચ મહુધા. |
| ૪/૮/૧૯૮૦ | - | ડિસ્ટ્રીબ્યુટર પ્રમોટર તરીકે ઇન્ટરવ્યુ ટ્રા. સોસાયટી |
| ૭/૮/૧૯૮૦ | - | ડિસ્ટ્રીબ્યુટર પ્રમોટર તરીકે નિમણૂક ટ્રા. એન્ડ બુક સોસા. |
| ૧૯૮૧ થી ૧૯૮૪ | - | પ્રગતિ મંડળ મહુધા, ખજાનચી -મહુધા. |
| ૧૯૮૧ થી ૧૯૮૪ | - | ઇવેન્જલિકલ યુનિયનના ખજાનચી, મહુધા. |
| ૧૯૮૪ થી ૧૯૮૬ | - | ઇ. જી. એફ. પ્રમુખ મહુધા. |
| ૧૯૮૪ થી ૧૯૮૬ | - | ફેલોશીપ ક્રેડીટ સોસા. ખજાનચી. |
| ૨૮/૫/૧૯૮૪ | - | મિલ્કાહ સાથે લગ્ન - (સારી સલાહકાર) કેરીપુર સી એન આઇ |
| ૫/૮/૧૯૮૪ | - | પત્નીને પી.ટી.સી.માં એડમીશન મળ્યું ગોધરામાં. |
| ૨૬/૬/૧૯૮૫ | - | ઇલેક્ટ્રિક શોકથી બચાવ |
| ૧/૪/૧૯૮૬ | - | પ્રથમ આર્ટિકલ પ્રસિધ્ધ-અર્પણ . |
| ૬/૧૨/૧૯૮૬ | - | દીકરા અર્પણનું કૃપાદાન. |
| ૧/૯/૧૯૮૭ | - | મહુધાથી નડીઆદ સ્થાયી. |
| ૩૧/૮/૧૯૮૮ | - | બીજા દીકરા આશિષનું કૃપાદાન. |
| ૬/૧૨/૧૯૮૮ | - | સ્કૂટર અકસ્માત. નડીઆદ. |
| ૯/૧૦/૧૯૮૯ | - | પત્નીને શિક્ષિકા તરીકે નોકરી મળી. |
| ૨/૧૦/૧૯૯૧ | - | મકાન પ્રાપ્તિ ઉદઘાટન. |
| ૨૫/૪/૧૯૯૨ | - | મકાન પ્રાપ્તિ ઉદઘાટન (શ્રી બેન્જામીન એ. રાઠોડ) અમદાવાદના સૌજન્યથી. |
| ૨૮/૫/૧૯૯૪ | - | લગ્ન જીવનની દશાબ્દી. |
| ૨૮/૫/૧૯૯૬ | - | મકાનના બીજા માળનું ઉદઘાટન. |
| ૨૮/૫/૧૯૯૬ | - | લગ્ન જીવનની બાર વર્ષની આભાર સ્તુતિ. |
| ૧૬/૩/૧૯૯૭ | - | "પરિશ્રમની કેડીએ" પુસ્તકનો વિમોચન વિધિ |

# નિવૃત્તિ

પૃથ્વી ઉપરના જીવનમાં માણસને બે શબ્દો સારા લાગતા નથી એક નિવૃત્તિ અને બીજું મરણ. પરંતુ જો પૂરી સમજદારીપૂર્વક સમજવામાં આવે તો બંને શબ્દ પાછળ ગૂઢ મર્મો સમાયેલા છે. બંને શબ્દોને ટૂંકી વિચારસરણીથી જોવામાં આવે તો વિનાશી લાગે છે અને દીર્ઘ વિચારસરણીથી જોવામાં આવે તો અવિનાશી બની જાય છે. જેમ શારીરિક મરણ જીવનનો અંત નથી પણ વિશ્વાસ કરનારાઓ માટે નવા જીવનમાં પ્રવેશ કરવાનું નિર્મિત સ્થાન બારણું છે. તેમ નિવૃત્તિ એ માણસના સમયમર્યાદાઓનાં વર્ષો, પછી - પાછલા જીવનમાં ઘણુંબધું કરી શકવાનો અમૂલ્ય સમય એટલે નિવૃત્તિ. જેમકે પ્રભુના સેવક ડૉ. બિલી ગ્રેહામ, મધર ટેરેસા, બ્રધર બક્તસિંગ, આ પ્રભુના પસંદ કરેલાં પાત્રોનાં જીવનો અને કાર્યો આજે પણ નાશવંત જગતમાં આગવી, અનોખી પ્રતિભા ધરાવે છે. આ પ્રભુના સેવકોનાં જીવનો સમયમર્યાદાના પાંસઠ વર્ષો ક્યારનાંય વટાવી ચૂક્યાં છે. છતાં તેઓ નિવૃત્ત નથી પણ કાર્યરત છે. પ્રભુના કાર્યમાં ક્યારેય નિવૃત્તિ આવતી નથી. જગતમાં બે જુદા જુદા સમયગાળામાં નિવૃત્તિ જાહેર કરવામાં આવે છે. એક સરકારી ખાતામાં ૫૮ કે ૬૦ વર્ષ અને ધાર્મિક ક્ષેત્રમાં વધુમાં વધુ પાસંઠ વર્ષની સમયમર્યાદા નક્કી કરવામાં આવે છે. પરંતુ નિવૃત્ત થયેલાંઓને અને જેઓ નિવૃત્ત થવાની અણી ઉપર છે, તેઓ ''યાદ રાખો તમે નિવૃત્ત નથી.'' પ્રભુ પર વિશ્વાસ કરનારાઓ માટે અનંતકાળનું જીવન સદા પ્રભુ પાસે રહેવાનું પ્રભુના વચન પ્રમાણે બાઈબલ જણાવે છે તેમ ''સદા પ્રભુ સંઘાતે સ્વર્ગમાં રહેવાનું અનંતકાળનું જીવન.'' અને ત્યાં નિવૃત્તિ છે જ નહિ માટે નિવૃત્તિ કે મરણ શબ્દથી આપણે ગભરાવું નહિ.

આદિપિતા આદમના સમયમાં ઉત્પત્તિ ૫:૨૧ મુજબ અને હનોખ પાંસઠ વર્ષનો થયો ત્યારે મથૂશેલાહ થયો અને મથૂશેલાહનો જન્મ થયા પછી હનોખ ત્રણસો વર્ષ દેવની સંઘાતે ચાલ્યો અને તેને દીકરા-દીકરીઓ થયાં. હવે આ પ્રભુના સેવક વિશે વિચારીએ તો તેની ઉંમર નિવૃત્તિની કહી શકાય પરંતુ પાંસઠ વર્ષે પ્રભુએ તેને દીકરો આપ્યો અને લખવામાં આવ્યું છે કે મથૂશેલાહનો જન્મ થયા પછી હનોખ ત્રણસો વર્ષ દેવની સંઘાતે ચાલ્યો.

સામાન્ય રીતે હાલના મનુષ્ય જીવનમાં પાંસઠ વર્ષે તો આપણાં ત્યાં લોકો સર્વ બાબતે બધી રીતે પરવારીને બધા પ્રકારની જવાબદારીઓમાંથી મુક્ત બની રાહતનો દમ ખેંચતા હોય છે અને સંતોષ માને છે. જેવાં કે, પોતાનું - મકાન હોય, બાળકોને

ઉચ્ચ શિક્ષણ અપાવ્યું હોય. તેઓનાં પણ લગ્ન લગભગ કરાવી દીધાં હોય, તેમને સારી જગ્યાઓમાં ગોઠવ્યાં હોય, ઈત્યાદિ બાબતોમાં માણસ નિરાંત અનુભવતો હોય છે. જાણે કે સર્વ સુખરૂપ પસાર થયાનો આનંદ અનુભવતો હોય છે.જ્યારે હનોખ પતાના જીવનમાં પાંસઠ વર્ષ પછીથી પ્રભુ સાથે ચાલવાની અજાયબ કહી શકાય તેવો નિર્ણય કરી પ્રભુ સાથે ચાલવાની શરૂઆત કરે છે. તેને પોતાને ખબર નથી કે, હનોખ ત્રણસો વર્ષ દેવની સંઘાતે ચાલ્યો અને પ્રભુએ પણ તેની સાથે રહીને તેને ચલાવ્યો. અને કલમ ૨૪ મુજબ - એવું ચાલ્યો કે તેણે મરણ જોયું નહિ કેમ કે દેવે તે લઈ લીધો. ''કેવું અજાયબ'' ! બાઈબલમાં બે વ્યક્તિઓએ મરણ જોયું નહિ પણ તેમને પ્રભુએ ઉપર લઇ લીધા. એક હનોખ અને બીજો એલિયાહ !!! છે નિવૃત્તિ ?

## ખાલી કબર

**અને સાંજ પડી ત્યારે યૂસફ નામે અરિમથાઈનો એક દ્રવ્યવાન માણસ કે જે પોતે પણ ઈસુનો શિષ્ય હતો, તે આવ્યો. તેણે પિલાત પાસે જઈને ઈસુની લાશ** માગી. ત્યારે પિલાતે તે તેને સોંપવાની આજ્ઞા આપી પછી યૂસફે લાશ લઈને શણના સફેદ લુગડામાં તે વીંટાળી, અને ખડકમાં ખોદાવેલી પોતાની નવી કબરમાં તેને મૂકી, અને એક મોટો પથ્થર કબરના મોં પર ગબડાવીને તે ચાલ્યો ગયો. પછી તેઓ ગયા ને પથ્થર પર મહોર કરીને તેઓએ કબર પર જાપતો રાખ્યો, અને ચોકીદારો તેમની સાથે હતા. અને વિશ્રામવારની આખરે અઠવાડીયાને પહલે દહાડે પોહ ફાટ્યો ત્યારે મગ્દલાની મરીયામ તથા બીજી મરિયમ કબરને જોવા આવી. અને જુઓ મોટો ધરતીકંપ થયો કેમ કે પ્રભુનો દૂત આકાશથી ઉતર્યો ને ત્યાં આવીને કબરના મોં પરથી પથ્થરને ગબડાવીને તેને પર બેઠો. તેનું રૂપ વીજળીના જેવું ને તેનું લુગડું બરફના જેવું ઉજળું હતું અને તેની ધાકથી ચોકીદારો ધ્રુજી ગયાને મરણતોલ થઇ ગયા. ત્યારે દૂતે તે સ્ત્રીઓને કહ્યું બીહોમાં, કેમકે હું જાણું છું કે વધસ્તંભે જડાયેલા ઇસને તમે શોધો છો. પણ તે અહીં નથી, કેમકે તેના કહ્યા પ્રમાણે તે ઉઠ્યો છે. આવોને જુઓ જ્યાં ઈસુ સૂતો હતો તે જગા (કબર) જુઓ ખાલી છે.

જે ઈસુ કબરમાંથી બીજાઓને બહાર કાઢવા માટે શક્તિમાન છે. તે શું કબરમાં રહી શકે ? હરગીજ નહિ ! માટે જ લાજરસનું ઉત્તમ ઉદાહરણ આપણને મોટો પડકાર આપે છે. યોહાન ૧૧:૩૮ થી ૪૪ તેથી ઈસુ ફરીથી નિસાસો મૂકીને કબર આગળ આવ્યો અને કહે છે કે પથ્થરને ખેસડો માર્થા તેને કહે છે કે, પ્રભુ,

હવે તો તે ગંધાતો હશે કેમકે આજ તેને ચાર દહાડા થયા. ઈસુ તેને કહે છે જો તું વિશ્વાસ કરશે તો તું દેવનો મહિમાં જોશે. અને કબર આગળ આવી. બાપની પાસે પ્રાર્થના અને આભાર સાથે - આસપાસના લોકો વિશ્વાસ કરે માટે તેણે ઊંચે સ્વરે પોકાર્યુ કે ''લાજરસ બહાર આવ'' ત્યારે જે મરી ગયેલો લાજરસ કફનથી હાથે અને પગે વિંટાયેલો બહાર આવ્યો. તેના મોં પર રૂમાલ બાંધેલો હતો. ઈસુએ કહ્યું એના બંધન છોડી નાંખો અને તેને જવા દો. - એ જ રીતે માર્ક : ૫ : ૧ થી ૨૦માં જણાવ્યા પ્રમાણે ગેરસાનીઓના દેશમાં કબ્રસ્તાનમાં અશુદ્ધ આત્મા વળગેલો એક માણસ ઈસુને મળ્યો. તેને પગે લાગીને મોટે સાદે પોકારીને બોલ્યો ઈસુ પરાત્પર દેવના ''તું મને દુઃખ ન દે'' પણ તેણે કહ્યું તું કોણ છે. તેણે ઉત્તર આપ્યો કે મારૂં નામ સેના છે કેમ કે અમે ઘણાં છીએ - અને ઈસુએ આજ્ઞા કરી અને તેઓ સર્વ ભૂંડોના ટોળામાં પેઠા. અને અશુદ્ધ આત્મા વળગેલો માણસ જે કબ્રસ્તાનમાં રહેતો હતો. તે સાજો થયો અને ઈસુએ તેને સારું કેટલું બધુ કર્યું તે દશનગરમાં પ્રગટ કરવા લાગ્યો અને સઘળાં અચંબો પામ્યા.''ઈસુએ કહ્યું, તેઓને જીવન મળે અને ભરપૂર જીવન મળે માટે હું આવ્યો છું.''

ઈસુ આજે આપણને પાપરૂપી કબરમાંથી બહાર કાઢી. લાજરસની માફક અને અશુદ્ધ આત્મા વળગેલો માણસ જે કબ્રસ્તાનમાં રહેતો હતો તેઓને જેમ બંધનમુક્ત કર્યા તેમજ ઈસ્ટર પર્વે - ઈસુ આપણને પાપરૂપી કબરમાંથી બહાર લાવી - આપણા ખાલી હૃદયમાં વાસો કરવા માંગે છે - જેમ ઈસુ વગર કબર ખાલી છે તેમજ ઈસુ વગર આપણું હૃદય પણ ખાલી છે. તે આપણાં હૃદયમાં પ્રવેશ કરવા માંગે છે અને આપણાં જીવનો આનંદથી ભરપૂર કરવાં માગે છે. શું તેને માટે આપણે તૈયાર છીએ.-

4BGP2